

# સેવા માટે ઉત્થાન



રુહિ સંસ્થા





પુસ્તક ૨

# સેવા માટે ઉત્થાન

રૂહિ સંસ્થા

**આ શ્રેણીના પુસ્તકો :**

રૂહિ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલા વર્તમાન શિર્ષકો નીચે મુજબ છે. આ પુસ્તકોનો ઉદ્દેશ યુવાનો અને વયસ્કાને તેમના સમુદાયોની સેવા કરવા માટેની તેમની ક્ષમતાનો વિકાસ કરવાના પધ્ધતિસર પ્રયત્નમાં પાઠયક્રમોની મુખ્ય શ્રેણી તરિકે ઉપયોગ કરવાનો છે. રૂહિ સંસ્થા પાઠયક્રમોના એક એવા સેટનો પણ વિકાસ કરી રહેલ છે જે બહાઈ બાળવર્ગના શિક્ષકોની તાલીમ માટે આ શ્રેણીના ત્રીજા પુસ્તકમાંથી શાખાના રૂપમાં વિકાસ પામે છે, તેની સાથે કિશોર જૂથોના અનુપ્રેરકો તૈયાર કરવા માટે પાંચમાં પુસ્તકમાંથી બીજા એક સેટનો શાખાના રૂપમાં વિકાસ થાય છે. આ બધાનો પણ નીચેની સુચિમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક વાતની નોંધ લેવી જોઈએ કે, ક્ષેત્રમાંથી પ્રાપ્ત અનુભવને આધારે સુચિમાં ફેરફાર થઈ શકે છે, અને જેમ જેમ વિકસિત થઈ રહેલા અનેક પાઠયક્રમો એવા તબક્કે પહોંચતા જાય કે જયારે તેને વિશાળ પાયે ઉપલબ્ધ કરાવી શકાય તેમ તેમ, તેમાં નવા શિર્ષકોનો ઉમેરો કરવામાં આવશે.

| | |
|---|---|
| પુસ્તક ૧ | દિવ્ય જીવન : એક ચિંતન |
| પુસ્તક ૨ | સેવા માટે ઉત્થાન |
| પુસ્તક ૩ | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૧ |
| | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૨ (શાખા પાઠયક્રમ) |
| | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૩ (શાખા પાઠયક્રમ) |
| | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૪ (શાખા પાઠયક્રમ) |
| પુસ્તક ૪ | જોડિયા અવતારો |
| પુસ્તક ૫ | કિશોરોની શક્તિઓને વિમુક્ત કરવી |
| | પ્રારંભિક જુસ્સો : રૂહિ ૫ નો પહેલો શાખા પાઠયક્રમ |
| | વર્તુળનું વિસ્તરણ કરવું : રૂહિ ૫ નો બીજો શાખા પાઠયક્રમ |
| પુસ્તક ૬ | પ્રભુધર્મનું શિક્ષણ |
| પુસ્તક ૭ | સેવાના માર્ગ પર સાથે મળીને ચાલવું |
| પુસ્તક ૮ | બહાઉલ્લાહની સંવિદા |
| પુસ્તક ૯ | ઐતિહાસિક દૃષ્ટિકોણ પ્રાપ્ત કરવો |
| પુસ્તક ૧૦ | જીવંત સમુદાયોનું નિર્માણ |
| પુસ્તક ૧૧ | ભૌતિક સાધનો |
| પુસ્તક ૧૨ | (આગામી) |
| પુસ્તક ૧૩ | સામાજિક ક્રિયામાં સંલગ્ન થવું |
| પુસ્તક ૧૪ | (આગામી) |

Copyright © 2022 by the Ruhi Foundation, Colombia
All rights reserved. Edition 2.1.1.PE published in March 2022
Printed in India

Originally published in Spanish as *Levantémonos a servir*
Copyright © 1987, 1996, 2020 by the Ruhi Foundation, Colombia
ISBN 978-958-52941-0-3

Permission for a limited printing of this book in Gujarati has been granted to Baha'i Training Institute of Gujarat by the Ruhi Institute.

Ruhi Institute
Cali, Colombia
Email: instituto@ruhi.org
Website: www.ruhi.org

Baha'i Training Institute of Gujarat
Baha'i Bhavan, Plot 395, Sector 30,
Gandhinagar, Gujarat - India 382030
Email: tibgujarat@ibnc.in

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ટ્યુટર માટે થોડા વિચારો | ૫ |
| શિક્ષણનો આનંદ | ૯ |
| ઉન્નત વાર્તાલાપો | ૨૩ |
| દૃઢિકરણના વિષયો | ૪૩ |

## ટ્યુટર માટે થોડા વિચારો

રૂહિ સંસ્થા દ્વારા પ્રસ્તુત પાઠયક્રમોની મુખ્ય શ્રેણીમાં આ બીજું પુસ્તક છે, જેનો સબંધ એવા સામર્થ્ય સાથે છે જે આપણને અર્થપૂર્ણ અને ઉન્નત વાર્તાલાપોમાં યોગદાન આપવા સક્ષમ બનાવે છે. આ પુસ્તક જે ચોક્કસ સેવાના કાર્ય ઉપર કેન્દ્રિત છે તેનું ત્રીજા એકમમાં વર્ણન કરવામાં આવ્યું છે. એક એવી દુનિયા જેમાં શક્તિશાળી તાકતો સમુદાયના સબંધોને છીન્નભિન્ન કરી રહી છે તેમાં, સમાજના જીવનના કેન્દ્રમાં રહેલા વિષયોની ચર્ચા કરવા માટેની મિત્રો અને પડોશીઓની તેમના ઘરોમાં આયોજિત મુલાકાતોની પ્રથા, જો તે સંસ્કૃતિનું એક આગવું લક્ષણ બની જાય છે તો, તે વધતા જતા અળગાપણું દ્વારા ઉત્પન્ન થતી કેટલીક બીમારીઓનો ઈલાજ કરી શકે છે. એવી રીતે ભાઈચારાના સબંધોનું નિર્માણ થાય છે, આ એકમ જીવંત અને સદ્‌ભાવપૂર્ણ સમુદાયોના નિર્માણની પ્રક્રિયાને મજબૂત બનાવવા માટે સેવા કરવાનું સુચન કરે છે.

એક મહોલ્લા કે ગામમાં લેવામાં આવતી ઘરોની મુલાકાતનો અવિરત કાર્યક્રમ એક સંગઠનના સ્તરનું આહ્‌વાન કરે છે, જેમાં સમર્પિત મિત્રોના એક નાભિકનો સમાવેશ થાય છે જેને આવશ્યક વહીવટીય સંસ્થાઓ અને સમિતિઓની સહાયતા મળે છે. આ પુસ્તક દ્વારા એક જૂથને માર્ગદર્શન આપતાં, ટ્યુટરે ધ્યાનમાં રાખવું જોઈએ કે સહભાગીઓને એક અવિરત પ્રયત્નમાં સામેલ થવા માટે તૈયાર કરવામાં આવી રહ્યું છે. તેમના અભ્યાસના એક ઘટક તરીકે તેમના માટે આયોજિત મુલાકાતોએ વર્ષો-વર્ષ આ પ્રયત્નમાં ભાગ લેવા માટેની વચનબધ્ધતા, સેવામય જીવનના એક મહત્વપૂર્ણ તત્વ તરફ દોરવણી આપવી જોઈએ.

આધ્યાત્મિક અને સામાજિક રીતે મહત્વપૂર્ણ વિષયોની ચર્ચા કરવાના સ્પષ્ટ ઉદ્વેશ માટેની ઘરોની મુલાકાતોની પ્રથા સ્પષ્ટપણેં એક સમુદાયની સંસ્કૃતિને સમૃદ્ધ બનાવે છે. આ સંદર્ભમાં બીજી અનેક અનૌપચારિક ચર્ચાઓ એટલી જ મહત્વની છે જે ઘરમાં અને કામની જગ્યાએ, શાળામાં અને બજારમાં ઘટીત થાય છે. તેથી, સમયે સમયે દરરોજના વાર્તાલાપમાં આધ્યાત્મિક સિધ્ધાંતોનો પરિચય આપવો, આ એક એવી ક્ષમતા છે જેના ઉપર ધ્યાન આપવાની જરૂર છે. તેનો વિકાસ એ બીજા એકમનું કેન્દ્ર છે, એવી રીતે તે ત્રીજા એકમના અભ્યાસ માટે એક પાયાની રચના કરે છે.

જો મિત્રો અને પડોશીઓ સાથેના આપણાં વાર્તાલાપોને ઉન્નત બનાવવા હોય તો, તેમની સાથેની આપણી ચર્ચાઓમાં આનંદ મેળવવા માટે આપણે સક્ષમ બનવું જોઈએ. આ એવો વિષય છે જેની "શિક્ષણનો આનંદ" નામના પહેલા એકમમાં ચર્ચા કરવામાં આવી છે. રૂહિ સંસ્થા દ્વારા ભલામણ કરવામાં આવતા બધા સેવાના કાર્યોમાં, તેના સારત્વની રીતે, દિવ્ય વિવેકના મોતીઓની બીજા સાથે આપ-લે કરવાનો સમાવેશ થાય છે, જે આપણે બહાઉલ્લાહના પ્રગટીકરણના મહાસાગરમાંથી શોધી કાઢીએ છીએ. પહેલા એકમનો ઉદ્વેશ આ પ્રયત્નમાં વિદ્યમાન આનંદની જાગૃતિમાં વધારો કરવાનો છે. કેટલાક વિભાગો દરમિયાન સહભાગીઓને ઈશ્વરના શબ્દો અને બીજા સાથે તેની આપ-લે કરવી, એ કેટલો મોટો આશીર્વાદ છે તેના વિશે વિચાર કરવાનું કહેવામાં આવ્યું છે. આ એકમ સુચન કરે છે કે આ કાર્યમાંથી એવા આનંદનો ઉદય થાય છે, જે આપણેં જયારે સેવાના માર્ગ પર ચાલીએ છીએ ત્યારે આપણા પગલાંમાં પ્રાણ પૂરે છે. પરંતું, આ ગહન આધ્યાત્મિક હકીકતમાં સંપૂર્ણ વિશ્વાસ હોવા છતાં, જો આપણે એવા ગુણો અને વલણો ઉપર વિચાર નહી કરીએ જેણેં સેવાને વિશિષ્ટ બનાવવું જોઈએ, તો આપણે શિક્ષણનો આનંદ ગુમાવી શકીએ છીએ. તે આ શ્રેણીના આગામી અનેક પુસ્તકોમાં ચર્ચાનું કેન્દ્ર છે અને તેમાંથી ખૂબજ થોડી બાબતોની અહિ સમીક્ષા કરવામાં આવી છે, જેની અનાસક્તિ સાથે વિભાગ ૭ માં શરૂઆત થાય છે. બહાઈ લખાણોમાંથી લેવામાં આવેલા અવતરણોનું એક સંકલન આ ગુણ પરના ચિંતન માટેના આધારની રચના કરે છે, જો બાહ્ય પરિબળોને સેવાના આનંદને ઝાંખો નહી પાડવા દેવું હોય તો આ ગુણ અનિવાર્ય છે. સહભાગીઓ ખોટી ધારણા સાથે તેમના અભ્યાસમાંથી બહાર નહી આવે કે અનાસક્તિનો અર્થ લાપરવાહી અને કાળજીનો અભાવ છે, તેનું ધ્યાન રાખવું મહત્વનું છે. આપણેં આપણા પ્રયત્નોને સઘન બનાવવાનો અને જેમ જેમ આપણે વધારે ને વધારે સારા પરિણામો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા હોઈએ તેમ તેમ

આપણી સેવાની પ્રભાવશીલતામાં વધારો કરવાનો સતત પ્રયત્ન કરવો જોઈએ. તેના માટે પ્રયત્નની પ્રકૃતિની પર્યાપ્ત સમજ હોવી જરૂરી છે, જેની વિભાગ ૮ માં ચર્ચા કરવામાં આવી છે. આશાવાદીપણું અને કૃતજ્ઞતા સેવાના માર્ગના મૂળભૂત એવા બે વલણો છે, જેની તેના પછીના અને અંતિમ વિભાગમાં ટૂંકમાં ચર્ચા કરવામાં આવી છે.

આ પુસ્તકનો બીજો એકમ, "ઉન્નત વાર્તાલાપો" જયારે પ્રસંગ અનુમતિ આપે ત્યારે આધ્યાત્મિક સિધ્ધાંતોનો સંદર્ભ દ્વારા અનૌપચારિક વાર્તાલાપોના સ્તરને ઉન્નત કરવાની ક્ષમતા ઉપર કેન્દ્રિત છે. તેમાં વિભિન્ન વિષયો પરના અનેક ટૂંકા કથનોનો સમાવેશ થાય છે, જે ચોક્કસ અવતરણો નહી હોવા છતાં, તે અબ્દુલબહાના વક્તવ્યો ઉપર આધારિત છે અને તેમાં તેમણેં ઉપયોગમાં લીધેલા અનેક શબ્દો અને વાક્યરચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિશ્વવ્યાપી અપીલના સંદર્ભમાં, તે બધી પૃષ્ઠભૂમિના લોકોની આકાંક્ષાઓ અને ચિંતાઓ વિશે ચર્ચા કરે છે. આશા રાખવામાં આવે છે કે, આ કથનોના અભ્યાસ દ્વારા, સહભાગીઓ પ્રેરણા પ્રાપ્ત કરશે કે અબ્દુલબહા કેવી રીતે આધ્યાત્મિક સિધ્ધાંતોનું વર્ણન કરતા હતા અને જયારે તેઓ એવા રત્નો શોધવાનો, તેના પિતાના શિક્ષણોનો અર્થ અને તેનું મહત્વ સમજવાનો, અને તેની ઉદારપણે બીજા સાથે આપ-લે કરવાનો પ્રયત્ન કરશે જે બહાઉલ્લાહના પ્રગટીકરણના મહાસાગરમાં છુપાયેલા છે, ત્યારે તેઓ અબ્દુલબહા તરફ જોવાની આદત પાડશે.

આ એકમનો ઉદ્વેશ હાંસલ કરવા માટે, સભાગીઓને અવસર પૂરો પાડવો જોઈએ કે તેઓ કેટલીક વાર દરેક કથનનું પુનરાવર્તન કરે, વિચારોનો ક્રમ નક્કી કરે અને જયાં સુંધી તેઓ આ વિચારોને આત્મસાત નહી કરી લે કે જેથી તેઓ તેને સહજ રીતે પ્રસ્તુત કરી શકે ત્યાં સુંધી તેનું વર્ણન કરવાનો મહાવરો કરી શકે. શરૂઆતમાં, કેટલાક સહભાગીઓ મૂળભૂત રીતે વિધાનો મોઢે કરી લેશે અને આ વિધાનો જેવી રીતે એકમમાં પ્રસ્તુત છે, મહદઅંશે તે મુજબ તેનું પુનરાવર્તન કરશે, તેની અપેક્ષા રાખવી જોઈએ. જેમ જેમ પ્રભુધર્મ વિશેનું તેમનું જ્ઞાન ગહન થતું જશે અને તેમનો અનુભવ વધતો જશે તેમ તેમ, વિષયોની વિશાળ શ્રેણી અને વધારે સમૃદ્ધ શબ્દાવલી તેમની પહોંચમાં હશે, જે બીજા સાથેની ચર્ચાઓમાં પ્રતિબિંબિત થશે. ટયુટરે સમજી લેવું જોઈએ કે, આ તબકકે, શિક્ષણોનું વર્ણન કરવામાં સરળતા અને અબ્દુલબહાના વિચારો સાથે સંરેખિત કરવાના એક પરિમાણની, બેવડી અપેક્ષા રાખવામાં આવે છે.

જૂથના સભ્યો દરેક કથનની વિષયવસ્તુની પ્રસ્તુતિ કરવાનું શીખી લે તેના પછી, તેઓ બીજી પ્રવૃતિ તરફ આગળ વધે છે જેમાં તેઓ જે વિચારોનો અભ્યાસ કરી ગયા છે તેને તેમના પરિવારો, મિત્રો અને સહકર્મીઓને લાગુ પડતા હોય એવા મુદ્દાઓ સાથે સરખામણી કરવા માટે તેમને પ્રોત્સાહન આપવામાં આવે છે. તેના સંદર્ભમાં, તેમને વાર્તાલાપ દરમિયાન ઉદ્દભવેલા કેટલાક વિષયો અને પ્રશ્નો વિશે વિચાર કરવાનું અને નક્કી કરવાનું કહેવામાં આવે છે કે કયા વિષયો અને પ્રશ્નો, ચર્ચા દરમિયાન આ વિચારોને પ્રસ્તુત કરવાની સંભવના પુરી પાડશે. થોડા વિધાનો માટે, અબ્દુલબહા દ્વારા પ્રતિપાદિત આધ્યાત્મિક સિધ્ધાંતો કેવી રીતે એવા વિષયો પર પ્રકાશ પાડે છે જેને દરેક જગ્યાના લોકો સાથે નિસ્બત છે, તેના એક-બે ઉદાહરણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જો અભ્યાસ હજુ ચાલુ હોય ત્યારે, ટયુટર દરેક સભ્યને કોઈ એક કથન અને થોડી વ્યક્તિઓ જેની સાથે તેમાં સમાયેલા વિચારો વિશે વાર્તાલાપ કરી શકાય તેની પસંદગી કરવામાં મદદ કરશે, તો આ સ્વાધ્યાય બહેતર ફળ આપશે. આવી રીતે, સાથે મળતા હોય ત્યારે, તેઓ જે વાર્તા-લાપમાં જોડાયા છે તેની ગતિશીલતા વિશે બીજા સમક્ષ વર્ણન કરવાના હેતુથી સહભાગીઓ માટે સમય ફાળવી શકાય છે.

આ એકમમાં દરેક કથનના સંદર્ભમાં, મોઢે કરવા માટે બહાઉલ્લાહના લખાણોમાંથી થોડા અવતરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મોઢે કરવા ઉપર રૂહિ સંસ્થા જે પ્રકારનો ભાર આપે છે, તે આ શ્રેણીના પહેલા પુસ્તકમાં પહેલાંથી જ સ્પષ્ટ થઈ ગયું છે, અને તે પુસ્તક ૨ માં વધારે ગહન બને છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, હમણાં સુંધીમાં, સમયે સમયે સહભાગીઓ પવિત્ર લખાણોમાંથી જે અવતરણો મોઢે

કરે છે તેમાંથી તેઓ જે આધ્યાત્મિક પોષણ મેળવે છે તેનાથી સભાન થઈ ગયા હશે. તેથી, આ પુસ્તકમાં તેઓ માનવ હૃદય ઉપર ઈશ્વરના શબ્દોની અસરો વિશે વધારે ચિંતન કરશે, અને ત્રીજા એકમમાં, બીજા એકમની જેમ, સમુચિત હોય ત્યારે તેઓ પવિત્ર લખાણોમાંથી પ્રાપ્ત સિધ્ધાંતો અને વિચારોને તેમની વાણીમાં પ્રસ્તુત કરશે, અથવા અવતરણોનો સીધે સીધો ઉપયોગ કરશે. શિક્ષણોનું ચોકસાઈપૂર્વક વર્ણન કરવું, તેના શુદ્ધ સ્વરૂપમાં તેને બીજાને આપવું, આ એવું સામર્થ્ય છે જેનો જયારે સેવાના માર્ગે ચાલીએ છીએ ત્યારે, આપણે બધા વિકાસ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. અબ્દુલબહાનું વિવરણનો અભ્યાસ કરીને તેઓ જે રીતે તેને પ્રસ્તુત કરતા હતા એવી રીતે પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરવાની શરૂઆત કરવી, તે એક ઉત્તમ અવસર છે જે બીજા એકમના ઢાંચાનો મૂળભૂત આધાર છે.

ઉપર સંકેત આપવામાં આવ્યો છે તે મુજબ, ત્રીજો એકમ જેનો શિર્ષક “દૃઢિકરણના વિષયો” છે તે આ પુસ્તકમાં પ્રસ્તુત સેવાનું કાર્ય એટલે કે, સમુદાયના જીવન માટે મહત્વપૂર્ણ એવી ચર્ચાઓમાં સંલગ્ન થવાના સ્પષ્ટ ઉદ્ધેશ માટેની મિત્રો અને પડોશીઓની મુલાકાત લેવા તરફ વળે છે. આ એકમમાં ત્રણ પ્રકારના વાર્તાલાપોની કલ્પના કરવામાં આવી છે, તેમાંથી દરેક પ્રકાર માટે, ચોક્કસ સાહિત્યનું સુચન કરવામાં આવ્યું છે. પહેલો પ્રકાર પધ્ધતિસર મુલાકાતોના એક કાર્યક્રમમાં એક ગામ કે મહોલ્લાના નિવાસીઓ સાથે ચર્ચા કરવાના વિષયોની એક શ્રેણીની ફરતે પરિભ્રમણ કરે છે. તેમાં દર્શાવેલ વિષયની અનેક રીતે, રસ ધરાવતા શ્રોતાઓ સાથે સારી રીતે આપ-લે કરી શકાતી હોવા છતાં, આ વિષયોનો મૂળ ઉદ્ધેશ -એક કુટુંબના સભ્યોને પ્રભુધર્મના તેમના જ્ઞાનને દૃઢ કરવાનો અવસર પૂરો પાડવો - સૌથી વધારે સુસંગત રહે છે. તેથી, આ એકમનો મોટાભાગનો હિસ્સો, આ પ્રકારના વાર્તાલાપ માટે ફાળવવામાં આવ્યો છે.

આમછતાં, તાજેતરના વર્ષોમાં ઘરોની મુલાકાતોની પ્રથાએ, ખાસ કરીને ગામ અને શહેરના મહોલ્લાના સ્તર સુંધી, નાનામાં નાના ભૌગોલિક એકમોના સ્તર સુંધી, એક નવો આયામ લીધો છે, જેને કારણે એવી વ્યક્તિઓની સંખ્યામાં વધારો થયેલો જોવા મળ્યો છે જેઓ ટયુટર તરીકે, કિશોર જૂથોના અનુપ્રેરક તરીકે, અને બાળ વર્ગોના શિક્ષકો તરીકે કાર્ય કરી શકે. નોંધપાત્ર રીતે, આ પ્રથા પ્રભુધર્મના જ્ઞાનનો પ્રસાર કરવાના ઉદ્ધેશ માટે આવશ્યક પુરવાર થઈ છે એટલું જ નહી પરંતું, તે કિશોરોના આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમ માટે અને બાળકોની આધ્યાત્મિક કેળવણીના સફળ વિકાસ માટે પણ આવશ્યક પુરવાર થઈ છે. તેમાં, એક વાત સ્પષ્ટ થઈ છે કે આ બે કાર્યક્રમોમાં, બાળકોનું ઘડતર કરતા ખ્યાલો અને અભિગમોની તેમના માતા-પિતા સાથે ચર્ચા કરવા માટે અનુપ્રેરકો અને શિક્ષકોને તેમની નિયમિત મુલાકાતોનું આયોજન કરવાની જરૂર પડે છે. આવી ચર્ચાઓમાં બીજા પ્રકારના વાર્તાલાપોનો સમાવેશ થાય છે, જેની વિભાગ ૧૪ અને ૧૫ માં સમીક્ષા કરવામાં આવી છે. આ વિભાગોમાં સામેલ વિષયની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી નથી, કારણકે સહભાગીઓ ભવિષ્યમાં આ બે કાર્યક્રમોથી વધારે પરિચિત થશે. પરંતું તેમના માટે, આ પ્રકારના વાર્તાલાપોના મહત્વથી વાકેફ થવું તથા બાળકોના શિક્ષકો અને કિશોર જૂથોના અનુપ્રેરકોને માતા-પિતા સાથેની તેમની મુલાકાતોમાં સંગાથ આપવો, આ શરૂઆતના તબક્કે સૌથી ફળદાયી પુરવાર થઈ શકે છે.

આ એકમમાં ઉદ્ધેશિત ત્રીજા પ્રકારનો વાર્તાલાપ એક વિશેષ ઉદ્ધેશ પૂરો કરે છે. અનેક યુવા પુરૂષો અને સ્ત્રીઓ એવા માર્ગોની શોધમાં હોય છે જેના દ્વારા દુનિયાની પ્રગતિમાં યોગદાન આપવાની તેમની તીવ્ર ઈચ્છા અભિવ્યક્તિ પ્રાપ્ત કરી શકે. તેઓ સમાજમાં બદલાવ લાવવાની ક્ષમતાના એક વિશાળ ખજાનાનું પ્રતિનિધિત્વ કરે છે, જે રાહ જોઈ રહ્યા છે, એટલું જ નહી પરંતું તેનો ઉપયોગ કરવામાં આવે એવી તીવ્ર આકાંક્ષા રાખી રહ્યા છે. સમવયના સાથીઓ સાથેનો વાર્તાલાપ જેમાં તેઓ યુવાવસ્થાની અદ્વિતિય તકો અને જવાબદારીઓ વિશે ચિંતન કરે છે, તેની ઉર્જા અને અસામાન્ય ક્ષમતા સાથે, ઘણીવાર તે સેવા વિશેની ચર્ચા તરફ લઈ જાય છે તથા આખા વિશ્વમાં ગામો અને મહોલ્લાઓમાં ચાલી રહેલા કાર્યમાં રૂચી ઉત્પન્ન કરે છે. તેના પરિણામે, અનેક મિત્રો, બાળ વર્ગના શિક્ષકો અને કિશોર જૂથોના અનુપ્રેરકો તરીકે યુવા પેઢીને આધ્યાત્મિક કેળવણી પુરી પાડવાની ક્ષમતા પ્રાપ્ત કરવાના એક માધ્યમ તરીકે તાલીમ સંસ્થાના

પાઠયક્રમોમાં સહભાગી થવાના આમંત્રણનો સ્વીકાર કરે છે. વિભાગ ૯ અને ૧૦ માં કેટલાક વિચારોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેની આ પ્રકારના વાર્તાલાપમાં ચર્ચા કરી શકાય છે.

વ્યક્તિઓને અર્થપૂર્ણ વાર્તાલાપની શરૂઆત કરવાના અને તેને જાળવી રાખવાના સામર્થ્યને પ્રબળ કરવા માટે, આ એકમ, વિશાળ વિષયવસ્તુઓ અને તેને સબંધિત વિષયોનું સુચન કરવાથી આગળ જાય છે તેમાં કોઈ શંકા નથી. આ વિચારોનું સ્પષ્ટ રીતે વર્ણન કરવાની ક્ષમતાની સાથે, સહભાગીઓને જરૂરી વલણો અને આધ્યાત્મિક ગુણોનો વિકાસ કરવાની જરૂર છે. આ આધારભૂત એવા મોટાભાગના વિષયો, જેનું આ એકમમાં અનાવરણ થાય છે, પરંતું સામર્થ્યના સંદર્ભમાં તેના મહત્વના પ્રશ્નની વિભાગ ૪ માં સ્પષ્ટતા કરવામાં આવી છે, જયાં એક મુલાકાત માટેની તૈયારી કરતી વખતે કયા પ્રકારની લાગણીઓ અને વિચારોથી આપણા હૃદય અને મન સભર હોવા જોઈએ તેના વિશે સહભાગીઓ વિચાર કરે છે, અને વિભાગ ૫ માં તેઓ વિનમ્રતા ઉપર ચિંતન કરે છે. ટયુટર સુનિશ્ચિત કરવાની ઈચ્છા રાખશે કે આ વિભાગો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે, કારણકે આપણે ગમે તેટલું જ્ઞાન પ્રાપ્ત કરીએ છતાં, આપણે ગમે તેટલી સારી રીતે વિચારોનું વર્ણન કરીએ છતાં, આપણા વાર્તાલાપોની પ્રભાવશીલતા આપણે તેમની સમક્ષ જે ગુણો અને વલણો દર્શાવીએ છીએ તેના ઉપર નિર્ભર હશે.

એક વાતનું ધ્યાન રાખવું જોઈએ કે પુસ્તકોની આ શ્રેણીમાં જે સેવાના કાર્યોનું વર્ણન કરવામાં આવ્યું છે તે, સમુદાયની પ્રગતિ અને વિકાસના કેન્દ્રમાં હોવા છતાં, તે એવી પ્રક્રિયાના બધા તત્વોથી પર છે જે અભ્યાસ અને ક્રિયા દ્વારા વ્યક્તિગત ક્ષમતાનો વિકાસ કરવાનો પ્રયત્ન કરે છે. એક વાત દરેક ટયુટરે સમજી લેવી જોઈએ કે આ કાર્યો એક પછી બીજા પુસ્તકોમાંથી જટિલતાના સંદર્ભમાં એકબીજા ઉપર નિર્માણ કરે છે. સેવાના દરેક કાર્યનો પ્રભાવશાળી અમલ કરવા માટે મહત્વપૂર્ણ પુરવાર થતી ક્ષમતા તેના પછીના કાર્ય માટે જરૂરી છે. એક ઘરની કેટલીક મુલાકાતો દરમિયાન નિયમિત વાર્તાલાપોને જાળવી રાખવા માટે, આ પુસ્તકમાં સુચન કરવામાં આવ્યું છે તે મુજબ, તે સ્પષ્ટપણે પુસ્તક ૧ માં પ્રોત્સાહિત કરવામાં આવેલી પ્રવૃતિ, એટલે કે પોતાના ઘરમાં કે થોડા બીજા લોકો સાથે મળીને એક નિયમિત ભક્તિ સભાનું આયોજન કરવા કરતાં વધારે અપેક્ષાયુક્ત છે. અને આગળ જતા વધારે જટિલ સેવાના કાર્યોનું સંચાલન કરવા માટે, અહિં પ્રસ્તુત સામર્થ્યનો વિકાસ કરવામાં સહભાગીઓ માટે તે કેટલું આવશ્યક છે તે સમજવું કઠીન નથી.

પુસ્તક ૧ ની પરિચયાત્મક નોંધમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મુજબ, વિશ્વભરમાં વિભિન્ન પૃષ્ઠભૂમિમાંથી સહભાગીઓ તાલીમ સંસ્થાના પાઠયક્રમોમાં આવે છે, બહાઈ શિક્ષણો સાથેના પરિચયના સંદર્ભમાં તેઓ અલગ અલગ સ્તરે હોય છે. તેઓ બીજા પુસ્તકની શરૂઆત કરશે ત્યાં સુંધીમાં, ખરેખર તેમણેં આ પાઠયક્રમો દ્વારા ખોલવામાં આવેલા સેવાના માર્ગ પર ચાલવાનો પ્રારંભ કરી લીધો હશે. પરંતું કેટલાક તફાવતો કાયમ રહેશે. યુવાનોના કિસ્સામાં, ઉદાહરણ તરીકે, તેઓ બાળકો અને કિશોરો માટેના શૈક્ષણિક કાર્યક્રમોમાંથી પસાર થાય ત્યાં સુંધી, આ પુસ્તકમાં પ્રસ્તુત ઘણા વિધાનો અને વિષયો તેમના માટે નવા હશે, તેનો અભ્યાસ પ્રભુધર્મ વિશેના તેમના પોતાના જ્ઞાનને દૃઢ કરવા માટેનું એક માધ્યમ પુરવાર થશે. જૂથના દરેક સભ્યમાં એવી સમજદારીનો વિકાસ કરવા માટે આવશ્યક લચકતા અને સર્જનાત્મકતાનું નિદર્શન કરવા માટે ટયુટરે હંમેશા તૈયાર રહેવું જોઈએ, તેની સાથે સુનિશ્ચિત કરવું જોઈએ કે, અર્થપૂર્ણ અને ઉન્નત વાર્તાલાપમાં જોડવામાં સહભાગીને સક્ષમ બનાવવાનો, પાઠયક્રમનો મુખ્ય ઉદ્વેશ હાંસલ કરવામાં આવે છે. હજારો સમુદાયોમાં જયાં આ પુસ્તકનો ઉપયોગ કરવામાં આવે છે તેમાં, આ ત્રણ એકમો જે સમુદાય નિર્માણની પ્રક્રિયામાં યોગદાન આપવાનો પ્રયત્ન કરે છે તે વિકાસના એક સમાન બિંદુએ નથી. તેથી, જે શીખવામાં આવી રહ્યું છે તેનો કાર્યમાં અમલ કરવું એ એક સમુદાયથી બીજા સમુદાયમાં પ્રમાણમાં અલગ આકાર ધારણ કરી શકે છે, અને તે પણ, સંભાળ અને ગહનતાનો સંકેત પૂરો પાડે છે, જેના સંદર્ભમાં એક ટયુટરે આ પુસ્તકના અભ્યાસમાં આગળ લઈ જતા જૂથના દરેક સભ્યની જરૂરીયાતોનો પ્રતિભાવ આપવો જોઈએ.



# શિક્ષણનો આનંદ

### ઉદ્દેશ

એમ સમજવું કે ઈશ્વરના શબ્દોની
બીજા સાથે આપ-લે કરવાની ક્રિયામાં જ
શિક્ષણનો આનંદ રહેલો છે.

## વિભાગ ૧

સેવા માટે ઉત્થાન એ રૂહિ સંસ્થા દ્વારા પ્રસ્તુત પાઠયક્રમોની શ્રેણીમાં બીજો પાઠયક્રમ છે જે અભ્યાસ અને ક્રિયાને એકસાથે જોડે છે. તેનો હેતુ બેવડો ઉદ્દેશ : -તમારો પોતાનો આધ્યાત્મિક અને બૌધિક વિકાસ હાંસલ કરવો તથા સમાજના પરિવર્તનમાં યોગદાન આપવું -ને પરિપૂર્ણ કરવા માટે જયારે તમે સેવાના માર્ગ પર પ્રવેશ કરો છો ત્યારે તેમાં વધારે પ્રગતિ કરવામાં તમારી મદદ કરવાનો છે. પહેલા પાઠયક્રમમાં તમારી સહભાગીતાથી, તમે પહેલાંથી જ સમજી ગયા હશો કે આપણે જે માર્ગનો સંદર્ભ આપીએ છીએ તેની સેવાના કાર્યોની એક શ્રેણી દ્વારા વ્યાખ્યા કરી શકાય છે, એવા કાર્યો જેનો બહાઉલ્લાહના લખાણોમાં ઉદ્દેશિત એક નવી વિશ્વ વ્યવસ્થાના લક્ષ્ય ઉપર આપણી દૃષ્ટિ કેન્દ્રિત કરીને અમલ કરીએ છીએ. તેથી, જેને આપણે "સેવાના માર્ગ પર ચાલવું" તરીકે ઓળખીએ છીએ તેમાં બહાઉલ્લાહના શિક્ષણોને આપણા પોતાના જીવનમાં અને માનવજાતના જીવનમાં અમલ કરવાના આપણા પ્રયત્નોનો સમાવેશ થાય છે. તેઓ પોતે જ આ શબ્દોમાં તેના પ્રગટીકરણ વિશે વાત કરે છે :

> **"હે મારા સેવકો ! મારા પવિત્ર અને દિવ્ય આદેશથી પ્રેરિત પ્રગટીકરણની તુલના એવા મહાસાગર સાથે કરી શકાય છે, જેના ઊંડાણમાં અસંખ્ય અમુલ્ય મોતી છુપાયેલા છે. પ્રત્યેક જીજ્ઞાસુનું કર્તવ્ય છે કે તે આ મહાસાગરના કિનારાને પામવા પોતાની જાતને કાર્યરત કરવાનો પ્રયત્ન કરે જેથી તેની શોધખોળની આતુરતા અને તેના પ્રયત્નોના પ્રમાણમાં ઈશ્વરની અફર અને ગુપ્ત પાતિઓમાં પૂર્વ-નિર્ધારિત લાભ પ્રાપ્ત કરી શકે."[૧]**

આ પહેલા એકમમાં, આપણા વિચારો એવા આનંદ તરફ વળે છે જે આનંદ આપણા હૃદયોને ભરી દે છે જયારે આપણે બહાઉલ્લાહના પ્રગટીકરણના મહાસાગરમાં રહેલા વિવેકના મોતી શોધી કાઢીએ છીએ અને તેની બીજા સાથે આપ-લે કરીએ છીએ. તેના લખાણોમાંથી મળતા દિવ્ય માર્ગદર્શનના મોતી કેટલા વધારે સુંદર હોય છે તેના વિશે તમે પુસ્તક ૧ ના તમારા અભ્યાસમાંથી જોઈ ગયા છો. ચાલો આપણે થોડા વધારે અવતરણો ઉપર ચિંતન કરીએ :

> **"પ્રભુની વાણી એક દીપક છે, જેનો પ્રકાશ આ શબ્દો છે : તમે એક જ વૃક્ષના ફળ અને એક જ શાખાના પાંદડા છો."[૨]**

> **"મારી નજરમાં સમસ્ત વસ્તુઓમાં સૌથી પ્રિય વસ્તુ ન્યાય છે ; જો તને મારી અભિલાષા હોય તો તેનાથી વિમુખ ન થા અને તેની ઉપેક્ષા ન કર, જેથી હું તારામાં વિશ્વાસ રાખી શકું."[૩]**

> **"જે યુગમાં તમે જીવી રહ્યા છો તેની જરૂરિયાતો વિશે વિચાર કરો તથા તેની આવશ્યક્તાઓ અને તાતી જરૂરિયાતો ઉપર તમારૂં ધ્યાન કેન્દ્રિત કરો."[૪]**

> **"આ દુનિયા નાશવંત છે, અને જે શાશ્વત છે તે ઈશ્વરનો પ્રેમ છે."[૫]**

> **"સદા-વિકસિત સંસ્કૃતિને આગળ ધપાવવા માટે બધા મનુષ્યોનું સર્જન થયું છે."[૬]**

> **"તું મારો દીપક છે અને તારામાં મારો પ્રકાશ છે. તું તેમાંથી તારું તેજ પ્રાપ્ત કર, અને મારા સિવાય અન્ય કોઈની ઝંખના ન કર. કારણકે મેં તને સમૃદ્ધ સર્જ્યો છે અને ઉદારપણે મારી કૃપા તારા પર વરસાવી છે."[૭]**

સમય જતાં તમે આ ટૂંકા અવતરણો મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો.

## વિભાગ ૨

આ એકમના મુખ્ય વિષય ઉપરની તમારી ચર્ચાની શરૂઆત કરવા માટે, અગાઉના વિભાગમાં આપેલું પહેલું અવતરણ ફરીથી વાંચો અને નીચે આપેલો સ્વાધ્યાય પૂરો કરો :

૧. નીચેના વાક્યો પૂરા કરો :
   ક. આપણું કર્તવ્ય છે કે, આપણે બહાઉલ્લાહના પ્રગટીકરણ રૂપી મહાસાગરના __________________ ને __________________ આપણી જાતને _______________ કરવાનો ______________ કરીએ.
   ખ. આપણે બહાઉલ્લાહના પ્રગટીકરણ રૂપી મહાસાગરના કિનારાને પામવાનો પ્રયત્ન કરવો જોઈએ કે જેથી આપણે આપણી શોધખોળની _______________ અને આપણા _______________ ના ______________ માં ઈશ્વરની અફર અને ગુપ્ત પાતિઓમાં પૂર્વ-નિર્ધારિત _____________ પ્રાપ્ત કરી શકીએ.
   ગ. બહાઉલ્લાહના પ્રગટીકરણ રૂપી મહાસાગરમાંથી આપણે જે લાભો પ્રાપ્ત કરીએ છીએ તે આપણી ____________________________________ ના પ્રમાણમાં હશે.

૨. પોતાની જાતને “કાર્યરત કરવું” એટલે શું? ___________________________________________

___________________________________________________________________________

૩. કંઈક “પામવા માટે પ્રયત્ન કરવો” તેનો અર્થ શુ છે? __________________________________

___________________________________________________________________________

૪. દરેક જીજ્ઞાસુએ શું પામવાનો પ્રયત્ન કરવો જોઈએ? __________________________________

___________________________________________________________________________

૫. એક વસ્તુ બીજાના “પ્રમાણમાં” હોવી તેનો અર્થ શું છે? _______________________________

___________________________________________________________________________

૬. બહાઉલ્લાહ આપણને કહે છે કે આપણે જે પ્રયત્નો કરીએ છીએ તેના પ્રમાણમાં તેના પ્રગટીકરણના મહાસાગરમાંથી લાભ પ્રાપ્ત કરીશું.

   ક. આપણા એવા પ્રયત્નોના થોડા ઉદાહરણ આપો જે આપણને આ લાભોના પ્રાપ્તકર્તા બનાવે છે :

   ___________________________________________________________________

   ___________________________________________________________________

   ___________________________________________________________________

   ___________________________________________________________________

   ___________________________________________________________________

   ખ. એવા લાભોના થોડા ઉદાહરણ આપો જે લાભો આપણે પ્રાપ્ત કરીએ છીએ:

   ___________________________________________________________________

   ___________________________________________________________________

   ___________________________________________________________________

   ___________________________________________________________________

   ___________________________________________________________________

   ___________________________________________________________________

## વિભાગ ૩

બહાઉલ્લાહનું પ્રગટીકરણ એક મહાસાગર સમાન છે જેની ગહેરાઈઓમાં અસંખ્ય મોતી છુપાયેલા છે એવું સમજીને, આપણે બધા તેના લાભોમાંથી હિસ્સો પ્રાપ્ત કરવા અને બીજાને તેના કિનારા સુંધી પહોંચવામાં મદદ કરવા માટે મહત્તમ પ્રયત્ન કરીએ છીએ. પરંતું આ મહાસાગરના કિનારા સુંધી પહોંચવાની યાત્રા કેટલી લાંબી છે ? બહાઉલ્લાહ કહે છે :

> **"હે મારા સેવકો ! એક સત્ય પ્રભુ મારા સાક્ષી છે ! આ પરમ મહાન, આ અથાગ અને ઉછાળા મારતો મહાસાગર તમારી નજીક છે, આશ્ચર્યજનક રીતે નજીક છે. જુઓ તે તમારી રક્તવાહિની કરતાં પણ વધારે નજીક છે. જો તમે ઈચ્છો તો આંખના એક પલકારામાં આ આશીર્વાદ, આ પ્રભુપ્રદત કૃપા, આ અવિનાશી બક્ષીસ, આ પરમ શક્તિશાળી અને અવર્ણનીય એવી મહિમાવંત ઉદારતામાંથી હિસ્સો પ્રાપ્ત કરી શકો છો."**[૮]

૧. "આ પરમ મહાન, આ અથાગ અને ઉછાળા મારતો મહાસાગર" આ વાક્ય શેનો સંદર્ભ આપે છે ? ______________________________

૨. આ મહાસાગર આપણાથી કેટલો નજીક છે ? ______________________________

______________________________

૩. આપણે કેટલી ઝડપથી આ મહાસાગર સુંધી પહોંચી શકીએ છીએ ? ______________________________

______________________________

૪. નીચેના વાક્યો પૂરા કરો :

ક. બહાઉલ્લાહના પ્રગટીકરણનો પરમ મહાન મહાસાગર આપણી નજીક છે, ______________ રીતે આપણી નજીક છે.

ખ. બહાઉલ્લાહના પ્રગટીકરણનો મહાસાગર આપણી રક્તવાહિની કરતાં પણ આપણાથી વધારે ______________ છે.

ગ. જો આપણે ઈચ્છીએ તો ______________ માં તેના પ્રગટીકરણના મહાસાગરને ______________ શકીએ છીએ અને તેમાંથી હિસ્સો પ્રાપ્ત કરીએ છીએ.

ઘ. જો આપણે ______________ તો આંખના એક પલકારામાં તેના પ્રગટીકરણના મહાસાગરને પામી શકીએ છીએ અને તેમાંથી હિસ્સો પ્રાપ્ત કરી શકીએ છીએ.

## વિભાગ ૪

બહાઉલ્લાહના પ્રગટીકરણના મહાસાગરના કિનારે પહોંચી ગયા પછી, આપણેં તેના ખજાનાઓમાંથી દિવ્ય માર્ગદર્શનના મોતી પ્રાપ્ત કરીએ છીએ અને તેની ઉદારતાપણેં અને બીનશરતે બીજા સાથે આપ-લે કરીએ છીએ, જેને આપણે આપણો પોતાનો અભ્યાસ, પ્રાર્થના અને ચિંતન તથા પ્રભુધર્મ અને માનવજાતની સેવાના આપણા પ્રયત્નો દરમિયાન સતત શોધી કાઢીએ છીએ. તમે થોડો સમય ફાળવીને આ કર્તવ્યની પવિત્રતાની સતત સ્મૃતિ માટે, નીચેનું અવતરણ મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો :

> **"હે પ્રભુ-માર્ગના પથિક ! તેની કૃપાના મહાસાગરમાંથી તું તારો હિસ્સો પ્રાપ્ત કર અને તારી જાતને એવી ચીજોથી વંચિત ન કર જે તેના ઊંડાણમાં છુપાયેલી છે. તમે તેમના પૈકી બનો જેમણે**

**આ ખજાનામાંથી પોતાનો હિસ્સો પ્રાપ્ત કર્યો છે. આ મહાસાગરનું એક ટીપુંનો પણ જો તે બધા પર છંટકાવ કરવામાં આવે, જેઓ સ્વર્ગમાં અને પુથ્વી ઉપર છે તો તેમના માટે સર્વશક્તિમાન, સર્વજ્ઞ, ઈશ્વરની કૃપાથી વિભૂષિત થવા માટે પર્યાપ્ત છે. તારા અનાસક્ત હાથે જીવનદાયી જળ પ્રાપ્ત કર અને બધી વસ્તુઓ ઉપર તેનો છંટકાવ કર, જેથી તેઓ બધી માનવ-સર્જિત સીમાઓથી મુક્ત થઈને પ્રભુના શક્તિશાળી સિંહાસન, આ પવિત્ર અને પ્રદિપ્ત સ્થાન સુધી પહોંચી શકે."[૯]**

## વિભાગ ૫

જેમ જેમ આપણે તાલીમ સંસ્થાના પાઠયક્રમોમાં પ્રગતિ કરતા જઈશું, તેના માટે જે અભ્યાસ અને ક્રિયા જરૂરી છે તેનો અમલ કરતા જઈશું તેમ તેમ, આપણી ક્ષમતાનો વિકાસ થતો જશે અને આપણે સેવાના એવા કાર્યો, જેમકે બાળકોની આધ્યાત્મિક કેળવણી માટે વર્ગોનું આયોજન કરવું, કિશોરોને તેમના આધ્યાત્મિક સશક્તિકરણના કાર્યક્રમમાં જોડવું, અને મુખ્ય શ્રેણીના પુસ્તકોનો અભ્યાસ કરવામાં એક જૂથની મદદ કરવી, વગેરે હાથ ધરી શકીશું જે આપણાં હૃદયોને અપાર આનંદ આપશે અને આપણને આપણો બેવડો ઉદ્વેશ પૂરો કરવામાં મદદ કરશે. આ આખી યાત્રા દરમિયાન, ઈશ્વરના શબ્દો, જેની આપણે બીજા સાથે આપ-લે કરીશું, પછી તે નાના હોય કે મોટા, તે આપણી પ્રેરણાનો અવિરત સ્ત્રોત બનશે. તેથી, આ ઉચિત છે કે, આપણે ઈશ્વરના શબ્દોની શક્તિ વિશે અને માનવ હૃદય પર તેનો પ્રભાવ વિશે વારંવાર ચિંતન કરીએ. બહાઉલ્લાહ આ શક્તિ વિશે વાત કરે છે :

**"ઈશ્વરના શબ્દોની કુમળા છોડ સાથે સરખામણી કરી શકાય છે, જેના મૂળીયા માનવ હૃદયોમાં રોપાયેલા છે. તમારા માટે અનિવાર્ય છે કે તમે વિવેકનું જીવન જળ, શુધ્ધ અને પવિત્ર શબ્દોથી તેના વિકાસમાં અભિવૃદ્ધિ કરો, જેથી તેના મૂળીયા દૃઢપણે સ્થાપિત થાય અને તેની શાખાઓ સ્વર્ગની ઊંચાઈઓ અને તેનાથી પણ આગળ વિસ્તરિત થાય."[૧૦]**

૧. ઈશ્વરના શબ્દોની કોની સાથે સરખામણી કરી શકાય છે ? ____________________

____________________________________________

૨. ઈશ્વરના શબ્દરૂપી વૃક્ષના મૂળીયા કયાં રોપાયેલા છે ? ____________________

____________________________________________

૩. કેવી રીતે આપણે આ વૃક્ષના વિકાસમાં અભિવૃદ્ધિ કરવી જોઈએ ? ________________

____________________________________________

૪. કઈ ઊંચાઈઓ સુંધી આ વૃક્ષનો વિકાસ થઈ શકે છે ? ______________________

____________________________________________

૫. ઈશ્વરના શબ્દોની બીજા સાથે આપ-લે કરવી શા માટે સૌથી મહત્વપૂર્ણ છે તેના વિશે થોડા વાક્યોમાં સમજાવો.

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

## વિભાગ ૬

ચાલો આપણે એવી વિભિન્ન પ્રવૃતિઓ વિશે વિચાર કરીએ જે આપણને આપણા રોજિંદા જીવનમાં વ્યસ્ત રાખે છે. આપણે આપણા શરીરનું પોષણ આપીએ છીએ. આપણે નવીન જ્ઞાન પ્રાપ્ત કરવા અને આપણી માનસિક ક્ષમતાનો વિકાસ કરવા માટે અભ્યાસ કરીએ છીએ. આપણે કામ કરીએ છીએ અને એવા કૌશલ્યોનો વિકાસ કરીએ છીએ જે આપણને સમાજના એક ઉપયોગી સભ્ય તરીકે જીવન જીવવા સક્ષમ બનાવે છે. આપણે રમત-ગમત અને સર્જનાત્મક પ્રવૃતિઓમાં ભાગ લઈએ છીએ. આવી અનેક પ્રવૃતિઓ, જે આપણા બૌધિક વિકાસ અને ભૌતિક કલ્યાણ માટે અતિ મહત્વની છે, તે આપણા સમયનો મોટો હિસ્સો લઈ લે છે. પરંતું દરેક દિવસમાં એવી વિશેષ ક્ષણો હોય છે જે આધ્યાત્મિકતાથી સભર હોય છે, જયારે આપણે એકલા કે બીજા સાથે પ્રાર્થનામાં જોડાઈએ છીએ; જયારે આપણે દિવ્ય શિક્ષણોના આપણા જ્ઞાનમાં દૃઢ થઈએ છીએ; અથવા એવી અનેક રીતોમાંથી કોઈ પણ રીતે, આપણી આજુબાજુના લાકોને બહાઉલ્લાહના પ્રગટીકરણના મહાસાગરમાં છુપાયેલા મોતી શોધવામાં મદદ કરીએ છીએ. શું આ ક્ષણો અમાપ રીતે અણમોલ નથી? શું આ સ્વર્ગીય આશીર્વાદોમાંથી હિસ્સો પ્રાપ્ત કરવા કરતાં વધારે મોટો બીજો કોઈ આનંદ છે?

આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે, અબ્દુલબહા કેવી રીતે માનવજાતની પ્રગતિ માટે આપણી જાતને સમર્પિત કરી દેવા આપણને પ્રોત્સાહન આપે છે:

> **"આપણે બધા એક જ દિવ્ય ઉદ્દેશમાં સંગઠિત છીએ, આપણું કોઈ ભૌતિક પ્રયોજન (આશય) નથી, અને આપણી સૌથી પ્રિય ઈચ્છા આખી દુનિયામાં ઈશ્વરના પ્રેમનો ફેલાવો કરવાનો છે."**[૧૧]

ધારો કે તમે વિભાગ ૧ માં જે અવતરણો મોઢે કર્યા છે તેમાંથી કોઈ એક અવતરણની એક મિત્ર સાથે આપ-લે કરવાની તમને તક મળે છે. તમે તમારા હૃદયમાં જે આનંદનો અનુભવ કરો છો તે કયાંથી આવે છે? સહજ રીતે, તમે આશા રાખો છો કે તમારો મિત્ર બહાઉલ્લાહના શબ્દોથી ઉન્નત થશે. પણ જો તમે જેવી અપેક્ષા રાખો છો તે મુજબ તે કે તેણી ઉત્સાહ નહી બતાવે તો શું થશે? શું તમારા હૃદયમાંથી આનંદ નાશ પામશે? કેમ નહી?

## વિભાગ ૭

જયારે આપણે સમજી જઈએ છીએ ત્યારે આપણે એક સૌથી મહત્વપૂર્ણ નિષ્કર્ષ પર પહોંચીએ છીએ કે, આપણાં જીવનમાં આપણે જે બધું કરીએ છીએ તેમાંથી, આપણે જે ક્ષણનો ઈશ્વરના શબ્દોની બીજા લોકો સાથે આપ-લે કરવા ઉપયોગ કરીએ છીએ તે વિશેષ આશીર્વાદથી સંપન્ન હોય છે: એટલે કે આપણે સેવામાંથી જે આનંદ પ્રાપ્ત કરીએ છીએ તે સ્વયં તેની ક્રિયામાં નિહિત છે. નિ:શક, આપણે આશા રાખીએ છીએ કે આપણે જે સેવાના કાર્યો કરીએ છીએ તે યોગ્ય પરિણામ આપશે, પરંતું આપણે પરિણામો પ્રત્યે વધારે પડતા આસક્ત રહીશું તો, જો આપણે પ્રસંશા કે ટીકાથી વધારે પડતા પ્રભાવિત થઈશું તો, આપણે શિક્ષણનો આનંદ ગુમાવી દઈશું. તે જે આપણને સેવા કરવાની પ્રેરણા આપે છે તે ઈશ્વરનો પ્રેમ હોવો જોઈએ, નહી કે સફળતા મેળવવાની, લાભ પ્રાપ્ત કરવાની, નામના મેળવવાની કે પ્રશંસા પ્રાપ્ત કરવાની ઈચ્છા. આ બધી બાબતોથી અનાસક્તિ એ આનંદપૂર્ણ સેવાની એક આવશ્યકતા છે. નીચેના અવતરણોનો અભ્યાસ આ વિષય ઉપર ચિંતન કરવામાં તમારી મદદ કરશે:

**"હે બે દૃષ્ટિવાળા માનવી! એક આંખ બંધ કર, અને બીજી આંખ ખોલી દે. સંસાર અને તેમાં જે બધું છે તેનાં તરફ એક આંખ બંધ કરી દે, અને તારા પ્રિયતમના પવિત્ર સૌંદર્યના દર્શન માટે બીજી આંખ ખોલી દે." ૧૨**

**"હે મિત્રો! આ નાશવંત સૌંદર્ય માટે શાશ્વત સૌંદર્યનો ત્યાગ ન કર, અને માટીની આ નાશવંત દુનિયા ઉપર મોહ ન રાખ."૧૩**

**"હે વાણી પુત્ર! તું મારી તરફ અભિમુખ થા, અને મારા સિવાય બીજા બધાનો ત્યાગ કર; કારણકે મારું સાર્વભૌમત્ત્વ અનંત છે અને મારું સામ્રાજય અવિનાશી છે. જો તું મારા સિવાય બીજા કોઈને શોધશે, અને અનંતકાળ સુધી સમસ્ત બ્રહ્માંડમાં શોધ કરતો રહેશે, તો પણ તારી શોધ વ્યર્થ જશે."૧૪**

**"હે મિત્ર ગણેલા અપરિચિત! મારી શક્તિના હાથે તારા હૃદયનો દીવો પ્રગટાવ્યો છે; સ્વાર્થ અને વાસનાના વિરોધી પવનોથી તેને ઓલવીશ નહીં. તારા બધાજ દુ:ખોનો ઈલાજ મારું સ્મરણ છે, તેને ભૂલીશ નહીં. મારા પ્રેમને તારો ખજાનો બનાવ, અને તારી આંખો અને તારા જીવનની જેમ તેનું જતન કર."૧૫**

**"અનાસક્તિ સૂર્ય સમાન છે; જે કોઈપણ હૃદયમાં તે ચમકતી હોય ત્યાં તે લોભ અને અહંકારની આગને બુઝાવી દે છે. તે જેની દૃષ્ટિ સમજદારીના પ્રકાશથી રોશન છે તે નિશ્ચિતપણે તેની જાતને આ દુનિયા અને તેની ક્ષુલ્લકતાઓથી અનાસક્ત કરી લેશે... આ દુનિયા અને તેની ક્ષુલ્લકતાઓથી તમારી જાતને દુ:ખી નહી થવા દો. સુખી છે તે જેને ધનસંપતિ વ્યર્થ કિર્તીથી કે ગરીબી દુ:ખથી ભરી દેતી નથી."૧૬**

૧. શું આ દુનિયાથી અનાસક્ત થવું એટલે સન્યાસીની જેમ જીવન જીવવાનું છે? ________________

૨. શું આ દુનિયાથી અનાસક્ત રહેવાની સાથે સાથે ચીજ-વસ્તુઓ ધારણ કરવી શક્ય છે? ____________

________________________________________________________________

૩. જો એક વ્યક્તિ જીવનની દરેક ક્ષણ વ્યવહારિક રીતે તેના કાર્ય માટે સમર્પિત કરી દે છે તો, શું તે આ દુનિયાની ચીજોથી અનાસક્ત છે? ________________________________

૪. જો એક વ્યક્તિ તેની પાયાની જરૂરીયાતો સંતોષવા પુરતું જ કામ કરે છે અને બાકીનો સમય કોઈ કામ કર્યા વગર પસાર કરે છે તો, શું તે આ દુનિયાથી અનાસક્ત છે? ____________________

૫. જો એક વ્યક્તિ સેવાના ક્ષેત્રમાં ભૌતિક અસુવિધા સહન કરી શકતો નથી, તો શું તે આ દુનિયાથી અનાસક્ત છે? ________________________________________

૬. ભૌતિક ધનસંપતિ સિવાય એવી અનેક ચીજો છે જેના પ્રત્યે આપણે આસક્ત હોઈ શકીએ છીએ. જો તમે નીચેની વ્યક્તિ છો તો તમે શેના પ્રત્યે આસક્ત છો?

- તે કોઈ કાર્ય કરે છે પરંતું જયારે કોઈ તેની પ્રશંસા કરતું નથી ત્યારે તે કાર્ય કરવાનું બંધ કરી દેવા ઈચ્છે છે? ________________________________________
- તેના દ્વારા આપ-લે કરવામાં આવેલા વિચારોનો સ્વીકાર કરવામાં આવતો નથી ત્યારે તે નિરાશ થઈ જાય છે? ________________________________________
- ડર કે બીજા લોકો દ્વારા અસ્વીકારની બીકે તેની આસ્થાને છૂપાવી રાખે છે? ____________

  ________________________________________________________

૭. અનાસક્તિનો અર્થ લાપરવાહી કે કાળજીનો અભાવ નથી. નીચેના પૈકી કયું ચિન્હ એમ બતાવી શકે છે કે એક વ્યક્તિ અનાસક્ત છે ?

— બીજાની પ્રગતિ જોવામાંથી આનંદ પ્રાપ્ત કરવો
— જયારે થોડાક બાળકો ગેરવર્તન કરે છે ત્યારે વર્ગમાં શીખવવાનું બંધ કરી દેવું
— પોતાની સિધ્ધિઓની બડાઈ મારવી
— સખત અભ્યાસ કરવો અને પોતે જે પ્રગતિ કરે છે તેનાથી સંતોષ માનવો
— સર્વના હિતની સેવા કરવાના હેતુથી પોતાની ક્ષમતાનો વિકાસ કરવા માટે સખત મહેનત કરવી
— પોતાના વ્યવસાયમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરવાનો સખત પ્રયત્ન કરવો
— સ્વચ્છતા માટે પ્રયત્ન કરવો અને ઘરને સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખવું
— પોતાની ચીજવસ્તુઓની કાળજી રાખવી
— બીજાના કલ્યાણની કાળજી રાખવી
— જયારે પોતાના પ્રયત્નો માટે તેની પસંશા કરવામાં આવે નહી ત્યારે નિરાશ થઈ જવું

૮. આપણા પૈકી દરેક માટે અનાસક્તિ એટલી મહત્વપૂર્ણ છે કે, આ વિભાગના બધા અવતરણો મોઢે કરી લેવાનું તમને સુચન કરવામાં આવે છે.

## વિભાગ ૮

માનવજાતની સેવાના એક આનંદિત જીવનનો આશીર્વાદ મેળવવા માટે, પ્રયત્ન કરવાની આપણી તૈયારી હોવી જોઈએ અને આપણા પ્રયત્નોને ત્યાગની અમુક માત્રાની જરૂર પડી શકે છે. આપણે આપણા રોજિંદા જીવનમાં "ત્યાગ" શબ્દનો વારંવાર ઉપયોગ કરીએ છીએ. જો કોઈ મિત્ર મુસાફરી કરીને પરોઢિયે પાછો આવે છે, તો તેને લેવા જવા માટે આપણે વહેલી સવારે ઊઠી શકીએ છીએ. આપણે કહી શકીએ કે આપણે ઊંઘના થોડા કલાકોનો ત્યાગ કર્યો છે. આપણને પ્રિય હોય એવું કોઈ બીમાર પડે તો; તેની દેખરેખ રાખવા માટે આપણે આપણા પસંદગીના આનંદ-પ્રમોદના કેટલાક કલાકોને ભૂલી જઈએ છીએ. આપણા જીવનમાં એવા પસંગો આવે છે જયારે આપણે સખત કામ કરવું જોઈએ, અને ત્યારે આપણે વિચારી શકીએ છીએ કે એક ઉદ્દેશ હાંસલ કરવા માટે આપણે સુખચેનનો ત્યાગ કરીએ છીએ.

શક્ય હોય એટલા પ્રમાણમાં આપણો સમય અને ઉર્જા અને આપણા ભૌતિક સાધનોમાંથી ઉદારપણે હિસ્સો અર્પણ કરીને, પ્રભુધર્મની સેવા કરવાની આપણા બધાની મહત્તમ ઈચ્છા હોય છે. જયારે આપણેં એવું કરીએ છીએ ત્યારે, આપણે યાદ રાખવું જોઈએ કે, સેવાના માર્ગ પર, આપણે આ દુનિયાની ચીજોનો ત્યાગ કરી શકીએ છીએ, પરંતું જયારે આપણે આધ્યાત્મિક રીતે વિકાસ કરતા જઈએ છીએ ત્યારે આપણે જે પ્રાપ્ત કરીએ છીએ તે સાચો આનંદ છે. ભાવિ પાઠયક્રમોમાં આપણને ત્યાગના સ્વરૂપ વિશે વધારે ચિંતન કરવાની તક મળશે. શરૂઆતથી જ એક વાત સમજી લેવી મહત્વની છે કે તેમાં, જે ઉચ્ચ છે તેના માટે તે જે નિમ્ન છે તેનો ત્યાગ કરવાનો સમાવેશ થાય છે, જેવી રીતે એક બીજ તેની જાતનો ત્યાગ કરે છે જેથી એક વૃક્ષનો જન્મ થઈ શકે. ત્યાગ એ આનંદનો સંવાહક છે, અને જયાં સુંધી સતત પ્રયત્ન કરવાની આપણી તત્પરતા નહી હોય ત્યાં સુંધી આ આનંદ આપણને મળશે નહી.

બહાઉલ્લાહ કહે છે :

**"પુરૂષાર્થ જરૂરી છે, જો આપણે પરમેશ્વરને પામવું હોય તો; ઉત્સાહ જરૂરી છે, જો આપણે તેની સાથેનું પુન:મિલનરૂપી અમૃત પીવું હોય તો; અને જો આપણે આ જામનો સ્વાદ ચાખી લઈશું તો આપણે આ દુનિયાનો ત્યાગ કરી દઈશું."[૧૭]**

અને અબ્દુલબહા આપણને કહે છે :

**"...તું આરામ ન કર, તું વિશ્રાંતિની ઈચ્છા ન રાખ, તારી જાતને આ ક્ષણભંગુર દુનિયાની વૈભવી સુખસુવિધા પ્રત્યે આસક્ત ન રાખ, તારી જાતને દરેક આસક્તિથી મુક્ત કર તથા હૃદય અને આત્માથી ઈશ્વરીય સામ્રાજયમાં સંપૂર્ણપણે સ્થાપિત થવાનો પુરૂષાર્થ કર. તું સ્વર્ગીય ખજાનો પ્રાપ્ત કર. દિન પ્રતિ દિન તું વધારે પ્રકાશિત બન. તું એકત્વના ઉંબરાની વધારે ને વધારે નજીક આવતો જા."[૧૮]**

આપણે બધા માનીએ છીએ કે, આપણા ઉદ્દેશોને હાંસલ કરવા માટે, આપણે પ્રયત્ન કરવો જોઈએ. પરંતું વ્યવહારમાં આ સરળ માન્યતાની કેટલીક અસરો છે જેને આપણે ભૂલવું જોઈએ નહી. યાદ રાખવું આવશ્યક છે કે, એક ઉદ્દેશ માટે જરૂરી ઉર્જાનું પ્રમાણ અને જે ઉદ્દેશ કે કાર્ય હાથમાં હોય તેની મુસ્કેલીનું સ્તર વચ્ચે સુસંગતતા હોય છે. જો આપણે એમ વિચારીએ છીએ કે, તેને ઓછી મહેનતથી હાંસલ કરી શકાશે તો આપણે આપણી જાતને છેતરીએ છીએ. પરંતું માત્ર પ્રયત્નની વિશાળતા જ એક એવું પરિબળ નથી જેને ધ્યાનમાં લેવું જોઈએ. તેના માટે સાતત્યપણું અને ખંત જરૂરી છે. ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. કાર્યોને પુરૂં કરવાની, તથા એક પછી બીજા કાર્ય ઉપર કુદકા નહી મારવાની અને તેને છોડી નહી દેવાની ટેવ આવશ્યક છે. ક-મનથી કરવામાં આવતા પ્રયત્નો કોઈ ફળ આપતા નથી. બાળકોની આધ્યાત્મિક કેળવણી માટેના એક અઠવાડિક વર્ગની કલ્પના કરો. શિક્ષકે દરેક વર્ગની તૈયારી કરવા માટે ચોક્કસ કલાકો સમર્પિત કરવા જોઈએ, તેની અવધિ દરમિયાન પાઠનો વિષય સમજવામાં વિધાર્થીઓની મદદ કરવા ઉપર સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, બાળકોના વાલીઓની નિયમિત મુલાકાત લેવી જોઈએ, અને દર અઠવાડિયે બાળકોની વ્યક્તિગત પ્રગતિનું અનુસરણ કરવું જોઈએ. એવા એક વર્ગનું ભવિષ્ય કેવું હશે જેનો શિક્ષક માત્ર પ્રસંગોપાત જ તૈયારી કરે છે, વહેલી તકે સત્ર શરૂ કરી દે છે અને જયારે થાકી જાય છે ત્યારે અચાનક વર્ગ બંધ કરી દે છે, તથા દરેક બાળક વિશે વિચાર કરવા અને વાલીઓ સાથે બાળકોની પ્રગતિ વિશે ચર્ચા કરવા માટે જરૂરી સમય સમર્પિત કરવામાં નિષ્ફળ જાય છે ? અને સમાન્ય રીતે કોઈ બીજી ફરજ પુરી કરવા માટે, જેમકે બીજા શહેરમાથી આવેલા મિત્રને મળવા જવા માટે એક શિક્ષક વર્ગ બંધ રાખતો હોય તો શું થશે ?

આ કેટલીક નોંધ આપણને સમજવા માટે છે કે આપણે જે કોઈ કાર્ય હાથ ધરીએ છીએ તેના માટે જરૂરી પ્રયત્નનું પ્રમાણ અને ગુણવત્તા -બંન્ને ઉપર ધ્યાન આપવું જોઈએ. આ માત્ર આપણે જે સેવાના કાર્યોમાં સંલગ્ન થઈએ છીએ તેના માટે જ સાચુ છે એવું નથી, તે આપણા પોતાના વિકાસ માટે પણ સમાન રીતે લાગુ પડે છે. આ શ્રેણીના પ્રથમ પુસ્તકમાં આપણે જે આધ્યાત્મિક આદતો વિશે વિચાર કર્યો છે જેમકે -નિયમિત પ્રાર્થના કરવી, દરરોજ પવિત્ર લખાણોનું વાંચન કરવું, કેવી રીતે આપણા જીવનને શિક્ષણોને અનુરૂપ ઢાળવું તેના વિશે વિચાર કરવો -આ બધું સતત પ્રયત્ન ઉપર નિર્ભર છે. નીચે પ્રયત્નને લગતા ઘણા વાક્યો આપ્યા છે. તેમાંથી કયા સાચા છે તે નક્કી કરવાનું કાર્ય, આ બાબતે આગળ ચિંતન કરવામાં તમારી મદદ કરશે :

— જો તમે હોંશિયાર છો તો, તમને સખત કામ કરવાની જરૂર નથી.

— શા માટે લાંબા રસ્તે જવું; હંમેશા ટૂંકો રસ્તો શોધો.

— પીડા નહી તો લાભ નહી.

— મોટા સપના જુઓ; તમારી ઈચ્છાઓ સાકાર થશે.

— ઈનામ જેટલું મોટું, એટલો મોટો પ્રયત્ન.

— જેટલો વધારે મોટો પ્રયત્ન, એટલો વધારે મીઠો ઉપહાર.

— જો પહેલી વાર તમને સફળતા નહી મળે તો, પ્રયત્ન કરો, ફરી પ્રયત્ન કરો.

— જો તમે બીજા પાસે તમારૂં કામ કરાવી શકો છો તો શા માટે જાતે કામ કરવું?

— જો તેના માટે સૌથી વધારે પ્રયત્નની જરૂર છે તો, તેની કોઈ જરૂર નથી.

— નાના પગલાં -વારંવાર અને સતત -લાંબી મજલ કાપી શકે છે.

— એવી કોઈ મુલ્યવાન ચીજ નથી, જે સરળતાથી મળતી હોય.

— ઉત્કૃષ્ટતા હૃદયપૂર્વકના સમર્પિત પ્રયત્નો માંગે છે.

— એક હજાર માઈલની યાત્રા, એક પગલું સાથે શરૂ થાય છે.

— માત્ર કામ પુરૂં કરવું જ પર્યાપ્ત નથી.

— ચીજો ઘટીત થાય તેની આપણે રાહ જોવી જોઈએ નહી; આપણે તેની પાછળ લાગી રહેવું જોઈએ.

— સફળતા એ નસીબની વાત છે.

— આપણે જાદુથી આપણો બેવડો ઉદ્દેશ પ્રાપ્ત કરવાના નથી.

— આપણે દરરોજ આપણીજાતનો હિસાબ કરવો જોઈએ.

આપણે સેવાના માર્ગે ચાલીએ છીએ, આપણો પોતાનો આધ્યાત્મિક અને બૌધિક વિકાસ હાંસલ કરવા તથા સમાજના પરિવર્તનમાં યોગદાન આપવા માટે પુરૂષાર્થ કરીએ છીએ. આ સ્પષ્ટ છે કે આ બેવડો ઉદ્દેશનું કાર્ય આપણા તરફથી મોટા પ્રમાણમાં પ્રયત્નની માંગ કરે છે. બહાઉલ્લાહ આપણને કહે છે:

> **"અતુલનીય સર્જનહારે બધા મનુષ્યોનું એક સમાન તત્વમાંથી સર્જન કર્યું છે, અને તેમની વાસ્તવિકતાને તેની બાકીની સૃષ્ટિ કરતાં ઉત્તમ બનાવી છે. તેથી, સફળતા અને નિષ્ફળતા, લાભ અને નુકશાન, તેના પોતાના પ્રયત્નો ઉપર નિર્ભર હોવા જોઈએ. તે જેટલો વધારે પ્રયત્ન કરે છે, એટલી વધારે તેની પ્રગતિ હશે."[૧૯]**

જો તમે પહેલાં ઉપરોક્ત અવતરણ મોઢે નહી કર્યું હોય તો, તમે તેને મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો.

## વિભાગ ૯

સેવામાંથી આનંદ પ્રાપ્ત કરવા સક્ષમ બનવા માટે, આપણે આપણી જાતમાં કેટલાક વલણોનો વિકાસ કરવો જોઈએ. ઉદાહરણ તરીકે, ઈશ્વરે આપણને સેવા કરવાનો જે આશીર્વાદ આપ્યો છે તેના માટે આપણે આભારી બનવું જોઈએ; એવી કલ્પના કરવી અનિચ્છનીય છે કે, જયારે આપણે પ્રભુધર્મની સેવા કરીએ છીએ ત્યારે ઈશ્વર ઉપર ઉપકાર કરીએ છીએ. આપણે નિષ્ક્રિયતાથી દૂર રહેવાનું પણ શીખવું જોઈએ

અને દુનિયાના એક આશાવાદી દૃષ્ટિકોણ સાથે જીવનનો સામનો કરવો જોઈએ. સેવાના માર્ગમાં આવતા અવરોધોને, આગળની પ્રગતિ માટે પગથિયાના પથ્થરોમાં ફેરવી શકાય છે. મુસ્કેલીઓની વચ્ચે પણ, આપણે વિશ્વાસની આંખે ભવિષ્ય તરફ જોઈએ છીએ. અબ્દુલબહાના નીચેના શબ્દો આશા અને આશાવાદનો સંકેત આપે છે જે આપણા પ્રયત્નોની લાક્ષણિકતા હોવી જોઈએ:

> **"શરૂઆતમાં, બીજ કેટલું નાનું હોય છે, આમ છતાં અંતે તે એક વિશાળ વૃક્ષ બને છે. તમે બીજ તરફ નહી જુઓ, પરંતું તમે વૃક્ષ, અને તેના ફૂલો, તથા તેના પાંદડા અને ફળો તરફ જુઓ."[૨૦]**

> **"તેથી તમે આ નાનું બીજનું મહત્વ સમજો કે સાચા ખેડૂતે, તેની દયાના હાથે, તેને ઈશ્વરના ખેડાયેલા ખેતરમાં રોપ્યું છે, તથા ઉપહાર અને બક્ષીસોની વર્ષાથી સિંચન કર્યું છે અને હવે સત્યના દિવાનક્ષત્રના પ્રકાશની ઉષ્માામાં તેની માવજત કરી રહ્યા છે.[૨૧]**

> **"જયારે તું એક વૃક્ષને વૃદ્ધિ અને વિકાસ પામતું જુએ ત્યારે, તેના પરિણામ વિશે આશાવાદી બન. અંતે તે ફૂલોથી પલ્લવિત થશે અને ફળ આપશે. જો તું સુકુ લાકડું કે જુનું વૃક્ષ જુએ છે તો, તેમાંથી ફળની કોઈ આશા રહેતી નથી."[૨૨]**

> **"તેથી ઈશ્વરના પ્રિયજનોએ, સખત મહેનતથી, તેમના પ્રયત્નના જળથી, આશાના આ વૃક્ષની માવજત અને પોષણ તથા વિકાસ કરવો જોઈએ."[૨૩]**

> **"ઈશ્વર જે આશીર્વાદ આપે છે તેનાથી જો એક હૃદય વિમુખ થઈ જાય તો તે કેવી રીતે ખુશીની આશા રાખી શકે છે ? જો તે ઈશ્વરની દયામાં આશા અને વિશ્વાસ મુકતો નથી તો, તે કયાંથી આરામ મેળવી શકશે ?"[૨૪]**

ઉપરોક્ત અવતરણો પર ચિંતન કરવા માટે, નીચેના વાક્યો પૂરા કરો:

૧. "શરૂઆતમાં, બીજ કેટલું નાનું હોય છે, આમછતાં અંતે તે એક ____________________ ____________________ બને છે.

૨. આપણે નાનું બીજ તરફ નહી પરંતું ________________________________________ ________________________________________

૩. તેથી આપણે આ નાનું બીજનું મહત્વ સમજવું જોઈએ કે ઈશ્વરે, તેની દયાના હાથે, ____________________________________________________________ ____________________________________________________________ ____________________________________________________________

૪. જયારે આપણે એક વૃક્ષને વૃદ્ધિ અને વિકાસ પામતું જોઈએ છીએ ત્યારે, આપણે ____________________________________________________________

૫. જયારે આપણે એક વૃક્ષને વૃદ્ધિ અને વિકાસ પામતું જોઈએ છીએ ત્યારે, આપણે આશાવાદી બનવું જોઈએ કે તે ________________________________________ ________________________________________

૬. આપણા પ્રયત્નના જળથી આપણે ________________________________________ ________________________________________

૭. ઈશ્વર જે આશીર્વાદ આપે છે તેનાથી જો એક હૃદય વિમુખ થઈ જાય તો ________________
________________________________________

૮. જો હૃદય ઈશ્વરની દયામાં વિશ્વાસ મુકતો નથી તો ________________________________
________________________________________

હવે, થોડી ક્ષણ માટે ચિંતન કરો: શું તમે સહમત છો કે વિનમ્ર કૃતજ્ઞતાના વલણથી સંયુક્ત એવી આપણી આનંદિત અને આશાવાદી ચેતના બીજા માટે આનંદનો એક સ્ત્રોત છે? અને, ચાલો આપણે હંમેશા ધ્યાનમાં રાખીએ કે, પ્રભુધર્મની સેવા માટે ઉત્થાન કરવામાં, આપણે એક નવીન યુગ, માનવજાતની એકતાના યુગના પ્રાતઃકાળનો શુભ સંદેશ ધારણ કરીએ છીએ. ઈશ્વર કરે કે બહાઉલ્લાહના આ શબ્દોનો આપણા હૃદયોમાં નાદ ગુંજતો રહે:

> **"ધન્ય છે તેઓ જે ક્રિયા કરે છે; ધન્ય છે તેઓ જે સમજે છે; ધન્ય છે તેઓ જે સત્યને વળગી રહ્યા છે, તે બધાથી અનાસક્ત છે જે સ્વર્ગમાં અને ધરતી પર છે."[૨૫]**

## સંદર્ભસુચિ


૧. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૩
૨. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૩૨
૩. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં.૨
૪. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૦૬
૫. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૦૯
૬. બહાઉલ્લાહ, વિશ્વ ન્યાય મંદિરના સંશોધન વિભાગ દ્વારા તૈયાર કરેલ 'મહિલા' નામના સંકલનમાંથી
૭. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. ૧૧
૮. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૩
૯. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૨૯
૧૦.બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૪૩
૧૧. અબ્દુલબહા, પેરિસ ટોક્સમાંથી
૧૨. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી, નં. ૧૨
૧૩.બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. ૧૪
૧૪. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. ૧૫
૧૫.બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી, નં. ૩૨
૧૬. બહાઉલ્લાહ, બહાઈ વર્લ્ડ વોલ્યુમ, ૧૯૨૫ઃ ૧૯૨૬
૧૭.બહાઉલ્લાહ, ધ કોલ ઓફ ધ ડિવાઈન બિલોવ્ડ : સિલેકટેડ મિસ્ટીકલ વર્કસ ઓફ બહાઉલ્લાહ
૧૮. અબ્દુલબહા, ટેબલેટ્સ ઓફ ડિવાઈન પ્લાન
૧૯.બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૩૪
૨૦. અબ્દુલબહા, સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા
૨૧. અબ્દુલબહા, સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા
૨૨. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ
૨૩.અબ્દુલબહા, સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા
૨૪.અબ્દુલબહા, પેરિસ ટોક્સ : ૨૧ નવેમ્બર ૧૯૧૧ ના રોજ આપેલ એક વક્તવ્યમાંથી
૨૫.બહાઉલ્લાહ, એપિસ્ટલ ટુ ધ સન ઓફ ધ વુલ્ફ



# ઉન્નત વાર્તાલાપો

## ઉદ્દેશ

વાર્તાલાપમાં આધ્યાત્મિક સિધ્ધાંતોનો
પરિચય આપવાની ક્ષમતા પ્રાપ્ત કરવી

## વિભાગ ૧

આ પુસ્તકના પહેલા એકમમાં, ઈશ્વરના શબ્દોની બીજા સાથે આપ-લે કરવાની ક્રિયામાંથી આપણે જે અમાપ આનંદ મેળવીએ છીએ તેના વિશે આપણે વાત કરી છે. આપણે સેવાના માર્ગે ચાલીએ છીએ ત્યારે, બહાઉલ્લાહના પ્રગટીકરણમાંથી આપણે જે અંત:દ્રષ્ટિઓ પ્રાપ્ત કરીએ છીએ તેના વિશે મિત્રો અને પરિચિતો સાથે ચર્ચા કરવાના અનેક અવસરો આપણી સમક્ષ આવે છે. તેથી, આપણે બધાને જે અતિ આવશ્યક ક્ષમતાઓનો વિકાસ કરવાની કરવાની જરૂર છે તેમાં એવી ક્ષમતાઓનો પણ સમાવેશ થાય છે જે આપણને અર્થપૂર્ણ અને ઉન્નત વાર્તાલાપમાં યોગદાન આપવા સક્ષમ બનાવે છે. આ એકમ અને તેના પછીના એકમનો ઉદ્દેશ, આ સંદર્ભમાં તમારી સહાયતા કરવાનો છે. અહિ તમે, જયારે અવસર મળે ત્યારે, આધ્યાત્મિક સિધ્ધાંતોનો સંદર્ભ લઈને વાર્તાલાપના સ્તરને કેવી રીતે ઉન્નત કરવું તેના વિશે ચર્ચા કરશો. આગળના એકમમાં, તમારા ગામ કે મહોલ્લામાં એક જીવંત સમુદાયનું નિર્માણ કરવાના પધ્ધતિસર પ્રયત્નના ભાગરૂપે ચોક્કસ વિષયો પરના વાર્તાલાપોની શ્રેણીની કેવી રીતે પ્રસ્તુતિ કરવી અને તેને જાળવી રાખવું તેના વિશે વિચાર કરશો.

આગામી વિભાગોમાં આપણે વિભિન્ન વિષયો પર આધારિત અનેક કથનો જોઈશું જે, મૂળ સ્વરૂપમાં અવતરણો નહી હોવા છતાં, તે બધા અબ્દુલબહાના વક્તવ્યો અને પાતીઓ પર આધારિત છે અને તેમાં તેમણેં ઉપયોગમાં લીધેલા અનેક વાક્યાંશોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તમારે દરેક કથન કેટલીક વાર વાંચવું જોઈએ, વિચારોનો ક્રમ શોધી કાઢવો જોઈએ, અને જયાં સુંધી સહજ રીતે તમે તેને વ્યક્ત નહી કરી શકો ત્યાં સુંધી તમારે વારા પ્રમાણે તમારા જૂથના બીજા સભ્યો સમક્ષ તેની પ્રસ્તુતિ કરવી જોઈએ. જયારે તમને પ્રભુધર્મના શિક્ષણો વિશે ચર્ચા કરવાનો સુયોગ્ય અવસર મળે ત્યારે ચર્ચાને આગળ લઈ જવાના સંદર્ભમાં, સરળતાથી વાત કરવા માટે આ સ્વાધ્યાય તમને તૈયાર કરશે.

નિ:શક, તમે આ એકમમાં પવિત્ર લખાણોમાંથી અવતરણો મોઢે કરવાનું ચાલુ રાખશો, કારણકે તેમાં વિશેષ શક્તિ છે જે માનવ હૃદયને ભેદે છે અને જયારે તમારા વક્તવ્યમાં તેને વણી લેવામાં આવશે ત્યારે, શ્રોતા ઉપર તેનો ગહન પ્રભાવ પડશે. પરંતું વાર્તાલાપમાં પવિત્ર લખાણોનો સંદર્ભ આપવા માટે વિવેક જરૂરી છે. જે આવશ્યક છે તે છે સંયમ, પ્રભુધર્મના શિક્ષણો વિશે સમજાવવા માટે પવિત્ર લખાણોમાંથી લેવામાં આવતા પ્રત્યક્ષ અવતરણો અને પોતાના શબ્દોના ઉપયોગ વચ્ચે સંતુલન. આ સંતુલન હાંસલ કરવા માટે, પવિત્ર લખાણોનો અભ્યાસ કરવા તથા તેને તમારા વિચારો અને લાગણીઓને આકાર આપવાની અનુમતિ આપવા માટે તમને મોટા પ્રમાણમાં સમય અને ઉર્જા સમર્પિત કરવી પડશે.

## વિભાગ ૨

તમને જે પહેલા કથનનો અભ્યાસ કરવાનું કહેવામાં આવ્યું છે તે છે, માનવજાતને એક કેળવણીકારની જરૂર છે.

> જયારે આપણે અસ્તિત્વનો વિચાર કરીએ છીએ ત્યારે, આપણે જોઈએ છીએ કે ખનિજ, વનસ્પતિ, પશુ અને માનવ સામ્રાજય, તેમાંથી દરેકને એક કેળવણીકારની જરૂર છે. એક બગીચાને એક માળીની જરૂર છે. વિપૂલ પાક મેળવવા માટે જમીનને એક ખેડૂતની જરૂર છે. જો એક માણસને જંગલમાં એકલો છોડી દેવામાં આવે તો, તે પશુની જેમ વર્તન કરશે. જો તે કેળવણી પામેલો હોય તો, તે સિધ્ધિના સર્વોચ્ચ સોપાનો સર કરી શકે છે. જો કેળવણીકારો નહી હોત તો, કોઈ સંસ્કૃતિ કે સભ્યતા નહી હોત.

કેળવણી ત્રણ પ્રકારની છે : ભૌતિક, માનવીય અને આધ્યાત્મિક. ભૌતિક કેળવણી શરીરના વિકાસ સાથે સંબંધિત છે. માનવીય કેળવણી સંસ્કૃતિ અને પ્રગતિ સાથે સબંધિત છે. તે શાસન, સામાજિક વ્યવસ્થા, માનવ કલ્યાણ, વેપાર અને ઉધોગ, કલા અને વિજ્ઞાન, મહત્વના સંશોધનો અને મહાન ઉપક્રમો સાથે કાર્ય કરે છે. આધ્યાત્મિક કેળવણીમાં દિવ્ય સંપૂર્ણતાઓ પ્રાપ્ત કરવાનો સમવેશ થાય છે. આ સાચી કેળવણી છે, કારણકે તેની મદદથી માનવ અસ્તિત્વની આધ્યાત્મિક, ઉચ્ચતર પ્રકૃતિનો વિકાસ થાય છે.

પ્રગતિ કરવા માટે, માનવજાતને એક એવા કેળવણીકારની જરૂર પડે છે, જે તેને શરીરનું પોષણ અને સ્વાસ્થ્યને લગતી બાબતોને સંગઠિત કરવામાં મદદ કરી શકે, તેને જ્ઞાન, સંશોધન અને આવિસ્કારમાં પ્રગતિ કરવા પ્રેરણા આપી શકે, અને સૌથી મહત્વનું છે કે, તેમાં ચેતનાના જીવનના શ્વાસનો સંચાર કરી શકે. કોઈ પણ સામાન્ય માનવ અસ્તિત્વ આ દુર્જેય કાર્ય હાંસલ કરી શકતો નથી. માત્ર ઈશ્વરના અવતારો પાસે જ તેને સિધ્ધ કરવાની શક્તિ છે. આ ચુનિંદા આત્માઓ છે, જેને માનવજાતના વિશ્વવ્યાપી કેળવણીકાર તરીકે સમયે સમયે ઈશ્વર દ્વારા મોકલવામાં આવે છે.

૧. તમારા જૂથમાં ઉપરોક્ત કથન કેટલીકવાર વાંચો અને તેનો વિષય શીખવામાં એકબીજાની મદદ કરો. તમારે એકબીજાને, પ્રસ્તુત વિચારોને લગતા પ્રશ્નો પુછવા જોઈએ તથા સહજ અને સરળ રીતે અભિવ્યકત કરવાની પ્રેકિટસ કરવી જોઈએ.

૨. પછી, અહિં તમે જે વિચારોની રજુઆત કરવાનું શીખ્યા છો, તેને કેવી રીતે એક વાર્તાલાપમાં રજુ કરી શકાય તેના વિશે તમારા જૂથમાં ચર્ચા કરો. દેખીતી રીતે, તમે તમારા મિત્રોને એકાએક એવું કહેવાના નથી કે કેળવણી ત્રણ પ્રકારની છે. તેથી, એવી ચર્ચાના પ્રકારો વિશે વિચાર કરવો તમારા માટે ઉપયોગી બનશે, જેમાં ઉપરોકત વિચારો સુસંગત  પુરવાર થઈ શકે. કદાચ ચર્ચાનો મુદ્દો સમાજમાં નૈતિકતાનું પતન અથવા દુનિયાની પ્રગતિ માટે કેવી રીતે કાર્ય કરવું, તે હોઈ શકે છે. એવા વિભિન્ન વાર્તાલાપો ઉપર ચિંતન કરો જેમાં તમે મિત્રો, પરિવારના સભ્યો, અને પરિચિતો સાથે જોડાઓ છો. તેમના મનને જે મુદ્દાઓ વ્યસ્ત રાખે છે, શું તેમાંથી એવા કોઈ મુદ્દાઓ છે જે સ્વયં આ કથનમાં આપેલા વિચારો વિશેની ચર્ચા તરફ લઈ જાય ?

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૩. તમે હમણાં જ જેનો અભ્યાસ કરી ગયા છો એવા વિષયો પરના વાર્તાલાપો દરમિયાન ઘણીવાર પ્રશ્નો ઉભા થાય છે. જો કોઈ તમને આ પ્રશ્ન પુછે તો શું જવાબ આપશો : ‘‘કોણ છે એવા કેટલાક કેળવણીકારો જેના વિશે તમે વાત કરી રહ્યા છો ?’’

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૪. માનવજાતને એક કેળવણીકારની જરૂર છે તેને લગતા બહાઉલ્લાહના લખાણોમાંથી થોડા અવતરણો નીચે આપેલા છે. તેના પર ચિંતન કરો અને ઓછામાં ઓછું એક અવતરણ મોઢે કરો. આવી રીતે, જયારે ઉચિત હોય ત્યારે, તમે પવિત્ર લખાણોમાંથી અવતરણોને તમારા વક્તવ્યમાં વણી લઈ શકશો.

**“બધા માનવીઓનું સર્જન સદા-વિકસિત સંસ્કૃતિને આગળ ધપાવવા માટે થયું છે.”[૧]**

**“ઈશ્વરના ગુણગાન હો! માવજાત સમક્ષ તેની જાતને પ્રગટ કરવાનો એક સત્ય ઈશ્વરનો ઉદ્દેશ એવા રત્નો અનાવરિત કરવાનો છે, જે માનવીના સાચા અને અંતરત્તમ ‘સ્વ’ની ખાણમાં છુપાયેલા છે.”[૨]**

**“તેમના અવતારોને પૃથ્વી પર મોકલવાનો ઈશ્વરનો બેવડો ઉદ્ધેશ છે. પહેલો ઉદ્ધેશ છે માનવ સંતાનોને અજ્ઞાનતાના અંધકારમાંથી મુક્ત કરવાનો અને તેમને સાચી સમજના પ્રકાશ તરફ માર્ગદર્શન પુરૂં પાડવાનો. બીજો ઉદ્ધેશ છે માનવજાતની શાંતિ અને સુવ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો અને એવા બધા સાધનો પુરા પાડવાનો જેનાથી તેની સ્થાપના થઈ શકે.”[૩]**

**“દરેક સમય અને પરિસ્થિતિમાં મનુષ્યને એક એવી વિભૂતિની જરૂર હોય છે, જે તેને ઉપદેશ આપે, તેને મર્ગદર્શન આપે તથા તેને બોધ અને શિક્ષણ આપે.”[૪]**

## વિભાગ ૩

નીચેના ફકરા વર્ણવે છે કે, ઈશ્વરને કેવી રીતે માત્ર તેના અવતારો દ્વારા જ જાણી શકાય છે અને જયારે તમે તમારા મિત્રો સાથે વાર્તાલાપ કરશો ત્યારે તે તમને મદદરૂપ બનશે.

> અનંત બ્રહ્માંડ વિશે વિચાર કરો. શું કોઈ સર્જનહાર વિના તેનું સર્જન થવું શક્ય છે ? અથવા જેનું તેણેં સર્જન કર્યું છે તે તેના સર્જનહારની વાસ્તવિકતાને કદી સમજી શકશે ખરૂં ? જો આપણે આખી સૃષ્ટિનું અવલોકન કરીએ તો, આપણે જોઈ શકીશું કે જે ચીજ નિમ્ન સ્તરની છે તે તેની શક્તિને સમજવા અક્ષમ છે જે ઉચ્ચ સ્તરની છે. આમ, પથ્થર અને વૃક્ષનો ગમે તેટલો વિકાસ થાય છતાં, તે કદી દૃષ્ટિ અને શ્રવણશક્તિ વિશે સમજી શકે નહી. પ્રાણી કદી માનવ અસ્તિત્વની વાસ્તવિકતાને સમજી શકે નહી અને માનવ ચેતનાની શક્તિઓ વિશે જાણી શકે નહી. તેથી, આપણે જે સર્જાયેલા છીએ તે, કેવી રીતે આપણા સર્જનહારની વાસ્તવિકતાને સમજી શકીએ ?
>
> આપણી સમજ કદી ઈશ્વર સુંધી પહોંચી શકતી નહી હોવા છતાં, આપણે તેને જાણવાથી વંચિત નથી. સમયે સમયે ધરતી પર એક વિશેષ વિભૂતિ પ્રગટ થાય છે જે ઈશ્વરનો અવતાર હોય છે. બધી સંપૂર્ણતાઓ, કૃપા અને તેજસ્વીતા જેની માલિકી ઈશ્વરની છે તે આ પવિત્ર અવતારોમાં દેખાય છે, જેવી રીતે સૂર્યના કિરણો એક ચોખ્ખા અને ચકચકિત અરિસામાં પ્રગટ થાય છે. અરિસો સૂર્યને પ્રતિબિંબિંત કરે છે એમ કહેવાનો અર્થ એવો નથી કે સૂર્ય તેની ઉંચાઈએથી નીચે આવી ગયો છે અને અરિસામાં સમાઈ ગયો છે. એવી જ રીતે, પાવનતાના સ્વર્ગમાંથી ઈશ્વર અસ્તિત્વની આ દુનિયામાં નીચે આવતો નથી. તેનો અર્થ આ છે કે: માનવજાત ઈશ્વરના નામો અને ગુણો અને સંપૂર્ણતાઓ વિશે જે બધું જાણે છે, શીખે છે અને સમજે છે તેનો સંદર્ભ તેના પવિત્ર અવતારો છે.

૧. ઉપરોક્ત કથનનું તમારા જૂથમાં કેટલીક વાર વાંચન કર્યા પછી અને તેના વિષય વિશે એકબીજાને પુછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપ્યા પછી, તમારે આ વિચારોનું સરળતાથી વર્ણન કરવાનો મહાવરો કરવો જોઈએ.
૨. અહિં તમે જે વિચારો વિશે શીખ્યા છો, તેને કેવી રીતે તમે એક વાર્તાલાપમાં સરળતાથી પ્રસ્તુત કરી શકશો તેના વિશે તમારા જૂથમાં ચર્ચા કરો. ઉદાહરણ તરીકે, ઈશ્વરનું અસ્તિત્વ અને જીવનનો

ઉદ્દેશ વિશેની ચર્ચામાં તેનો સરળતાથી સમાવેશ કરી શકાશે. તમારો પરિવાર અને મિત્રો સાથેના વાર્તાલાપમાં ઉદ્ભવતા એવા કયા વિષયો અને પ્રશ્નો છે જે તમને આ વિષયોની ચર્ચા કરવાની સંભવના પૂરી પાડી શકે છે ?

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૩. ધારો કે, તમારા મિત્રો સાથેના વાર્તાલાપ દરમિયાન હાલમાં તમે જે વિચારોનો અભ્યાસ કર્યો છે તેની રજુઆત કરવાનો તમને અવસર મળે છે. જો તેમાંથી કોઈ તમને નીચેનો પ્રશ્ન પૂછે તો તમે શું જવાબ આપશો : “ઈશ્વર વિશેની એવી કઈ ચીજો છે જે આપણે તેના અવતારો દ્વારા જાણીએ છીએ ?”

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૪. તમે બહાઉલ્લાહના લખાણોમાંથી નીચેના અવતરણો મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છે, કે જેથી આ વિષય વિશે તમારા મિત્રો સાથે વાત કરતા હોય ત્યારે તમે તેનો સંદર્ભ આપી શકો.

**“તેનું જ્ઞાન, જે સમસ્ત ચીજોનું મૂળ છે અને તેની પ્રાપ્તિ સત્યના સૂર્યમાંથી અવતરિત એવા આ તેજસ્વી અવતારોનું જ્ઞાન અને તેની પ્રાપ્તિ સિવાય અસક્ય છે.”**[૫]

**“અવતારી પુરૂષ હંમેશા ઈશ્વરના પ્રતિનિધિ અને મુખપત્ર રહ્યા છે. સત્યતઃ તે ઈશ્વરના સર્વોત્કૃષ્ટ શિર્ષકોની દિવ્ય વસંત અને તેના સ્તુત્ય ગુણોનું ઉદય સ્થળ છે.”**[૬]

**“વધુમાં, તમે નિશ્ચિંત રહો કે, ઈશ્વરના આ અવતારોમાં દરેકે દરેક અવતારના કાર્યો અને પ્રવૃતિઓ જ નહી, પરંતું તેમને લગતું બધુંજ, અને ભવિષ્યમાં તેઓ જે કંઈ પ્રગટ કરશે તે બધું, ઈશ્વર દ્વારા આદેશિત છે તથા તેની ઈચ્છા અને ઉદ્દેશનું એક પ્રતિબિંબ છે.”**[૭]

## વિભાગ ૪

ધર્મની એકત્વતા એક એવો વિષય છે જેમાં ઘણા લોકોને રસ પડે છે, અને નીચેના વિચારો અનેક અવસરે તમારી સહાયતા કરશે :

> આપણે પ્રકાશના પ્રેમી બનવું જોઈએ, પછી તે કોઈપણ દીવામાંથી પ્રગટ થતો હોય. આપણે ગુલાબના પ્રેમી બનવું જોઈએ, પછી તે કોઈપણ બાગમાં ખીલતું હોય. આપણે સત્યના જીજ્ઞાસુ બનવું જોઈએ, પછી તે કોઈપણ સ્ત્રોતમાંથી આવતું હોય. એક દીવો પ્રત્યેની પ્રીતિ, જયારે તે પ્રકાશ બીજા દીવામાંથી પ્રકાશતો હોય ત્યારે તેનો સ્વીકાર કરવાથી આપણને અટકાવે છે. સત્યની શોધ કરતી વખતે, આપણે પૂર્વનિર્ધારિત કલ્પનાઓથી આપણી જાતને મુક્ત કરી લેવી જોઈએ અને આપણા પૂર્વગ્રહોનો ત્યાગ કરવો જાઈએ. જો આપણો કપ ‘સ્વ’થી ભરેલો હોય તો, તેમાં જીવન જળ માટે કોઈ જગ્યા રહેશે નહી.

ધર્મ આ દુનિયાનો પ્રકાશ છે. તે આપણાં પગલાંને માર્ગદર્શન આપે છે અને આપણી સમક્ષ અનંત ખુશીના દ્વાર ખોલે છે. જયારે આપણે, કટ્ટરવાદી માન્યતાઓ અને અંધાનુકરણના પ્રતિબંધોથી મુક્ત રહીને બધા મહાન ધર્મોના શિક્ષણોનું સંશોધન કરીએ છીએ ત્યારે, આપણે સમજવા લાગીએ છીએ કે તેઓ બધા એક સમાન પાયા ઉપર ઉભા છે. તેઓ બધા ઈશ્વરનું જ્ઞાન પ્રગટ કરે છે. તેઓ માનવ જગતની પ્રગતિ ઈચ્છે છે.

નિ:શક, સમય અને સ્થળની જરૂરીયાતો અનુસાર દરેક ધર્મ દ્વારા પ્રસારિત સામાજિક કાયદા અને નિયમોમાં તફાવત હોય છે. પરંતું તેના સારત્વમાં બધા ધર્મો એક જ છે. તે આસ્થા, જ્ઞાન, યકીન, ન્યાય, ધર્મનિષ્ઠા, ઉચ્ચ માનસિકતા, વિશ્વાસપાત્રતા, ઈશ્વરનો પ્રેમ અને ઉદારતાનો વિકાસ કરે છે. તે પવિત્રતા, અનાસક્તિ, વિનમ્રતા, સહનશીલતા, ધૈર્ય અને વફાદારી શીખવે છે. દરેક ધર્મકાળમાં આ માનવીય ગુણોનું નવીકરણ થાય છે.

આ દુર્ભાગ્ય છે કે, પૂર્વગ્રહ અને અંધાનુકરણને લીધે, ઘણાં લોકો ધર્મના આધારભૂત એકત્વને જોઈ શકતા નથી. સત્ય એ માનવજાત માટે ઈશ્વરનું માર્ગદર્શન છે, અને સત્યનું વિભાજન થતું નથી; તે એક જ છે. જો આપણે પૂર્વનિર્ધારિત ધારણાઓને બાજુએ મુકીને, સ્વતંત્રપણે સત્યની શોધ કરીશું તો, આપણી શોધ એકતા તરફ લઈ જશે. ધર્મએ આપણને એક કરવું જોઈએ; તેણેં લોકો વચ્ચે પ્રેમના બંધનોની સ્થાપના કરવી જોઈએ. જો તે દુશ્મનાવટ અને ઝઘડાનું કારણ બને છે, તો તેની ગેરહાજરી ઈચ્છનીય છે.

૧. અગાઉના વિભાગોની જેમ, આ ફકરાઓનું તમારા જૂથમાં તમારે કેટલીક વાંચન કરવું જોઈએ, તેના વિચારોના સંદર્ભમાં એકબીજાને પ્રશ્નો પૂછવા જોઈએ અને તેની સારી રીતે રજુઆત કરવાનો મહાવરો કરવો જોઈએ.
૨. હમણાં તમે જે વિચારોનો અભ્યાસ કરી ગયા છો તેને, ઉદાહરણ તરીકે, ધાર્મિક સંઘર્ષ જે ઘણીવાર લોકોના મનમાં હોય છે, તે અંગેના એક વાર્તાલાપમાં કેવી રીતે વણી લેશો તેના વિશે તમે તમારા જૂથમાં વિચાર કરી શકો છો. પરંતું તમે તમારી જાતને એવા કેટલાક મિત્રો સાથે નિહાળી શકો છે જેઓ સત્યની શોધ કરવાનું અને પ્રચાર-પ્રસાર દ્વારા વશમાં નહી થવાનું મહત્વ અંગે ચર્ચા કરતા હોય. મિત્રો અને પડોશીઓ, સહકર્મીઓ અને પરિચિતો સાથેના તમારા તાજેતરના વાર્તાલાપો વિશે વિચાર કરો. એવા કયા વિષયો તેમના મનમાં હોય છે જેને આ વિચારોની આજુબાજુની ચર્ચામાંથી લાભ મળી શકે છે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૩. વાર્તાલાપમાં ઉપરોક્ત વિચારોની આપ-લે કર્યા પછી, જો કોઈ તમને નીચેન પ્રશ્ન પૂછે કે, "એવી કેટલીક સચ્ચાઈ કઈ છે જે બધા ધર્મોમાં એક સમાન છે ?" તો તમે શું જવાબ આપશો.

________________________________________

________________________________________

________________________________________

૪. સુચન કરવામાં આવે છે કે, તમે બહાઉલ્લાહના લખાણોમાંથી નીચે આપેલા અવતરણોમાંથી એક - બે અવતરણો મોઢે કરો :

**"દુનિયાના લોકો ગમે તે વંશ કે ધર્મના હોય, પરંતુ તેઓ એક જ સ્વર્ગીય સ્ત્રોતમાંથી પ્રેરણા પ્રાપ્ત કરે છે તથા એક જ ઈશ્વરને આધિન છે તેમાં કોઈ શંકા નથી."[૮]**

**"બધા ધર્મોના અનુયાયી સાથે મિત્રતા અને બંધુત્વની ભાવનાથી સુમેળ સાધો."[૯]**

**"ઈશ્વર અને તેના ધર્મનો મૂળભૂત ઉદ્ધેશ માનવ હિતોનું રક્ષણ કરવાનો અને માનવ જાતિની એકતામાં અભિવૃદ્ધિ કરવાનો છે."[૧૦]**

**"ઈશ્વરનો ધર્મ પ્રેમ અને એકતા માટે છે, તેને દુશ્મનાવટ અને ઝઘડાનું કારણ નહી બનાવો."[૧૧]**

## વિભાગ ૫

વિજ્ઞાન અને ધર્મ વચ્ચેનો સબંધ એ બીજો એક વિષય છે જેનો તમને અભ્યાસ કરવાનું કહેવામાં આવે છે.

ધર્મનો વિજ્ઞાન સાથે સુમેળ હોવો જોઈએ. ઈશ્વરે આપણને તર્કશક્તિ પ્રદાન કરી છે જેથી આપણે સમજી શકીએ કે સાચું શું છે. વિજ્ઞાન અને ધર્મ બંન્ને તર્કના પ્રમાણ પૂરા પાડે એવી અપેક્ષા રાખવામાં આવે છે. તેથી, તેમનો એકબીજા સાથે સુમેળ હોવો જોઈએ. તે એવી બે પાંખો છે જેનાથી માનવીય બુદ્ધિમત્તા મહાન ઊંચાઈએ વિહાર કરી શકે છે, એવી બે પાંખો જેનાથી માનવજાત ઉડી શકે છે. એક જ પાંખ પર્યાપ્ત નથી.

વિજ્ઞાન ઈશ્વરનો એક ઉપહાર છે. તે ભૌતિક જગતના નિયમો શોધી કાઢે છે અને પ્રકૃતિએ આપણી ઉપર લાદેલી મર્યાદાઓ ઉપર વિજય મેળવવા આપણને સક્ષમ બનાવે છે. વૈજ્ઞાનિક સાધનો દ્વારા, નરી આંખ માટે અદૃષ્ય એવી ચીજો આપણે જોઈ શકીએ છીએ અને એક ક્ષણમાં ખૂબ દૂર સુંધી વાતચિત કરી શકીએ છીએ. વિજ્ઞાન વર્તમાન અને ભૂતકાળને એક કરે છે તથા ભવિષ્યના રહસ્યોને ભેદે છે. લોકોની પ્રગતિ વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓ ઉપર નિર્ભર છે.

ઈશ્વરનો ધર્મ સત્યનો પ્રવર્તક, જ્ઞાનનો સમર્થક અને માનવજાતને સંસ્કૃતિ પ્રદાન કરનાર છે. ધર્મ વિના, વિજ્ઞાન ભૌતિકવાદની પ્રગતિનું એક સાધન બની જાય છે, અંતે તે નિરાશા તરફ દોરી જાય છે. જયારે ધર્મ વિજ્ઞાનનો વિરોધ કરે છે ત્યારે, તે માત્ર અંધવિશ્વાસ બની જાય છે. જો ધર્મ અને વિજ્ઞાન સુમેળપૂર્વક એકબીજાની સાથે ચાલે તો, મોટાભાગની ઘૃણા અને કડવાહટ જે હાલમાં માનવજાતના દુ :ખનું કારણ બની રહ્યું છે તેનો અંત આવી જશે.

૧. હંમેશની જેમ, તમારા જૂથમાં એક પછી એક ફકરો કેટલીક વાર વાંચો, અને તેના વિચારોને સહજ રીતે પ્રસ્તુત કરવાનું શીખી લો ત્યાં સુંધી એકબીજાને પ્રશ્નો પૂછો.
૨. જો કોઈ તમને પ્રશ્ન પૂછે કે, "ધર્મ તો ભૂતકાળની વસ્તુ છે ; વિજ્ઞાન માનવજાતની સમસ્યાનો ઉકેલ લાવી દેશે" તો તમે શું પ્રતિભાવ આપશો. શું આ વાત તેની સ્પષ્ટતા કરવામાં તમારી મદદ કરશે કે ધર્મ અંધવિશ્વાસ જેવો નથી, પરંતું વિજ્ઞાન વિના તે અંધવિશ્વાસ બની જાય છે, અને ધર્મ વિના વિજ્ઞાન ભૌતિકવાદમાંથી જન્મતી નિરાશા તરફ દોરી જાય છે ? શું તમે ઉદાહરણ આપી શકશો કે તે કેવી રીતે ઘટીત થાય છે ?

_______________________________________________________________________

_______________________________________________________________________

_______________________________________________________________________

_______________________________________________________________________

૩. સુચન કરવામાં આવે છે કે, તમે બહાઉલ્લાહના લખાણોમાંથી આપેલા નીચેના અવતરણોમાંથી એક-બે અવતરણો મોઢે કરો :

**"આ કૃપાઓમાંથી ઈશ્વર દ્વારા પ્રદત્ત પહેલી અને અગ્રણી કૃપા છે 'સમજનો ઉપહાર'... આ ઉપહાર મનુષ્યને બધી ચીજોમાં સત્ય જોવાની શક્તિ આપે છે, જે સત્ય છે તેના તરફ દોરી જાય છે, અને તેને સૃષ્ટિના રહસ્યો શોધવામાં મદદ કરે છે."[૧૨]**

**"દુનિયા તરફ જુઓ અને થોડી વાર વિચાર કરો. તે તમારી આંખો સમક્ષ તેની પોતાની જાતનું પુસ્તક અનાવરિત કરે છે અને તેને પ્રગટ કરે છે જેને તમારા પ્રભુએ અંકિત કર્યું છે, તે વિધાતા છે, સર્વજ્ઞ છે."[૧૩]**

**"જ્ઞાન તો માનવ જીવનની પાંખો, અને તેના આરોહણ માટેની એક સીડી સમાન છે. તેની પ્રાપ્તિ દરેક માટે અનિવાર્ય છે."[૧૪]**

### વિભાગ ૬

માનવજાતિની એકત્વતા એક એવો વિષય છે જેનો આજે દરેક જગ્યાના લોકોના હૃદયોમાં પડઘો પડે છે, અને ઘણા લોકો નીચે પ્રસ્તુત વિચારોની તેમની સાથે ચર્ચા કરવા માટે તમારૂં સ્વાગત કરશે.

એક એવો બગીચો જેમાં અનેક રંગ અને સુગંધના ફૂલો એકસાથે ખીલે છે તે આંખને ખુશી આપે છે. અને અલગ અલગ હોવા છતાં, દરેક ફૂલ એક સરખા વરસાદથી તાજગી મેળવે છે અને એક જ સૂર્યમાંથી ઉર્જા મેળવે છે. માનવજાત માટે પણ આ સાચું છે. તે અનેક જાતિઓ અને રંગોની બનેલી છે. પરંતું બધા એક જ ઈશ્વર તરફથી આવે છે અને બધાનું મૂળ એક સમાન છે. જેવી રીતે સંગીતમાં અલગ અલગ તાર ભેગા મળીને એક સંપૂર્ણ શૂર બનાવે છે, એવી જ રીતે માનવ પરિવારમાં વિવિધતા એ સદ્ભાવનો એક સ્ત્રોત હોવો જોઈએ.

અસ્તિત્વ માટે એકતા આવશ્યક છે. પ્રેમ એ જીવનનું મૂળ કારણ છે. ભૌતિક જગતમાં, આકર્ષણના નિયમ દ્વારા બધી ચીજો એક સાથે જોડાઈ રહે છે. આકર્ષણનો નિયમ એક સુંદર ફૂલના રૂપમાં ચોક્કસ તત્વોને એકસાથે ભેગા કરે છે. પરંતું જયારે આ આકર્ષણને દૂર કરી દેવામાં આવે છે ત્યારે, ફૂલનું વિઘટન થાય છે અને તેના અસ્તિત્વનો અંત આવે છે. માનવજાત સાથે પણ આવું જ છે. આકર્ષણ, સુમેળ અને એકતા એવી શક્તિઓ છે જે માનવજાતને એકસાથે પકડી રાખે છે.

બહાઉલ્લાહે આ દુનિયાના બધા લોકોને એક કરવાની રૂપરેખા બનાવી છે. તેમને એકતાના વર્તુળમાં લાવવા માટે આપણે દરેક પ્રયત્ન કરવો જોઈએ. જયારે આપણે અલગ અલગ જાતિ, રાષ્ટ્રિયતા, ધર્મ અને મંતવ્યવાળા લોકોને મળીએ છીએ ત્યારે, આપણે આ તફાવતોને આપણી વચ્ચે બાધારૂપ બનવા દેવું જોઈએ નહી. આપણે તેમનો માનવજાત રૂપી સુંદર બગીચામાં વિકાસ

પામતા વિવિધ રંગના ગુલાબ તરીકે વિચાર કરવો જોઈએ અને આપણેં તેમના પૈકી એક હોવાનો આનંદ માણવો જોઈએ.

૧. ઉપરોક્ત કથનનો તમારા જૂથમાં અભ્યાસ કર્યા પછી, અગાઉના વિભાગની જેમ, તમારી આસપાસ અનાવરિત થતા અનેક વાર્તાલાપો વિશે વિચાર કરો. લોકોના મનમાં ઉદ્ભવતા એવા કયા વિષયો છે જે આ વિષયની આપ-લે કરવાની સંભવનાને ખોલી શકે છે ?

___________________________________________________________________

___________________________________________________________________

___________________________________________________________________

___________________________________________________________________

૨. માનવજાતની એકત્વતા ઉપરનો વાર્તાલાપ કદાચ એક વ્યક્તિના પોતાના સમુદાયમાં એકતાનું મહત્વ વિશેની ચર્ચા તરફ દોરી શકે છે. શું તમે થોડા શબ્દોમાં વર્ણન કરી શકો છો કે, તેમાં આપણે કેવી રીતે યોગદાન આપી શકીએ છીએ ?

___________________________________________________________________

___________________________________________________________________

___________________________________________________________________

૩. તમે બહાઉલ્લાહના લખાણોમાંથી આપેલા નીચેના અવતરણોમાંથી એક -બે અવતરણો મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો કે જેથી જયારે તમે તમારા મિત્રો સાથે આ વિષય ઉપર વાતચિત કરતા હોય ત્યારે તેનો સંદર્ભ ટાંકી શકો :

**"એકતાનો મંડપ-વિતાન ઊભો કરી દેવામાં આવ્યો છે; તમે એકબીજાને અજાણ્યા નહી સમજો. તમે એક જ વૃક્ષના ફળ અને એક જ ડાળના પાંદડા છો."**[૧૫]

**"એકતાનો પ્રકાશ એટલો શક્તિશાળી છે કે તે સમસ્ત ધરતીને પ્રકાશિત કરી શકે છે."**[૧૬]

**"એકતા તરફ ઉન્મુખ થાઓ અને તેના પ્રકાશને તમારી ઉપર પ્રકાશિત થવા દો. તમે બધા એકત્રિત થાઓ અને તમારી વચ્ચે જે વિવાદનો સ્ત્રોત છે તેને ઈશ્વરને ખાતર જળમૂળથી ઉખેડી નાખવાનો સંકલ્પ કરો."**[૧૭]

**"જે ભાઈચારો, દયાભાવ અને એકતામાં અભિવૃદ્ધિ કરશે તેને દૃઢપણે વળગી રહેવું માનવી માટે શોભનીય છે."**[૧૮]

## વિભાગ ૭

નીચેનું કથન ન્યાયના વિષય પરની ચર્ચામાં યોગદાન આપવામાં તમારી મદદ કરશે, જે મોટાભાગના લોકોની મોટી ચિંતાનો એક વિષય છે.

વ્યક્તિઓની ક્ષમતામાં તફાવત એ માનવ અસ્તિત્વ માટેની મૂળભૂત જરૂરીયાત છે. તેથી, દરેક સંદર્ભમાં બધા લોકોનું એક સરખું હોવું શક્ય નથી. છતાં પણ, માનવીય કાર્યકલાપો, તેની સંપૂર્ણતામાં, ન્યાયના સિધ્ધાંત દ્વારા સંચાલિત થવા જોઈએ. ન્યાય પવિત્ર હોવો જોઈએ અને દરેક વ્યક્તિના અધિકારોની સુરક્ષા થવી જોઈએ.

ન્યાય મર્યાદિત નથી; તે એક સર્વવ્યાપી ગુણ છે. તે માનવ જીવનના દરેક વિભાગોમાં કાર્ય કરતો હોવો જોઈએ. સમાજના દરેકે દરેક સભ્યએ સંસ્કૃતિના લાભોનો આનંદ માણવો જોઈએ, કારણકે આપણે બધા માનવજાત રૂપી શરીરના અંગો છીએ. જો આ શરીરનું એક અંગ ઊંડી વેદના કે સંતાપમાં હોય તો, બાકીના બધા સભ્યોએ અનિવાર્યપણે તે સહન કરવું જોઈએ. જયારે એક સભ્ય પીડિત હોય ત્યારે, બીજા સભ્યો કેવી રીતે આરામથી રહી શકે છે ? આજના સમાજમાં પારસ્પરિકતા અને સપ્રમાણતાનો અભાવ છે ; તે સુ-આયોજિત નથી. એવા નિયમો અને સિધ્ધાંતોની જરૂર છે જે સમસ્ત માનવ પરિવારનું કલ્યાણ અને સુખ સુનિશ્ચિત કરશે.

ન્યાય પુરસ્કાર અને સજાના સ્તંભો ઉપર સ્થાપિત છે. જે સરકારો વિશ્વાસ વગર, અને દિવ્ય બદલાનો ડર વિના શાશન કરે છે, તેઓ અન્યાયી કાયદાનો અમલ કરશે. જો અત્યાચારને દૂર કરવો હોય તો પુરસ્કારની આશા અને સજાનો ડર બંન્ને જરૂરી છે. કાયદાના ધારાશાસ્ત્રીઓ અને વહિવટકર્તાએ તેમના નિર્ણયોના આધ્યાત્મિક પરિણામોથી સભાન રહેવું જોઈએ. એવા શાશકો જેઓ માને છે કે, આ દુન્યવી જીવન પછી તેમના કાર્યોના પરિણામો તેમનું અનુસરણ કરશે અને જાણે છે કે તેમના ચુકાદાઓ દિવ્ય ન્યાયના ત્રાજવે તોલાશે, તો નિ:શક તેઓ જુલમ અને અત્યાચારથી દૂર રહેશે.

૧. એક વાર તમે ઉપરોક્ત વિચારોને સહજ રીતે પ્રસ્તુત કરવાનું શીખી લો તેના પછી, કયા વિષયોને લગતા વાર્તાલાપોમાં આ કથનમાં પ્રસ્તુત અંત:દ્દષ્ટિઓ લાભદાયી બનશે તે અંગે વિચાર કરો.

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૨. જો કોઈ માનતું હોય કે અન્યાયનો કદી અંત નહી આવે, તો તમે કેવી રીતે તેનો પ્રતિભાવ આપશો ?

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૩. બહાઉલ્લાહના લખાણોમાંથી ન્યાયના સંદર્ભમાં કેટલાક અવતરણો નીચે આપેલા છે, જેને મોઢે કરવા તમને પ્રોત્સાહન આપવામાં આવે છે.

**"ન્યાય એ મનુષ્યનો પ્રકાશ છે. તેને અત્યાચાર અને જુલમના વિરોધી પવનોથી બુઝાવી ન દો. ન્યાયનો ઉદ્દેશ મનુષ્યો વચ્ચે એકતા લાવવાનો છે."**[૧૯]

**"ન્યાય સાથે કોઈપણ પ્રકાશની સરખામણી કરી શકાય નહી. દુનિયાની વ્યવસ્થા અને માનવજાતની પ્રશાંતિ તેના ઉપર નિર્ભર છે."**[૨૦]

**"તે જે દુનિયાને તાલીમ આપે છે તે ન્યાય છે, કારણકે તે પુરસ્કાર અને સજા રૂપી બે સ્તંભ ઉપર આધારિત છે. દુનિયા માટે આ બે સ્તંભ જીવનનો સ્ત્રોત છે."**[૨૧]

## વિભાગ ૮

પસાર થઈ રહેલા દરેક દિવસની સાથે શ્રીમંત અને ગરીબ વચ્ચેનું અંતર વધતું જાય છે, અને નીચેના વિચારો આ તથા તેની સાથે સબંધિત વિયયો પરની મિત્રો સાથેની વાતચિતમાં તમારી સહાયતા કરશે.

આજે પારસ્પરિકતા અને સદભાવપૂર્ણ સબંધોના અભાવે, સમાજના કેટલાક સભ્યો સંતુષ્ટ છે, ખુબ સુખચેનથી અને વૈભવી જીવન જીવે છે, જયારે બીજાને ખોરાક અને આશ્રયની જરૂર છે. કેટલાક બેહદ શ્રીમંત છે, અને બીજા અત્યંત ગરીબાઈમાં જીવે છે.

એવી રીતે સમાજના નિયમોની રચના કરવી જોઈએ અને તેનો અમલ કરવો જોઈએ કે જુજ લોકો માટે અમર્યાદ સંપતિ ભેગી કરવાનું અને બીજા માટે નિરાધાર રહેવાનું શક્ય નહી બને. તેનો અર્થ એવો નથી કે બધા એક સમાન હોવા જોઈએ, કારણકે, પ્રમાણ અને ક્ષમતામાં તફાવત એ સૃષ્ટિ માટે સહજ છે. પરંતું નિરાશાજનક ગરીબાઈ સાથે સંકળાયેલી ધનસંપતિના દુ:ખદ અતિરેકને નાબૂદ કરી શકાય છે. જો એક મૂડીવાદી માટે સંપતિ ધારણ કરવી યોગ્ય હોય તો, તે સમાનપણે ન્યાયી છે કે કામદાર પાસે અસ્તિત્વના પર્યાપ્ત સાધનો હોવા જોઈએ. જો આપણે અતિશય ગરીબાઈ જોઈએ છીએ તો, કયાંકને કયાંક આપણને જુલમ જોવા મળશે.

આ બાબતનો સાર આ છે કે માનવીય પરિસ્થિતિઓમાં દિવ્ય ન્યાય પ્રગટ થવો જોઈએ. આખી આર્થિક પરિસ્થિતિનું મુળભૂત સ્વરૂપ આધ્યાત્મિક છે અને તે હૃદય અને ચેતનાની દુનિયા સાથે સંકળાયેલો છે. શ્રીમંતોએ તેમની વિપૂલતા આપવી જોઈએ; તેમણેં તેમના હૃદય નરમ રાખવા જોઈએ અને કરૂણામય બુદ્ધિમત્તાનો વિકાસ કરવો જોઈએ. હૃદયો એકબીજા સાથે એટલા જોડાયેલા હોવા જોઈએ, પ્રેમનું એટલું પ્રભુત્વ હોવું જોઈએ કે શ્રીમંતો આર્થિક સમાયોજનની સ્થાપના કરવા માટે સ્વેચ્છાએ કાયમી પગલાં લે. તેમણેં જાતે સમજવું જોઈએ કે, જયારે સમુદાયમાં અતિશય ગરીબી હોય ત્યારે વિશાળ સંપતિ ધારણ કરવું એ ન્યાયી કે કાયદેસર નથી. એવી રીતે, તેઓ સ્વેચ્છાએ તેમની સંપતિ આપશે, અને માત્ર આરામદાયક જીવન જીવવા માટે તેમને સક્ષમ બનાવે એટલી જ સંપતિ તેમની પાસે રાખશે.

૧. ઉપરોક્ત કથન વાંચો અને હંમેશની જેમ તમારા જૂથમાં તેનો અભ્યાસ કરો. લોકોના મનમાં અનેક વિષયો હોય છે જે સંપતિ અને ગરીબી સાથે સબંધિત છે, જેમકે રોજગારી, વેતન, આવાસન, વગેરે. શું તમે એવા બીજા વિષયો અંગે વિચાર કરી શકો છો જેને આ કથનના વિચારોમાંથી લાભ મળી શકે છે ?

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૨. તમને ઉપરોક્ત વિચારો વિશે વાત કરતાં સાંભળીને જો કોઈ વ્યક્તિ નીચેનો પ્રશ્ન પૂછે તો તમે શું જવાબ આપશો: “શું તમે એમ કહો છો કે ધનવાનો સમજવા લાગશે અને દૃઢપણે કરવેરાને સમર્થન આપશે, અને તેમણેં ખરેખર જેટલો કર ચુકવવો જોઈએ તે સ્વેચ્છાએ ચુકવશે ? કઈ બાબત તમને એવો વિચાર કરવા પ્રેરણા આપે છે કે આવું શક્ય છે ?”

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૩. સુચન કરવામાં આવે છે કે તમે બહાઉલ્લાહના લખાણોમાંથી આપેલા નીચેના અવતરણોમાંથી એક -બે અવતરણો મોઢે કરો:

**"...તમારે સુંદર અને અદ્‌ભૂત ફળ આપવા જોઈએ, જેનાથી તમને અને બીજા લોકોને લાભ મળી શકે. એટલે તમારા બધા માટે ફરજિયાત છે, કે તમે કોઈ કળા કે વ્યવસાયમાં પ્રવૃત્ત થાઓ, કારણકે આમાં જ સમૃદ્ધિનું રહસ્ય નિહિત છે, હે સમજદાર લોકો!"[૨૨]**

**"જો તારી આંખો દયા તરફ વળી છે તો, એવી ચીજોને ન્યોછાવર કરી દો જે તને લાભદાયી છે અને તેને વળગી રહો જે માનવજાતને લાભદાયી બનશે. અને જો તારી આંખો ન્યાય તરફ વળી છે તો, તું તારા પડોશી માટે તેની પસંદગી કર જેની તું તારા પોતાના માટે પસંદગી કરે છે."[૨૩]**

**"આશીર્વાદિત છે તે જે પોતાની જાત કરતાં તેના ભાઈને પ્રાધાન્ય આપે છે."[૨૪]**

**"કોઈ પણ સારૂ કાર્ય કદી ખોવાઈ ગયું નથી કે નહી ખોવાઈ જશે, કારણકે પરોપકારી કાર્યો ઈશ્વર પાસે લોકોના લાભ માટે સુરક્ષિત એવા ખજાનાઓ છે જેઓ કાર્ય કરે છે."[૨૫]**

**"... સતર્ક રહો કે તમે સંયમની મર્યાદા ઓળંગો નહી અને તમારી ગણતરી પથભ્રષ્ટોમાં નહી કરાવો."[૨૬]**

## વિભાગ ૯

નીચે કેટલાક વિચારો આપવામાં આવ્યા છે જે પૂર્વગ્રહના વિષયને લગતી ચર્ચામાં ભાગ લેવામાં તમારી સહાયતા કરશે.

બધા પ્રકારના પૂર્વગ્રહો -ધાર્મિક, જાતિય, લૈંગિક, વંશીય, આર્થિક -માનવતાની ઈમારતનો વિનાશ કરે છે અને તે ઈશ્વરના આદેશોની વિરૂદ્ધ છે. હજારો વર્ષ સુંધી માનવતાએ યુધ્ધ સહન કર્યું છે અને આ પૂર્વગ્રહોને કારણે એક-બીજાનું લોહી રેડાયું છે. જયાં સુંધી તે ચાલુ રહેશે ત્યાં સુંધી, માનવતાને આરામ નહી મળે.

પ્રેમ અને એકતાનું નિર્માણ કરવાના મુખ્ય ઉદ્દેશ માટે ઈશ્વરે તેના અવતારોને મોકલ્યા છે. બધા સ્વર્ગીય ગ્રંથો પ્રેમના લેખિત શબ્દ છે. જો તે અણબનાવનું કારણ બને છે તો, તે નિરર્થક બની ગયા છે. તેથી, ધાર્મિક પૂર્વગ્રહો ખાસ કરીને ઈશ્વરની ઈચ્છા અને આદેશની વિરૂદ્ધ છે.

રાષ્ટ્રિય પૂર્વગ્રહ સંપૂર્ણપણે અન્યાયી છે. ધરતી એક ભૂમિ, એક રાષ્ટ્ર છે. એવી રેખાઓ અને સરહદો જે રાષ્ટ્રોને અલગ કરે છે તે કાલ્પનિક છે; તેનું ઈશ્વર દ્વારા સર્જન કરવામાં આવ્યું નથી. લોકો એક નદીને બે દેશો વચ્ચેની સરહદની રેખા ઘોષિત કરે છે, દરેક બાજુને એક નામ આપે છે, જયારે બંન્ને માટે નદીનું નિર્માણ કરવામાં આવ્યું છે અને તે બધા માટે એક કુદરતી ધમની છે. શું તે કલ્પના અને અજ્ઞાનતા નથી જે લોકોને યુધ્ધ અને વિનાશનું કારણ બનતી જીવનની સરહદો બનાવવા માટે બાધ્ય કરે છે?

જાતિય પૂર્વગ્રહ બીજું કંઈ નહી પરંતુ અંધવિશ્વાસ છે. એક વ્યક્તિની ચામડીનો રંગ સમયની સાથે તાપમાન અને પર્યાવરણ પ્રત્યેના તેના પૂર્વજોના અનુકુલનનું પરિણામ માત્ર છે. ચરિત્ર એ માનવતાનું સાચું માપદંડ છે. ઉત્કૃષ્ટતા જાતિ અને રંગ ઉપર નિર્ભર નથી. તે આસ્થા, હૃદયની શુદ્ધતા, સારા કાર્યો અને પ્રસંશનીય વાણી છે જે ઈશ્વરના દરબારમાં સ્વીકાર્ય છે.

સૌથી લાંબા સમયથી, સ્ત્રીને પુરૂષને આધિન રાખવામાં આવી છે અને તેના પર જુલ્મ ગુજારવામાં આવ્યો છે. સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો ભેદ એ ભૌતિક દુનિયાની એક જરૂરીયાત છે; ચેતનાની

દુનિયામાં તેઓ એક સમાન છે. ઈશ્વરની નજરમાં, પુરૂષ અને સ્ત્રી વચ્ચે કોઈ ભેદ નથી. બધી માનવજાતને ઈશ્વર દ્વારા બુદ્ધિમત્તા અને સમજદારી પ્રદાન કરવામાં આવી છે. બધા પાસે સદ્ગુણો પ્રાપ્ત કરવાની ક્ષમતા છે. આજે એવી કોઈ પરિસ્થિતિ નથી જેમાં વ્યક્તિની જાતિ ભેદભાવનો અમલ કરવા માટે જગ્યા પુરી પાડતી હોય.

જૂના કરારના વચનો મુજબ, ઈશ્વર કહે છે, "ચાલો આપણે મનુષ્યને આપણી છબી, આપણા જેવા બનાવીએ." આ નિશ્ચિતપણે સ્ત્રીઓને પણ લાગુ પડે છે. ઈશ્વરની પ્રતિકૃતિના રૂપમાં મનુષ્યનું સર્જન કરવામાં આવ્યું છે; એટલે કે, મનુષ્યની વાસ્તવિકતામાં દિવ્ય ગુણો પ્રતિબિંબિત અને પ્રગટીત છે. તે બધી માનવજાત માટે સાચું છે. જે ચોક્કસ રંગના, વંશના કે રાષ્ટ્રના છે, માત્ર તે જ ઈશ્વર જેવા સર્જાયા હતા એવો દાવો કરવો કેટલો તર્કહિન છે. એમ કહેવું કેટલું વાહિયાત છે કે માત્ર શ્રીમંતોને જ ઈશ્વર જેવા બનાવવામાં આવ્યા છે અથવા એવું વિચારવું કે સમાજમાં ઉચ્ચ પદ ધારણ કરવું એ ઈશ્વરનું સાંનિધ્ય માટેનું એક માપદંડ છે. પૂર્વગ્રહોનો ત્યાગ કર્યા વગર અને દિવ્ય લોકની નૈતિકતા પ્રાપ્ત કર્યા વગર માનવજાત રોશની પ્રાપ્ત નહી કરી શકે.

૧. અગાઉના વિભાગની જેમ આ કથનનો અભ્યાસ કરો તથા તમારા મિત્રો અને પડોશીઓના એવા કેટલાક પડકારો વિશે વિચાર કરો જેને વાર્તાલાપમાં સામેલ કરી શકાય અને તે પૂર્વગ્રહને નાબૂદ કરવાની માંગ કરતા હોય.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

૨. જો કોઈ વ્યક્તિ ઉપરોક્ત વિચારોના સંદર્ભમાં વાત કરતાં સાંભળે અને આ પ્રશ્ન પૂછે તો તમે શું જવાબ આપશો: "શું એવું શક્ય છે કે આપણામાં પૂર્વગ્રહ હોય છતાં આપણે તેનાથી અજાણ હોય?"

_______________________________________________

_______________________________________________

_______________________________________________

૩. તમને એવા અવસરો મળી શકે છે જ્યારે આ વિષયો વિશેની તમારી ચર્ચામાં બહાઉલ્લાહના લખાણોમાંથી નીચે આપેલા અવતરણોમાંથી એક -બે અવતરણોનો સમાવેશ કરી શકશો:

**"પૃથ્વી એક દેશ છે, અને માનવજાત તેના નાગરિક છે."[૨૭]**

**"બધા રોપ એક જ વૃક્ષમાંથી, અને બધા ટીંપા એક જ મહાસાગરમાંથી આવ્યા છે, અને બધા જીવો એક જ દિવ્ય અસ્તિત્વના ઋણી છે.[૨૮]**

**"ખરેખર, તે સાચા અર્થમાં માનવ છે, જે આજે સમસ્ત માનવજાતની સેવા માટે પોતાની જાતને સમર્પિત કરે છે."[૨૯]**

**"સદ્ચરિત્રનો પ્રકાશ સૂર્યનો પ્રકાશ અને તેના તેજને વટાવી જાય છે."[૩૦]**

**"મનુષ્યની વિશિષ્ટતા આભૂષણ અને ધનસંપતિમાં રહેલી નથી, પરંતું સદ્ગુણી વર્તન અને સાચી સમજદારીમાં રહેલી છે."[૩૧]**

**“ઈશ્વર કરે કે, અંધવિશ્વાસની મૂર્તિઓનો વિનાશ કરવામાં અને મનુષ્યની કલ્પનાઓના પડદાઓને ચીરી નાંખવામાં તમારી ઉદારપણે સહાયતા કરવામાં આવે.”**[૩૨]

**“સર્વ મનુષ્યોમાં સૌથી વધારે બેદરકાર એ વ્યક્તિ છે જે નિરર્થક વિવાદ કરે છે અને તેના ભાઈથી આગળ જવાની ઈચ્છા રાખે છે.”**[૩૩]

## વિભાગ ૧૦

મિત્રો સાથે વાતચિત કરતી વખતે, ઘણીવાર તમે સ્ત્રી -પુરૂષની સમાનતા વિશેના નીચેના કથનમાં આપેલા વિચારોનો ઉપયોગ કરી શકશો :

ભૌતિક સૂર્ય, તેનો પ્રકાશ અને ઉષ્મા દ્વારા, ધરતી પરની બધી ચીજોની વાસ્તવિકતા પ્રગટ કરે છે. સૂર્યની શક્તિના પ્રતિભાવ રૂપે વૃક્ષમાં છૂપાયેલું ફળ તેની શાખાઓ પર પ્રગટ થાય છે. એવી રીતે, સત્યનો સૂર્ય, આધ્યાત્મિક આકાશમાં સંપૂર્ણ તેજસ્વીતાથી ચમકીને, એવી વાસ્તવિકતાઓને પ્રકાશમાં લાવે છે જે ભૂતકાળમાં દેખાતી ન હતી. તેથી, આ યુગમાં, પુરૂષ અને સ્ત્રી વચ્ચેની સમાનતાના સિધ્ધાંતનો સંપૂર્ણ સ્વીકાર કરવામાં આવ્યો છે અને હવે તે એક સ્થાપિત હકીકત છે.

બહાઉલ્લાહે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ઈશ્વરની નજરમાં પુરૂષ અને સ્ત્રી વચ્ચે કોઈ તફાવત નથી. અસમાનતાની પરિસ્થિતિ કે જેનું યુગો સુંધી અસ્તિત્વ રહ્યું છે તે પુરૂષની શ્રેષ્ઠતાનું પરિણામ નથી; તેનું સામાન્ય કારણ છે કે સ્ત્રીઓને તેમની સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરવાની સમાન તક આપવામાં આવી નથી. તેમના પ્રત્યે પૂર્વગ્રહ હોવા છતાં, ઈતિહાસ એવી અનેક સ્ત્રીઓના જીવનની સાક્ષી આપે છે જેમણેં મહાન સિધ્ધિઓ હાંસલ કરી છે.

તેમાંથી એક સ્ત્રી ફારસી કવિયત્રી, તાહિરા હતી. તે ઓગણીસમી સદીની શરૂઆતના સમયમાં એવા દેશમાં જન્મી હતી જયાં સ્ત્રીઓ સંપૂર્ણપણે પુરૂષોને આધિન હતી. તે ઈશ્વરના નવીન પ્રગટીકરણનો સ્વીકાર કરનાર પહેલી સ્ત્રી હતી. તેને નવ યુગની ઉષા:કાળના દર્શન થયા તેની સાથે જ, સમજમાં આવી ગયું કે, પુરૂષ અને સ્ત્રીની સમાનતાની વાસ્તવિકતાનો સ્વીકાર કરવાનો સમય આવી ગયો હતો. તેણે આ સત્યની ઘોષણા કરવા માટે તેની શક્તિઓને સમર્પિત કરી દીધી. તેનાં જ્ઞાન અને વાકછટ્ાએ તે સમયના સૌથી વિદ્વાન લોકોને આશ્ચર્યમાં મુકી દીધું હતું. જુલ્મી રાજાઓ અને અજ્ઞાની તથા ઘમંડી મુલ્લાઓ તેની વિરૂધ્ધમાં હોવા છતાં, તે એક ક્ષણ માટે પણ સત્ય બોલતાં ખંચકાઈ ન હતી. અને અંતે, તેણે જે પ્રભુધર્મનો દ્રઢપણે સ્વીકાર કર્યો હતો તેના માટે તેના જીવનનું બલીદાન આપી દીધું.

તેમાં વિશ્વાસ કરવો જે ઈશ્વરની ઈચ્છા નથી, તે અજ્ઞાનતા અને અંધવિશ્વાસ છે. આજે સ્ત્રીઓને કેળવણી પ્રાપ્ત કરવાની અને માનવીય પ્રયત્નોના બધા ક્ષેત્રોમાં પુરૂષો સાથે સમાન સ્થાન પ્રાપ્ત કરવાની દરેક તક આપવી જોઈએ. આધ્યાત્મિક લોકની જેમ, જયાં સુંધી આ દુનિયામાં પણ પુરૂષ અને સ્ત્રીની સમાનતા એક વાસ્તવિકતા નહી બને ત્યાં સુંધી, માનવજાતનો ખરો વિકાસ શક્ય નથી.

૧. હંમેશની જેમ, તમારા જૂથમાં આ કથનનો અભ્યાસ કરો અને તેના વિચારો પ્રસ્તુત કરવાનો મહાવરો કરો. શું તાજેતરમાં તમારા મિત્રો સાથે એવા કોઈ વાર્તાલાપો થયા છે જેને અહિં પ્રસ્તુત અંત:દ્દષ્ટિમાંથી લાભ મળ્યો હોત? ચર્ચાના એવા કયા વિષયો હતા?

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

૨. જો પ્રયત્નના ક્ષેત્રોમાં પુરૂષની સાથે સ્ત્રીએ સમાન સ્થાન પ્રાપ્ત કરવું હોય તો આજે સમાજમાં એવી કઈ માન્યતાઓ અને વલણો પ્રવર્તમાન છે જેમાં બદલાવ લાવવો પડશે ?

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

૩. બહાઉલ્લાહના લખાણોમાંથી નીચે થોડા અવતરણો આપવામાં આવ્યા છે, જેને તમે મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો.

**"ઈશ્વરની નજરમાં સ્ત્રી અને પુરૂષ હંમેશા એક સમાન રહ્યા છે અને રહેશે."**[૩૪]

**"શું તમે નથી જાણતાં કે અમે તમને બધાંને એક જ માટીમાંથી શા માટે સર્જ્યા છે ? કે જેથી કોઈપણ માનવી પોતાને બીજાઓથી શ્રેષ્ઠ ન સમજે."**[૩૫]

**"આ યુગમાં દિવ્ય કૃપાના હાથે બધા ભેદભાવો નાબૂદ કરી દીધા છે. ઈશ્વરના સેવકો અને તેની સેવિકાઓને એક સમાન સ્તરના ગણવામાં આવ્યા છે."**[૩૬]

## વિભાગ ૧૧

તમને જે અંતિમ કથનનો અભ્યાસ કરવાનું કહેવામાં આવ્યું છે તેનો વિષય સર્વવ્યાપી કેળવણી છે :

કેળવણીનું પ્રવર્તન એ આજના સમયની તાતી જરૂરીયાત છે. જયાં સુંધી કોઈ પણ રાષ્ટ્ર કેળવણીને તેની મુખ્ય ચિંતા નહી બનાવે ત્યાં સુંધી, તેની સમૃદ્ધિ હાંસલ નહી કરી શકે. લોકોની પડતીનું પ્રાથમિક કારણ જ્ઞાનની પહોંચ (સુવિધા) નો અભાવ છે.

શીશુકાળથી જ કેળવણીની શરૂઆત થવી જોઈએ. પિતા અને માતાનું કર્તવ્ય છે કે, તેઓ બાળકોને કેળવણી આપવા, આધ્યાત્મિક અને નૈતિક નિયમો અનુસાર તેમના ચરિત્રને શુદ્ધ કરવા, અને તેઓ કલા અને વિજ્ઞાનમાં તાલીમ પામે તે સુનિશ્ચિત કરવા માટે તેમનાથી શકય એટલું બધું જ કરે. માતાઓ માનવજાતની સૌપ્રથમ શિક્ષિકાઓ છે ; તેઓ જ્ઞાનની છાતીએ તેમનું પાલન -પોષણ કરે છે. દરેક બાળકને કેળવણી મળવી જોઈએ; આ એવી બાબત છે જેની અવગણના કરવી જોઈએ નહી. જો માતા-પિતા જરૂરી ખર્ચ કરવા સક્ષમ હોય તો, તેમણેં ખર્ચ કરવો જ જોઈએ. નહી તો બાળકની કેળવણી માટે સમુદાયે સાધનો પુરા પાડવા જોઈએ.

કેળવણીએ દરેક માનવ અસ્તિત્વમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવાની ઈચ્છાનો વિકાસ કરવો જોઈએ. આપણે માનવીય સંપૂર્ણતામાં મગ્ન થઈ જવું જોઈએ અને તીવ્ર આકાંક્ષા સાથે તેમાં લાગી રહેવું જોઈએ. આપણે આધ્યાત્મિક વિશિષ્ટતાની, માનવ જગતના સદ્‌ગુણો માટે -ઈમાનદારી, વફાદારી, માનવજાતની સેવા, પ્રેમ અને ન્યાય માટે વિખ્યાત બનાવની આકાંક્ષા રાખવી જોઈએ.

આપણે શાંતિ અને એકતામાં અભિવૃદ્ધિ કરવા તથા વિદ્વતા (શીખ)માં વધારો કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. લોકોને આવા માર્ગે માર્ગદર્શન આપવું એ કેળવણીનું સાચું કાર્ય છે.

૧. તમારા જૂથમાં આ કથનનો અભ્યાસ કર્યા પછી, કેળવણી વિશેની તમારા મિત્રોની કેટલીક ચિંતાઓ શોધી કાઢો. ઉપરોક્ત વિચારો કેવી રીતે તેમની ચિંતાઓનો પ્રતિભાવ આપે છે ?
૨. સુચન કરવામાં આવે છે કે તમે બહાઉલ્લાહના લખાણોમાંથી નીચે આપવામાં આવેલા અવતરણોમાંથી એક -બે અવતરણો મોઢે કરો :

**"એક માણસને જ્ઞાન કે કૌસલ્યો વિના છોડી દેવું ઈચ્છનીય નથી, કારણકે તેના વગર તો તે એક ફળહિન વૃક્ષ સિવાય બીજું કશું નથી."**[૩૭]

**"તમારા મન અને ઈચ્છાઓને આ ધરતીના લોકો અને કુટુંબીજનોની કેળવણી તરફ વાળો."**[૩૮]

**"કલા, હુન્નર અને વિજ્ઞાન અસ્તિત્વ જગતને ઉન્નત કરે છે, અને તેના ઉત્કર્ષ માટે કારણભૂત છે."**[૩૯]

**"વાસ્તવમાં, જ્ઞાન એ મનુષ્ય માટે અમુલ્ય ખજાનો, અને કિર્તી, કૃપા, આનંદ, પરમાનંદ, પ્રસન્નતા અને ખુશીનો સ્ત્રોત છે."**[૩૬]

## વિભાગ ૧૨

શાંતિ એ દરેક વ્યક્તિના મનનો વિષય છે. તેની સ્થાપના એક સૌથી તાતી જરૂરીયાત અને મહત્વપૂર્ણ છે. હવે જયારે તમે અગાઉના વિભાગોમાં આપેલા સિધ્ધાંતો વિશે થોડો વિચાર કર્યો છે ત્યારે, સાર્વભૌમિક શાંતિના પ્રશ્ન વિશે ચિંતન કરવું તમારા માટે લાભદાયી બની શકે છે.

નિ :શક, સરકારો દ્વારા યુધ્ધને દૂર કરવા માટે લેવામાં આવતા વ્યવહારિક પગલાં ઉપર તેનો મોટો આધાર રહેલો છે. રાષ્ટ્રો વચ્ચે આંતરરાષ્ટ્રિય સહયોગના અનેક પ્રકારો પૈકી, શાંતિનું પગલું માટે વિવાદોનું સમાધાન કરવું અને શસ્ત્રો ઓછા કરવા માટે રાજકીય સમજૂતિઓ આવશ્યક છે. પરંતું, આ પગલાં ગમે તેટલા મહત્વપૂર્ણ હોવા છતાં, જો પહેલાં ચર્ચા કરવામાં આવેલા સિધ્ધાંતોની આખી દુનિયામાં સ્થાપના નહી થાય ત્યાં સુંધી તે કાયમી શાંતિ તરફ દોરી જશે નહી. જયાં સુંધી લોકો વાસ્તવિકતાની શોધ કરવાનું નહી શીખે અને સમજવા નહી લાગે કે સત્ય એક જ છે ત્યાં સુંધી, આપણે આપણી જાતને પૂછી શકીએ છીએ કે, ત્યાં સુંધી શું યુગો પુરાની શત્રુતા ચાલુ નહી રહે ? આપણા બધાનું મૂળ એક સમાન છે. ઈશ્વર આપણા બધાની સંભાળ રાખે છે અને તેના અવતારો દ્વારા આપણને બધાને તાલીમ આપે છે. તેમના શિક્ષણો પ્રેમ અને ભાઈચારાના એક સમાન પાયા ઉપર આધારિત છે. જયારે ધાર્મિક એકત્વનો સ્વીકાર કરવામાં આવશે માત્ર ત્યારે જ ધાર્મિક ઝઘડાનો અંત આવશે અને ધર્મનો પ્રકાશ શાંતિના માર્ગને પ્રકાશિત કરશે. આપણે આગળ પ્રશ્ન પૂછી શકીએ છીએ કે, શું અજ્ઞાનતાના વાદળોને દૂર કરવા અને પૂર્વગ્રહનું દરેક પ્રકારનું જૂઠાણું દર્શાવવા, જેમાંથી દરેક ચીજ શાંતિની એક મોટી બાધા છે, તેના માટે વિજ્ઞાન અને ધર્મનું સુમેળથી કાર્ય કરવું આવશ્યક નથી ? બીજો એક પ્રશ્ન પૂછી શકાય કે, જો વિશ્વના દરેક ભાગમાં શ્રીમંત અને ગરીબ વચ્ચે પ્રવર્તમાન અમર્યાદ અસમાનતાનો ઉકેલ લાવવામાં નહી આવે તો શું શાંતિપૂર્ણ વિશ્વનું નિર્માણ કરી શકાશે ખરૂં ? અને જયાં સુંધી પુરૂષોની જેમ સ્ત્રીઓને માનવીય પ્રયત્નોના બધા ક્ષેત્રોમાં સમાન પગલે વિચરણ કરવા દેવામાં નહી આવે ત્યાં સુંધી, જે હિંસા ઈતિહાસની વિશેષતા રહી છે તે શાંતિ અને સાચી સમૃદ્ધિને માર્ગ નહી આપે. ઉભરતી પેઢીઓને આખા વિશ્વમાં આવા સિધ્ધાંતો અનુસાર કેળવણી

આપવી જોઈએ, નહી તો શાંતિ માટેની દરેક આશા વિખેરાઈ થઈ જશે. તમે બહાઉલ્લાહના નીચેના શબ્દોને મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો, કે જેથી તમે માનવજાતની ભવિષ્યની ચિંતા હોય એવા બીજા લોકો સાથે તેની આપ -લે કરી શકો :

> **"માનવજાતની એકતાની દૃઢપણે સ્થાપના નહી થાય ત્યાં સુધી તેનું કલ્યાણ, તેની શાંતિ અને સુરક્ષા અપ્રાપ્ય છે."[૪૧]**

## સંદર્ભસુચિ


૧. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૦૯

૨. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૩૨

૩. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૩૪

૪. બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૫. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ

૬. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૨૮

૭. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૨૪

૮. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૧૧

૯. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૪૩

૧૦.બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૧૦

૧૧. બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૧૨. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૯૫

૧૩.બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૧૪.બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૧૫.બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૧૨

૧૬. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૩૨

૧૭.બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૧૧

૧૮. બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૧૯.બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૨૦.બહાઉલ્લાહ, શોઘી એફેન્દી દ્વારા 'ધ એડવેન્ટ ઓફ ડિવાઈન પ્લાન'માં આપેલ સંદર્ભમાંથી

૨૧. બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૨૨. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી, નં. ૮૦

૨૩.બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૨૪.બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૨૫.બહાઉલ્લાહ, ધ રાઈટ ઓફ ગોડ નામના સંકલનમાંથી

૨૬. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૧૮

૨૭.બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૧૭

૨૮. બહાઉલ્લાહ, શોઘી એફેન્દી દ્વારા 'પ્રોમિસ્ડ ડે ઈસ કમ' માં આપેલ સંદર્ભમાંથી

૨૯.બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૧૭

૩૦.બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૩૧.બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૩૨.બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૩૩.બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી, નં. ૫

૩૪. બહાઉલ્લાહ, વિશ્વ ન્યાય મંદિરના સંશોધન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'મહિલા' નામના એક સંકલનમાંથી

૩૫.બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. ૬૮

૩૬.બહાઉલ્લાહ, વિશ્વ ન્યાય મંદિરના સંશોધન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'મહિલા' નામના એક સંકલનમાંથી

૩૭.બહાઉલ્લાહ, વિશ્વ ન્યાય મંદિરના સંશોધન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'એકલેન્સ ઈન ઓલ થિંગ્સ' નામના એક સંકલનમાંથી

૩૮.બહાઉલ્લાહ, ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૬

૩૯.બહાઉલ્લાહ, એપિસ્ટલ ટુ ધ સન ઓફ ધ વુલ્ફ

૪૦. બહાઉલ્લાહ, ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૪૧.બહાઉલ્લાહ, ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૩૧



# દૃઢિકરણના વિષયો

## ઉદ્દેશ

આધ્યાત્મિક રીતે મહત્વના વિષયો ઉપર
વાર્તાલાપ કરવા માટે મિત્રો અને પડોશીઓની
મુલાકાત લેવાની ટેવનો વિકાસ કરવો

## વિભાગ ૧

અગાઉના એકમની જેમ, આ ત્રીજા એકમનો સબંધ એવી ક્ષમતા સાથે છે જે આપણને અર્થપૂર્ણ અને ઉન્નત વાર્તાલાપોમાં પ્રવેશ કરવા સક્ષમ બનાવે છે. બીજા એકમમાં આપણું ધ્યાન એવા અનેક અવસરો ઉપર કેન્દ્રિત હતું જે આધ્યાત્મિક સિધ્ધાંતોના સંદર્ભ દ્વારા વાર્તાલાપના સ્તરને ઉન્નત કરવાનો અવસર પૂરો પાડતા હોય. અહિં સાથે મળીને સમુદાયના જીવનના કેન્દ્રિય વિષયોની ચર્ચા કરવા માટે આપણે મિત્રો અને પડોશીઓના ઘરોની જે મુલાકાતો લઈએ છીએ તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

દુનિયાભરમાં ગામો અને મહોલ્લાઓમાં, મિત્રોના જૂથો આંતરસબંધિત પ્રવૃતિઓના સેટમાં તીવ્રતાથી જોડાઈ રહ્યા છે જેમાં નિયમિત ભક્તિ સભાઓ, બાળકોની આધ્યાત્મિક કેળવણીના વર્ગો, કિશોરોની બેઠકો, અભ્યાસ વર્તુળો, અને યુવા શિબિરો તથા વિભિન્ન પ્રકારના અભિયાનોનો સમાવેશ થાય છે. જેમ જેમ આ પ્રવૃતિઓની પ્રણાલી એક સમુદાયમાં તેના મૂળીયા જમાવતી જાય છે અને વધતી જતી સંખ્યા સેવાના કાર્યોમાં તેમની જાતને સમર્પિત કરતી જાય છે તેમ તેમ, કદ અને તાકતના સંદર્ભમાં મિત્રોના નાભિકનો વિકાસ થતો જાય છે. ગામ કે મહોલ્લામાં વધારે ને વધારે ઘરોની મુલાકાતનો એક પધ્ધતિસર કાર્યક્રમ સમુદાય નિર્માણની પ્રક્રિયાનો એક મહત્વપૂર્ણ ઘટક છે તે હવે સંવેગ ધારણ કરે છે. આવી મુલાકાતો દરમિયાન વિભિન્ન વિષયોની ચર્ચા કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, બાળ વર્ગોના શિક્ષકોએ કેળવણીને લગતા વિષયોની ચર્ચા કરવા માટે બાળકોના માતા-પિતાની વારંવાર મુલાકાત લેવી જોઈએ. એવી જ રીતે મનુષ્યના જીવનના આ આશાવાદી વર્ષો સાથે સંકળાયેલા પડકારો અને અવસરો ઉપર આધારિત વિષયોની ચર્ચા કરવા માટે અનુપ્રેરક અને ટયુટર તરીકે સેવા કરતા મિત્રો દ્વારા કિશોરો અને યુવાનોના ઘરોની મુલાકાતનું આયોજન કરવાની જરૂર પડે છે. એવા વિષયો પરના એક કુટુંબના સભ્યો સાથે આયોજિત વાર્તાલાપો જે પ્રભુધર્મના તેમના જ્ઞાનને દૃઢ કરે છે, તે સમાન રીતે આવશ્યક પુરવાર થાય છે. એકંદરે, સમુદાયમાં ઉભરતી ભાઈચારાની સંસ્કૃતિ પરની આવી મુલાકાતોના પ્રભાવની અતિશયોક્તિ કરવી જોઈએ નહી.

## વિભાગ ૨

આ એકમના ઉદ્દેશ માટે, આપણે એક કાલ્પનિક મહોલ્લા તરફ જોઈશું જેમાં ઉપર વર્ણવેલી પ્રક્રિયાની પ્રગતિ થાય છે, અને આવા પ્રકારના વાર્તાલાપનું મુલ્યાંકન કરવા માટે આપણે સંદર્ભ તરીકે તેનો ઉપયોગ કરીશું જે વાર્તાલાપ એક ઘરની મુલાકાત દરમિયાન અનાવરિત થઈ શકે છે.

એલજાન્ડ્રા યુનિવર્સિટિમાં ત્રીજા વર્ષમાં ભણતી એક યુવા સ્ત્રી છે. તે અને તેનો એક ભાઈ, તે પણ એક વિદ્યાર્થી છે, તેઓ આપણે જે મહોલ્લાની કલ્પના કરી રહ્યા છીએ તેમાં એક ઘરમાં તેમના માતા-પિતા સાથે રહે છે, જયાં તેમનો જન્મ થયો છે અને તેઓ મોટા થયા છે. આ ચારે જણા અને બીજું એક યુવા દંપતી જે હમણાં જ આ મહોલ્લામાં રહેવા આવ્યું છે, તેઓ દર અઠવાડિયે પ્રાર્થના કરવા અને તેમની આજુબાજુના લગભગ ૮૦૦૦ની વસ્તીવાળા મહોલ્લામાં સ્થાપિત પ્રવૃતિઓની પ્રગતિ વિશે પરામર્શ કરવા ભેગા મળે છે. આ અઠવાડિક બેઠકોમાં સમયે સમયે બીજા ત્રણ લોકો સહભાગી થઈ રહ્યા છે અને તેમના પોતાના સેવા કાર્યો વિશે જ નહી પરંતું આખી સમુદાય નિર્માણની પ્રક્રિયા વિશે પણ પધ્ધતિસર વિચાર કરી રહ્યા છે : તેમાં એક બાળ વર્ગનો શિક્ષક છે જેણે મહિના પહેલાં વર્ગની શરૂઆત કરી છે તથા સત્તર વર્ષીય બે યુવાનો છે જેઓ એલજાન્ડ્રાના મોટા ભાઈની મદદથી એક કિશોર જૂથના પ્રયત્નોને માર્ગદર્શન આપી રહ્યા છે, તેઓ જયારે નાના હતા ત્યારે એલજાન્ડ્રા તેમના જૂથના અનુપ્રેરક હતા અને તે તેમના માતા-પિતાની નિયમિત મુલાકાત લે છે.

આપણે વાર્તાલાપના પ્રથમ સેટની, એલજાન્ડ્રા અને સાંચેઝ પરિવાર, જે આ મહોલ્લામાં સુપ્રસિધ્ધ અને સન્માનિત છે તેમની વચ્ચેના વાર્તાલાપની સમીક્ષા કરીશું. પતિ અને પત્ની લગભગ સાઈઠ વર્ષની વયના છે, તેમના પુત્રો અને પુત્રીઓને પગભર બનાવી દીધા પછી, તેઓ એલજાન્ડ્રાના ઘરથી થોડા પગલાં દૂર રહેવા આવ્યા છે. શ્રી અને શ્રીમતી સાંચેઝ ભણેલા છે પરંતું તેમણેં મોટા પ્રમાણમાં ઔપચારિક શિક્ષણ પ્રાપ્ત કર્યું નથી. તેઓ જે વ્યાપક આદરભાવનો આનંદ માણી રહ્યા છે તે ઉદાર અને શુધ્ધ કાર્યોથી સભર એવા જીવનના અનુભવો દ્વારા પ્રાપ્ત કરેલ બુદ્ધિમતાને કારણે છે. થોડા સમયથી તેઓ બહાઈ ધર્મના શિક્ષણોથી પરિચિત છે, પરંતું તાજેતરમાં જ તેમણેં ઉત્સુકતાથી બહાઈ ધર્મનું સંશોધન કરવાનો નિર્ણય કર્યો છે. એક અઠવાડિયા પહેલાં, તેમણેં સમુદાયમાં જોડાવાની તેમની ઈચ્છા વિશે એલજાન્ડ્રાના માતા-પિતા સાથે વાત કરી હતી. તેમના સ્વાગત માટે પહેલાંથી જ એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, વધુમાં, તેઓ સહમત થયા હતા કે એલજાન્ડ્રા થોડા વિષયોની એક શ્રેણીની તેમની સાથે આપ-લે કરવા માટે થોડા અઠવાડિયા સુંધી નિયમિત તેમની મુલાકાત લેશે, જે વિષયો પ્રભુધર્મ વિશેના તેમના જ્ઞાનને દૃઢ કરવામાં તેમની મદદ કરશે. મુલાકાતોની શ્રેણીનું અનુસરણ કરીને, તમે આ વિષયોનું વિશ્લેષણ કરી શકશો અને તેની સાથે આ પ્રસંગે થતા વાર્તાલાપોની ક્રિયાશીલતા ઉપર ચિંતન કરી શકશો.

## વિભાગ ૩

એલજાન્ડ્રા ઈશ્વરની શાશ્વત સંવિદા, નામના વિષય વિશેના નીચે આપેલા ટૂંકા પરિચય સાથે શ્રી અને શ્રીમતી સાંચેઝ સાથેના તેના પહેલા વાર્તાલાપનો પાયો નાંખવાની યોજના બનાવે છે.

> બધી ચીજોનો સર્જનહાર ઈશ્વર છે, તે એક જ, અતુલનીય, સ્વયંપૂર્ણ છે. બહાઉલ્લાહ આપણને શીખવે છે કે, માનવ મગજ માટે ઈશ્વરનો સાર સમજવું અશક્ય છે, કારણકે જે સીમિત છે તે કદી અસીમિતને સમજી શકે નહી. લોકો તેના જે સ્વરૂપોની રજુઆત કરે છે તે તેમની કલ્પનાઓનું ફળ માત્ર છે. ઈશ્વર કોઈ એક મનુષ્ય નથી, અને તે આખા બ્રહ્માંડમાં વ્યાપ્ત કોઈ એક શક્તિ માત્ર નથી. આપણા અસ્તિત્વના સ્ત્રોતનો ઉલ્લેખ કરવા માટે આપણે જે શબ્દોનો ઉપયોગ કરીએ છીએ, જેમ કે સ્વર્ગીય પિતા, સ્વર્ગીય શક્તિ, પરમ ચેતના, વગેરે માનવીય વાણીમાં તેના નામો અને ગુણો વ્યક્ત કરે છે, અને તે તેનું વર્ણન કરવા માટે સંપૂર્ણપણે અપર્યાપ્ત છે.
>
> ગૂઢ વચનોમાં, આપણેં વાંચીએ છીએ:
>
> **"હે માનવ પુત્ર! તારૂં સર્જન મને પ્રિય હતું, તેથી મેં તારૂં સર્જન કર્યું. તેથી, તું મને પ્રેમ કર, જેથી હું તારૂં નામ ઉચ્ચારૂં અને જીવનની ચેતનાથી તારા આત્માને ભરી દઉ"[૧]**
>
> આ અવતરણમાં, બહાઉલ્લાહ આપણને કહે છે કે ઈશ્વરનો આપણા પ્રત્યેનો પ્રેમ જ આપણાં અસ્તિત્વનું મૂળ કારણ છે. આપણેં હંમેશા આ પ્રેમથી સભાન રહેવું જોઈએ, જે આપણું રક્ષણ કરે છે, આપણું પાલન-પોષણ કરે છે અને આપણને જીવનની ચેતનાથી ભરી દે છે. મુશ્કેલી કે આરામ, નિરાશા કે પ્રસન્નતાની ક્ષણોમાં, આપણેં હંમેશા યાદ રાખવું જોઈએ કે તેનો પ્રેમ હંમેશા આપણને આલિંગનમાં લે છે.

બહાઈ શિક્ષણોમાંથી આપણે શીખીએ છીએ કે, તેના પ્રેમમાંથી આપણું સર્જન કર્યા પછી, ઈશ્વરે આપણી સાથે એક સંવિદા કરી છે. "સંવિદા" શબ્દનો અર્થ થાય છે બે કે તેનાથી વધારે લોકો વચ્ચેનો કરાર

કે વચન. શાશ્વત સંવિદા મુજબ, સર્વકૃપાળુ સર્જનહાર કદી આપણને ત્યજી દેતા નથી અને સમયે -સમયે તેના કોઈ એક અવતાર દ્વારા તેની ઈચ્છા અને તેના ઉદ્દેશથી આપણને પરિચિત કરાવતા રહે છે.

"પ્રગટ કરવું" ક્રિયાપદનો અર્થ થાય છે ખુલ્લું પાડવું, કંઈક એવું બતાવવું જે પહેલા અજ્ઞાત હતું. ઈશ્વરના અવતારો એવી વિશિષ્ટ વિભૂતિઓ છે જેઓ આપણી સમક્ષ ઈશ્વરના શબ્દો પ્રગટ કરે છે. તેઓ વિશ્વ કેળવણીકારો છે જેઓ, કેવી રીતે ઈશ્વરની ઈચ્છા અનુસાર જીવન જીવવું અને કેવી રીતે સાચી ખુશી પ્રાપ્ત કરવી તેના વિશે આપણને શીખવે છે. આ અવતારોમાં અબ્રાહમ, કૃષ્ણ, મુસા, જરથુસ્ટ, બુધ્ધ, ઈસુ, મહમદ, તથા નિ:શક, માનવ ઈતિહાસમાં આ યુગના જોડિયા અવતાર બાબ અને બહાઉલ્લાહનો સમાવેશ થાય છે.

એવી રીતે, ઈશ્વરની શાશ્વત સંવિદામાં, તેની ભૂમિકા હંમેશા પરિપૂર્ણ થઈ છે. એક મૂળભૂત પ્રશ્ન આપણે બધાએ આપણી જાતને પૂછવો જોઈએ કે, "કેવી રીતે હું સંવિદામાં મારી ભૂમિકા અદા કરી શકુ છું?" બધા ધર્મગ્રંથોમાંથી આપણને આ જવાબ મળે છે કે: ઈશ્વરના અવતારને ઓળખીને અને તેના શિક્ષણોનું આજ્ઞાપાલન કરીને, આપણે આપણી ભૂમિકા અદા કરી શકીએ છીએ. આ પ્રતિભાવ આપણાં જીવનનો મૂળભૂત ઉદ્દેશ તરફ નિર્દેશ કરે છે, અને તે ઈશ્વરને ઓળખવાનો અને તેની પૂજા કરવાનો છે. ટૂંકી અનિવાર્ય પ્રાર્થનામાં, આપણે જાહેર કરીએ છીએ.

**"હું સાક્ષી છું હે મારા ઈશ્વર કે, તને ઓળખવા અને તારી પુજા કરવા માટે તેં મારૂં સર્જન કર્યું છે. આ ક્ષણે હું મારી નિર્બળતા અને તારા સામર્થ્યની, મારી દરિદ્રતા અને તારી સર્વસંપન્નતાની સાક્ષી પુરૂં છું.**

**તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સંકટમાં સહાયક અને સ્વયંપૂર્ણ છે."**[૨]

તેના અવતારો વગર આપણા માટે ઈશ્વરને ઓળખવાનું અશક્ય હોવાથી, માત્ર એક જ રીત છે જેના દ્વારા આપણે આપણા જીવનનો ઉદ્દેશ હાંસલ કરી શકીએ છીએ, તે છે ઈશ્વરના અવતારોને ઓળખીને અને તેમના શિક્ષણોનું અનુસરણ કરીને. આજે, એવા સમયમાં જીવન જીવવાની કૃપા માટે આપણા હૃદયો કૃતજ્ઞતાના ભાવથી તરબોળ છે જયારે બધા પવિત્ર ગ્રંથોમાં આપેલું વચન, કે ધરતી પર શાંતિ અને ન્યાયની સ્થાપના થશે, તે પરિપૂર્ણ થઈ ગયું છે. બહાઉલ્લાહ ઘોષણા કરે છે:

**"આ એ યુગ છે, જેમાં માનવજાત ઉપર ઈશ્વરની સર્વશ્રેષ્ઠ અનુકંપાઓ ઉભરી દેવામાં આવી છે, એવો યુગ કે જેમાં તેની અતિ-શક્તિશાળી કૃપાનું સમસ્ત સર્જિત વસ્તુઓમાં સિંચન કરવામાં આવ્યું છે. દુનિયાના બધા લોકો માટે અનિવાર્ય છે કે તેઓ તેમના બધા મતભેદોનું સમાધાન કરીને સંપૂર્ણ એકતા અને શાંતિપૂર્વક ઈશ્વરની સંભાળ અને પ્રેમાળ-કરૂણાના દિવ્ય વૃક્ષની છત્રછાયામાં નિવાસ કરે."**[૩]

આપણી વાર્તામાં આપણે આગળ જઈએ તેના પહેલાં, તમારે ઉપરોક્ત વર્ણન વાંચવું જોઈએ અને તમારા જૂથના બીજા સહભાગીઓ સાથે એક પછી એક ફકરા ઉપર ચિંતન કરવું જોઈએ. જયાં સુધી તમે સહજ રીતે અને સરળતાથી આ વિચારોને પ્રસ્તુત નહી કરી શકો ત્યાં સુધી તમે એકબીજાને પ્રશ્ન પૂછી શકો છો અને સાથે મળીને તેના જવાબ આપી શકો છો. અવતરણો સારી રીતે શીખવું ખાસ મહત્વનું છે, કારણકે આવા પ્રકારની ચર્ચામાં પવિત્ર લખાણોંમાંથી અવતરણોની આપ-લે કરવી અનિવાર્ય છે. નીચેનો સ્વાધ્યાય આ વિભાગમાં પ્રસ્તુત વિચારો અંગે વિચાર કરવામાં અને તેમાં સામેલ કરવામાં આવેલા અવતરણોના અર્થ ઉપર ચિંતન કરવામાં તમારી મદદ કરશે:

૧. તમે કોઈ વ્યક્તિને કેવી રીતે સમજાવશો કે ઈશ્વર એક અજ્ઞાત સાર છે? આ સંદર્ભમાં ઉપરનો પહેલો ફકરો તમારી મદદ કરી શકે છે.

_______________

_______________

_______________

૨. શા માટે ઈશ્વરે આપણું સર્જન કર્યું છે? _______________

_______________

૩. ''સંવિદા'' શબ્દનો અર્થ શું છે? _______________

_______________

૪. માનવજાત સાથેની તેની શાશ્વત સંવિદામાં ઈશ્વરે શું વચન આપ્યું છે? _______________

_______________

૫. આપણા જીવનનો ઉદ્દેશ શું છે? _______________

_______________

૬. જો આપણેં કદી ઈશ્વરનો સાર સમજી શકવાના નથી તો, આપણા જીવનનો ઉદ્દેશ ઈશ્વરને ઓળખવાનો છે, તેનો અર્થ શું છે? _______________

_______________

૭. ''પ્રગટ કરવું'' શબ્દનો અર્થ શું છે? _______________

_______________

૮. ઈશ્વરના કેટલાક અવતારોના નામ આપો: _______________

_______________

_______________

૯. જો આપણે સંવિદામાં આપણી ભૂમિકા પૂરી કરવાની હોય તો આપણા માટે શું જરૂરી છે?

_______________

_______________

_______________

૧૦. નીચેના વાક્યો પૂરા કરો:

ક. આ યુગમાં, માનવજાત ઉપર ઈશ્વરની _______________ ઉભરી દેવામાં આવી છે.

ખ. આ યુગમાં, ઈશ્વરની _______________ નું સમસ્ત સર્જિત વસ્તુઓમાં સિંચન કરવામાં આવ્યું છે.

ગ. આ યુગમાં, આપણે આપણા મતભેદોનું _______________, સંપૂર્ણ એકતા અને શાંતિપૂર્વક_______________

૧૧. બહાઉલ્લાહ આ દુનિયાના લોકોને શું કરવાનું કહે છે? _______________

_______________

## વિભાગ ૪

જે વિષયની વિષયવસ્તુ અંગે એલજાન્ડ્રા શ્રી અને શ્રીમતી સાંચેઝ સાથે ચર્ચા કરવાનું આયોજન કરે છે, માત્ર આ એક જ વાત નથી જે તેના મનમાં છે. તે આ દંપતી સાથે મિત્રતાના મજબૂત સબંધનું નિર્માણ કરવાની આશા રાખે છે. જાત અનુભવથી, પૂર્વગ્રહ અને પિતૃત્વ વલણ -બંન્નેના દુષ્પ્રભાવ વિશે તે જાણે છે. તેનાથી તે સહજ રીતે દૂર રહેશે; તેના ઉચ્ચ અભ્યાસથી તેની વિનમ્રતા ઓછી થઈ નથી. તેના હૃદયમાં સાંચેઝ દંપતી માટે સાચો પ્રેમ અને આદરભાવ સિવાય બીજું કશું નથી. જયારે તે વિચાર કરે છે કે પહેલી વિષયવસ્તુનું તે કેવી રીતે વર્ણન કરશે ત્યારે, તે તેની જાતને યાદ અપાવે છે કે આ નિયમિત વાર્તાલાપની શરૂઆત છે જે ઘણાં અઠવાડીયા દરમિયાન અનાવરિત થશે. તે સમજે છે કે, સ્પષ્ટતાથી વિચારોની શ્રેણી પ્રસ્તુત કરવાનું મહત્વપૂર્ણ હોવાછતાં, તે દંપતિનો પ્રતિભાવ સાંભળવા માટે ચોક્ક્સ બિંદુએ થોભી જશે. "મારે ગભરાવવું જોઈએ નહી," તે તેની જાતને કહે છે, "કારણકે તે જ છે જયારે હું વાત કરવાનું ચાલુ જ રાખું છું, અને તેને કારણે વાર્તાલાપ થવાની કોઈ તક મળશે નહી." એલજાન્ડ્રા આ દિશામાં થોડા સમય માટે તેની મુલાકાતો વિશે વિચાર કરવાનું ચાલુ રાખે છે. જો તમે તેની જગ્યાએ હોત તો, નીચેના પૈકી કયા વિચારો તમારા મનમાં આવ્યા હોત તો તેને તમે સુયોગ્ય વિચારો ગણ્યા હોત ?

— પ્રભુધર્મમાં સાંચેઝ દંપતીને સુચના આપવાનું અને હું જે કંઈ તેમને શીખવું છું તે બધું તેઓ શીખે તે સુનિશ્ચિત કરવું એ મારૂં કામ છે.

— આ અદ્‌ભૂત દંપતી સાથે થોડો સમય પસાર કરવો અને તેમની સાથે પવિત્ર લખાણોંમાથી અવતરણોની ચર્ચા કરવી આ કેટલું મોટું સૌભાગ્ય છે.

— હું જાણું છું કે આ મુલાકાત મહત્વની છે. આમછતાં, મને આશા છે કે આ લાંબું ચાલવાનું નથી, કારણકે મારે બીજા ઘણા કામ કરવાના બાકી છે.

— આ અવતરણો તેમના માટે ખૂબ કઠીન હશે. મારે થોડા સરળ વિચારોનો જ ઉલ્લેખ કરવો જોઈએ. મહત્વનું છે તેમના પ્રત્યે પ્રેમ બતાવવાનું.

— આ ઉંમરે, સાંચેઝ દંપતિ વધારે શીખી શકવાનું નથી.

— હું મુલાકાતની અને અમે જયારે વિષયની ચર્ચા કરીશું તથા અવતરણો પર ચિંતન કરીશું ત્યારે તેમને જે અંત:દ્દષ્ટિ મળશે તેના વિશે સાંભળવાની રાહ જોઈ રહી છું.

— તેઓ વાંચી શકે છે. હું માત્ર વિષયનો પરિચય આપીશ અને તેઓ તેમની જાતે જ અભ્યાસ કરી શકે તે માટે તેમને અવતરણો આપી દઈશ.

— વિચારો પ્રસ્તુત કરતી વખતે, વારંવાર મને થોભવું પડશે કે જેથી અમે સાથે મળીને અવતરણોનો અભ્યાસ કરી શકીએ અને તેના વિશે પરામર્શ કરી શકીએ.

— મને આશા છે કે કોઈપણ બાધા વગર હું આખો વિષય પ્રસ્તુત કરી શકીશ અને અંતમાં તેમનો કોઈ પ્રશ્ન હશે તો તેના વિશે પૂછી લઈશ.

શું તમે બીજી કોઈ લાગણીઓ વિશે વિચાર કરી શકો છો, જે તમારા મતે આવી એક મુલાકાતની તૈયારી કરતી વખતે મનમાં આવવી જોઈએ અથવા નહી આવવી જોઈએ ?

## વિભાગ ૫

એલ્જાન્ડ્રાની સાંચેઝ પરિવાર સાથેની પહેલી મુલાકાત સારી થાય છે. આ દંપતી તેની ગભરાહટની નોંધ લે છે અને તેમની હુંફ અને સદ્‌વ્યવહારથી તેને આરામનો અનુભવ કરાવે છે. તેઓ ધ્યાનથી સાંભળે છે અને અવતરણો તરફ ચોક્કસ ધ્યાન આપીને સંપૂર્ણ રીતે ચર્ચામાં ભાગ લે છે. અંતમાં મુશ્કેલીની માત્ર એક જ ક્ષણ આવે છે જયારે શ્રી સાંચેઝ એલજાન્ડ્રાને એક પ્રશ્ન દ્વારા આશ્ચર્યમાં મુકી દે છે: "શું બહાઈ સમુદાયમાં જોડાઈને હું ઈશુને ભૂલી જાઉં છું?" એલજાન્ડ્રા પાસે તેનો જવાબ છે, પરંતું તેની સંરચના કરવા માટે તે થોડો સમય લે છે. શ્રી સાંચેઝ મલકાય છે અને તેની સહાયતા માટે આગળ આવે છે: "મને લાગે છે કે, જયારથી અમે બહાઈ શિક્ષણો વિશે શીખ્યા છીએ ત્યારથી ઈશુ માટેનો મારો પ્રેમ વાસ્તવમાં વધી ગયો છે." "અને આ દુનિયામાં અનેક લોકો સાથે એવું જ થાય છે," એલજાન્ડ્રા ઉમેરે છે, જેણેં તેના વિચારોને સંગઠિત કરી લીધા છે. "બહાઉલ્લાહ ઈશ્વરની એકતા, ધર્મની એકતા અને માનવજાતની એકતા વિશે જે શીખવે છે તેનાથી મુસા, ઈશુ, કૃષ્ણ, બુધ્ધ, જરથુસ્ટ, અને મહમદ પ્રત્યેનો તેમનો પ્રેમ દૃઢ થયો છે."

તમારા જૂથમાં થોડો સમય કાઢીને એવા કેટલાક ગુણો અને વલણો વિશે ચર્ચા કરવી તમારા માટે ઉપયોગી પુરવાર થશે, જે એલજાન્ડ્રાની મુલાકાત દરમિયાન વ્યક્ત થયા હોય અને તેને એટલી ફળદાયી બનાવી હોય. જે ગુણો વિશે તમને વિચાર કરવાની જરૂર પડશે તેમાનો એક મુખ્ય ગુણ છે વિનમ્રતા. ઈશ્વર સમક્ષ વિનમ્રતા એ બધી વિનમ્રતાનો પાયો છે. તેમાંથી તેના જીવો પ્રત્યેની વિનમ્રતા પ્રવાહિત થાય છે. એક વ્યક્તિ જયારે ઈશ્વર અને તેના અવતારો વિશે વાત કરે છે, તેના સિવાય એવો બીજો કોઈ સમય નથી જયારે વિનમ્રતા એટલી વધારે મહત્વની હોય. તમારે બહાઉલ્લાહના નીચેના શબ્દો ઉપર ચિંતન કરવું જોઈએ અને તેને મોઢે કરવાનો દરેક પ્રયત્ન કરવો જોઈએ:

> **"તે જેઓ ઈશ્વરના પરમ પ્રિયતમ છે તેઓ, કોઈ પણ જગ્યાએ એકત્રિત થતા હોય અને કોઈને પણ મળતા હોય ત્યારે, પ્રભુ પ્રત્યેના તેમના વલણમાં તથા પ્રભુની સ્તુતિ અને મહિમાના ગુણગાનમાં તેમણે એવી વિનમ્રતા અને સમર્પણની ભાવના પ્રદર્શિત કરવી જોઈએ કે તેમના પગ નીચેની ધૂળનો દરેક કણ તેમની ભક્તિની ગહનતાની સાક્ષી આપે. આ પવિત્ર આત્માઓનો વાર્તાલાપ એવી શક્તિથી સંપન્ન હોવો જોઈએ કે ધૂળનો દરેક કણ પણ તેના પ્રભાવથી રોમાંચિત થઈ જાય. તેઓ પોતાનું એવું વર્તન રાખે કે જે ધરતી પર તેઓ ચાલે છે તેને પણ એમ કહેવાનો અવસર નહી મળે કે: "મને તમારા કરતાં ઉચ્ચ સ્થાન મળવું જોઈએ, કારણ કે જુઓ કેટલી ધીરજપૂર્વક તમારા ભારનું હું વહન કરી રહી છું. તે જે સમસ્ત કૃપાનો સ્ત્રોત છે તેના દ્વારા આપવામાં આવેલા વરદાનની હું માધ્યમ છું આમ છતાં મને જે સન્માન આપવામાં આવ્યું છે અને મારી સંપત્તિ કે જે સમસ્ત સૃષ્ટિની જરૂરિયાતો પૂરી પાડે છે તેના અસંખ્ય પ્રમાણો મારી વિનમ્રતાના પ્રમાણનો પરિચય આપે છે, જુઓ કેવી રીતે સંપૂર્ણ સમર્પણની ભાવના સાથે માનવીના પગ તળે મારી જાતને રગદોળવાની હું અનુમતિ આપું છું."**[૪]

ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રમાણે, આપણા સાથી માનવ અસ્તિત્વ પ્રત્યેની આપણી વિનમ્રતા ઈશ્વર પ્રત્યેની વિનમ્રતામાંથી પ્રવાહિત થાય છે. એવા જ પ્રકારની વિનમ્રતાથી, સાથે મળીને ચોક્કસ વિષયો અંગેની આપણી સમજને દૃઢ કરવા માટે એક મિત્ર કે પડોશીના ઘરની મુલાકાત લેતી વખતે આપણે પ્રાર્થનામય વલણ જાળવી રાખવાનો પ્રયત્ન કરીએ છીએ. વાર્તાલાપ દરમિયાન, વારંવાર આપણે ઈશ્વર તરફ આપણા વિચારોને વાળીએ છીએ, આપણા તથા જે હાજર હોય તે દરેકના મન અને હૃદયને

પ્રકાશિત કરવા માટે વિનંતી કરીએ છીએ. પ્રાર્થનાઓમાં એવા અનેક રૂઢિપ્રયોગો અને વાક્યો છે જેને આપણે આ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને મોઢે કરી શકીએ છીએ. આ માત્ર થોડાક જ છે :

**"અમારા હૃદયોને તેજસ્વી બનાવ અને અમને શુક્ષ્મ દૃષ્ટિવાળી આંખ અને સતેજ કાન આપ."[૫]**

**"હે પ્રભુ ! તારી અનંત બક્ષીસો પ્રદાન કર, અને તારા માર્ગદર્શનના પ્રકાશને ચમકવા દે."[૬]**

**"સાચી સમજદારીના દ્વાર ખોલી દે અને આસ્થાના પ્રકાશને તેજસ્વીપણે ચમકવા છે."[૭]**

**"હે પ્રભુ ! અમારી આંખોને તેજસ્વી બનાવ કે જેથી અમે તારા પ્રકાશના દર્શન કરી શકીએ."[૮]**

**"હું સંપૂર્ણ રીતે તારા તરફ વળ્યો છું, મારૂં સંપૂર્ણ હૃદય, મારૂં મન અને મારી જીભથી, તારી દિવ્ય એકતાના આ ચક્રમાં જે કંઈ તારી ઈચ્છાથી વિપરિત છે તે બધાથી મારૂં રક્ષણ કરવા હું તને આતુરતાથી પ્રાર્થના કરૂં છું."[૯]**

## વિભાગ ૬

સાંચેઝના ઘરની મુલાકાતથી અને 'શાશ્વત સંવિદા' વિષય પરના તેમની સાથેના તેના વાર્તાલાપથી એલજાન્ડ્રાનું હૃદય આનંદ વિભોર થઈ ગયું છે. તે વિચાર કરે છે કે, "બીજી મુલાકાત બહાઉલ્લાહના જીવન વિશેના તેમના જ્ઞાનને દૃઢ કરવા માટેનો સારો અવસર હશે." નીચે પ્રસ્તુતિ આપવામાં આવી છે જેના ઉપર તે ધ્યાન કેન્દ્રિત કરશે :

> ૧૨ નવેમ્બર ૧૮૧૭ ના રોજ, ઈરાનની રાજધાની તહેરાનમાં બહાઉલ્લાહનો જન્મ થયો હતો. બાળપણથી જ તેણે અસામાન્ય ગુણો પ્રગટ કર્યા હતા, અને તેના માતા-પિતાને સમજમાં આવી ગયું હતું કે તે કોઈ મહાન કાર્ય માટે જનમ્યા હતા. બહાઉલ્લાહના પિતા, જેઓ રાજાના દરબારમાં એક વિશિષ્ટ મંત્રી હતા, તેને તેના પુત્ર માટે અપાર પ્રેમ હતો. એક રાત્રે તેને સપનું આવ્યું કે બહાઉલ્લાહ એક અસીમ મહાસાગરમાં તરતા હતા, તેનું શરીર વિશાળ મહાસાગરને પ્રકાશિત અને રોશન કરી રહ્યું હતું. તેના માથાની ફરતે તેના કાળા કેશ ફેલાયેલા હતા અને પ્રકાશના કિરણો ફેલાવી રહ્યા હતા. તેની ચારેબાજુ માછલીઓનું ઝૂંડ ભેગું થઈ ગયું હતું, તેમાંથી દરેક માછલી એક એક કેશના છેડાને વળગી રહી હતી. માછલીઓની સંખ્યા એટલી વધારે હતી કે બહાઉલ્લાહના માથાનો એક પણ કેશ બાકી ન હતો. તે મુક્ત અને અબાધિતપણે આગળ વધી રહ્યા હતા અને માછલીઓ તેનું અનુસરણ કરતી હતી. તેની બુદ્ધિમત્તા માટે સુપ્રસિધ્ધ એવા એક માણસને બહાઉલ્લાહના પિતાએ આ સપનાનો અર્થ સમજાવવાનું કહ્યું. તેને કહેવામાં આવ્યું કે અસીમ મહાસાગર એ આ અસ્તિત્વ જગત હતું. એકલા અને એકલા હાથે, બહાઉલ્લાહ તેના ઉપર સાર્વભૌમત્વ પ્રાપ્ત કરશે. માછલીઓનું ઝૂંડ એવા ખળભળાટનું સુચન છે જેને તે આ દુનિયાના લોકોમાંથી ઊભા કરશે. તેને સર્વશક્તિશાળીનું અચૂક રક્ષણ મળશે; અને આ ખળભળાટ તેને કોઈ નુકશાન પહોંચાડી શકશે નહી.
>
> બહાઉલ્લાહ ૧૪ વર્ષના હતા ત્યાં સુંધીમાં તો, તેની બુદ્ધિમત્તા અને વિદ્વતા માટે તે રાજાના દરબારમાં પ્રખ્યાત થઈ ગયા હતા. તે બાવીસ વર્ષના હતા ત્યારે તેના પિતાનું અવસાન થયું, અને સરકારે બહાઉલ્લાહને તેના પિતાનું પદ આપ્યું. પરંતું તેનું ધ્યેય દુન્યવી કાર્ય-પ્રવૃતિઓનું સંચાલન કરવામાં તેનો સમય પસાર કરવાનો ન હતો. ઈશ્વર દ્વારા તેના માટે નિર્ધારિત માર્ગનું અનુસરણ

કરવા માટે તેણે રાજદરબાર અને તેના મંત્રીઓનો ત્યાગ કરી દીધો. તેણે પીડિતો, બીમાર અને ગરીબોની સેવામાં તેનો સમય સમર્પિત કરી દીધો અને થોડા જ વખતમાં તે ન્યાય-ધર્મના વિજેતા તરીકે સુપ્રસિધ્ધ બની ગયા.

સત્તાવીસ વર્ષની વયે, બહાઉલ્લાહને એક ખાસ સંદેશવાહક દ્વારા બાબના કેટલાક લખાણોં પ્રાપ્ત થયા, જેઓ એક નવયુગના અરૂણોદયની ઘોષણા કરી રહ્યા હતા, એવો યુગ જયારે ઈશ્વરનો એક નવો અવતાર લાંબા સમયથી માનવજાત દ્વારા પ્રતિક્ષિત એવી શાંતિ, એકતા અને ન્યાય આ દુનિયામાં લાવશે. બહાઉલ્લાહે તરત જ બાબના સંદેશનો સ્વીકાર કર્યો અને તેના એક ઉત્સાહી અનુયાયી બની ગયા. પરંતું, અફસોસ ! પોતાની સ્વાર્થી ઈચ્છાઓમાં આંધળા બની ગયેલા ઈરાનના શાશકો, ખૂબજ કૃરતાથી બાબના અનુયાયીઓ પર અત્યાચાર કરવા લાગ્યા. બહાઉલ્લાહ તેની કુલીનતા માટે સુપ્રસિધ્ધ હોવા છતાં, તે પણ તેમાંથી બાકાત રહી શક્યા નહી. બાબની ઘોષણાના આઠ વર્ષ અને ખુદ બાબને શહીદ કરી દેવામાં આવ્યા હતા તેના બે વર્ષ પછી તેને કાળ-કોટડી નામના અંધકારમય કારાવાસમાં કેદ કરવામાં આવ્યા હતા. તેના ગળામાં બાંધેલી જંજીરો એટલી વજનદાર હતી કે તે તેનું માથું પણ ઊંચું કરી શકતા ન હતા. અહિં સખત યાતનામાં બહાઉલ્લાહે ભયંકર ચાર મહિના પસાર કર્યા. આમછતાં, આ કાળ-કોટડીમાં જ તેનો આત્મા ઈશ્વરની ચેતનાથી સભર થયો અને તેની સમક્ષ પ્રગટ કરવામાં આવ્યું કે તે બધા યુગોના પ્રતિક્ષિત અવતાર હતા. આ કાળ-કોટડીમાંથી આખી સૃષ્ટિને પ્રકાશિત કરતો બહાઉલ્લાહના સૂર્યનો ઉદય થયો.

આ કાળ-કોટડીમાં ચાર મહિનાના કારાવાસ પછી, બહાઉલ્લાહ પાસેથી તેની બધી સંપતિ છીનવી લેવામાં આવી અને તેનો તેના પરિવાર સાથે દેશનિકાલ કરવામાં આવ્યો. શિયાળાની કડકડતી ઠંડીમાં, તેણેં ઈરાનના પશ્ચિમી પહાડી પર્વતીય વિસ્તારમાંથી બગદાદ સુંધીનો પ્રવાસ કર્યો, બગદાદ તે વખતમાં તુર્કી સામ્રાજયનું એક શહેર હતું અને તે આજે ઈરાનની રાજધાની છે. તેના નસીબમાં લખાયેલા આ શહેર સુંધીના માર્ગમાં સેંકડો માઈલ તેને બરફ અને બરફીલા રસ્તા પરથી પસાર થવું પડયું, તેની યાતનાઓનું શબ્દોમાં વર્ણન કરવું શક્ય નથી.

થોડા જ વખતમાં આખા બગદાદ અને તે વિસ્તારના બીજા શહેરોમાં બહાઉલ્લાહની કિર્તીનો ફેલાવો થવા માંડયો અને વધારે ને વધારે લોકો બહાઉલ્લાહના આશીર્વાદ મેળવવા આ દેશવટો પામેલા કેદીના દરવાજે ઉમટી આવવા લાગ્યા. પરંતું ત્યાં થોડા લોકો હતા જેમને તેની કિર્તીની ઈર્ષા થવા લાગી. તેમાંથી એક બહાઉલ્લાહના પોતાના પિતરાઈ ભાઈ મિર્ઝા યાહ્યા હતા, જેઓ તેની જ સંભાળ હેઠળ જીવન ગુજારી રહ્યા હતા. મિર્ઝા યાહ્યાના ષડયંત્રો બાબના અનુયાયીઓ વચ્ચે કુસંપનું કારણ બનવા લાગ્યા અને તેનાથી બહાઉલ્લાહને ખૂબ દુ:ખ થયું. એક રાત્રે, કોઈને જાણ કર્યા વગર, બહાઉલ્લાહ તેનું ઘરબાર છોડીને કુર્દીસ્તાનના જંગલોમાં જતા રહ્યા. ત્યાં તેઓ પ્રાર્થના અને મનનમાં મગ્ન રહીને એકાંતવાસમાં જીવન ગુજારવા લાગ્યા. તે એક નાની ગુફામાં રહીને સાદા ખોરાકથી ગુજરાત ચલાવતા. તે વિસ્તારમાં કોઈ જાણતું ન હતું કે તેનું મૂળ શું હતું, અને કોઈ તેનું નામ જાણતું ન હતું. પરંતું, થોડા સમય પછી ધીરે ધીરે તે વિસ્તારના લોકો "ગુમનામ વિભૂતિ", એક મહાન સંત વિશે વાત કરવા લાગ્યા જે પ્રભુ-પ્રદત જ્ઞાન ધરાવતા હતા. જયારે આ પવિત્ર વ્યક્તિના સમાચાર તેના જયેષ્ઠ પુત્ર, અબ્દુલબહાના કાને પહોંચ્યા ત્યારે, તેને તરત જ તેના પ્રિય પિતાના ચિન્હોની ખાતરી થઈ ગઈ. એક ખાસ દૂત સાથે બહાઉલ્લાહને બગદાદ પાછા આવવાની વિનંતી કરતા પત્રો મોકલવામાં આવ્યા. બહાઉલ્લાહે તેનો સ્વીકાર કર્યો અને પીડાદાયી જુદાઈના સમયગાળાનો અંત આવ્યો જે બે વર્ષ સુંધી ચાલ્યો હતો.

બહાઉલ્લાહની ગેરહાજરીમાં, બાબી સમુદાયની તીવ્ર ઝડપે પડતી થવા લાગી. પર્વતોમાંથી પાછા આવ્યા પછી તેઓ સાત વર્ષ બગદાદમાં રહ્યા હતા તે સમય દરમિયાન, તેણે બાબના યાતનાગ્રસ્ત અને દ્વિધામાં સપડાયેલા અનુયાયીઓમાં એક નવીન ચેતનાનો સંચાર કર્યો. હજુ સુંધીમાં, તેણે તેના મહાન સ્થાનની ઘોષણા નહી કરી હોવા છતાં, તેના શબ્દોની શક્તિ અને બુદ્ધિમતા વધતી જતી સંખ્યામાં બાબીઓની વફાદારી અને જીવનના દરેક ક્ષેત્રના લોકોની પ્રશંસા ઉપર વિજય મેળવવાની શરૂઆત કરવા લાગ્યા હતા. પરંતું એટલી મોટી સંખ્યામાં આત્માઓ પર બહાઉલ્લાહનો જે અદ્‌ભૂત પ્રભાવ પડી રહ્યો હતો, તેને કટ્ટરવાદી મુલ્લાઓ સહન કરી શક્યા નહી. જયાં સુંધી ઈરાનની સરકાર દ્વારા તુર્કી સામ્રાજયના કેટલાક અધિકારીઓ સાથે હાથ મિલાવીને તેનો તેની જન્મભૂમિથી હજુ વધારે દૂર, આ વખતે કોન્સ્ટેન્ટિનોપલ શહેરમા દેશનિકાલ કરવામાં નહી આવ્યો ત્યાં સુંધી તેઓ અધિકારીઓને વારંવાર ફરિયાદો કરતા રહ્યા.

બગદાદના લોકો માટે ઈ.સ. ૧૮૬૩ ની સાલનો એપ્રિલ મહિનો ખૂબ દુ:ખદ હતો. જેના પ્રત્યે તેમનો પ્રેમ વધી રહ્યો હતો તે શહેર છોડીને જઈ રહ્યા હતા, તેઓ જયાં જઈ રહ્યા હતા તે શહેરથી તેઓ બિલકુલ અજાણ હતા. તેની વિદાય પહેલાં, બહાઉલ્લાહ આ શહેરની ભાગોળે એક બગીચામાં રહેવા ગયા, ત્યાં તેનો તંબું ઊભો કર્યો અને બાર દિવસ સુંધી મુલાકાતીઓના પ્રવાહને મળ્યા જેઓ તેને વિદાય આપવા ભેગા થતા હતા. ભારે હૃદય સાથે બાબના અનુયાયીઓ આ બગીચામાં આવવા લાગ્યા; તેમાંથી કેટલાક અનુયાયી બહાઉલ્લાહના દેશવટાના બીજા ચરણમાં તેમની સાથે જવાના હતા, જયારે અનેક અનુયાયી ત્યાં જ રહેવાના હતા અને તેના ગાઢ સાંનિધ્યથી વંચિત રહેવાના હતા. પરંતું ઈશ્વરની ઈચ્છા આ પ્રસંગને નિરાશામાં ફેરવવાની ન હતી. તેની અનંત ઉદારતાના દ્વાર આખા ખુલી ગયા અને જેઓ બહાઉલ્લાહની આસપાસ હતા તેમની સમક્ષ તેણેં ઘોષણા કરી કે, જેની બાબે ભવિષ્યવાણી કરી હતી -તે જેને ઈશ્વર પ્રગટ કરશે, તે સ્વયં બહાઉલ્લાહ હતા. નિરાશાએ અપાર આનંદને માર્ગ આપ્યો; હૃદયો હર્ષોલ્લાસિત અને આત્માઓ તેની પ્રેમની અગ્નિથી પ્રજ્વલિત થઈ ગયા. એપ્રિલ મહિનામાં આ બાર દિવસોની રિઝવાનનો ઉત્સવ, બહાઉલ્લાહ દ્વારા તેના વિશ્વવ્યાપી જીવનધ્યેયની ઘોષણાની સવંત્સરી તરીકે ઉજવણી કરવામાં આવે છે.

કોન્સ્ટેન્ટિનોપલ તુર્કી સામ્રાજયનું વડુ મથક હતું. અહિં ફરીથી, માત્ર ચાર જ મહિનામાં, બહાઉલ્લાહની મહાન બુદ્ધિમત્તા અને તેના વ્યક્તિત્વની રોનક વધારે ને વધારે લોકોને આકર્ષવા લાગી. "તે હવે વધારે સમય કોન્સ્ટેન્ટિનોપલમાં રહેવા જોઈએ નહી," મુસલમાન ધર્મગુરૂઓ કાનાફૂસી કરવા લાગ્યા, તેમણેં બહાઉલ્લાહને એડ્રિયાનોપલમાં દેશનિકાલ કરવા માટે અધિકારીઓને મનાવી લીધા. એડ્રિયાનોપલમાં, જયાં તેઓ સાડા ચાર વર્ષ રહ્યા હતા ત્યાંથી, તેણેં દુનિયાના સમ્રાટો અને શાશકોને તેમની અત્યાચારની રીતોનો ત્યાગ કરીને તેમના લોકોના કલ્યાણ માટે તેમનીજાતને સમર્પિત કરવાનો આદેશ આપતા પત્રો લખ્યા. તેના પછી, તેના દુશ્મનોએ સૌથી કૃર સજાની યોજના ઘડી. બહાઉલ્લાહ અને તેના કુટુંબીજનોને અક્કા નામના શહેરમાં દેશવટો આપવામાં આવ્યો, જે તે વખતમાં આખા સામ્રાજયમાં સૌથી ખરાબ એવી કાળાપાણીની સજા માટે જાણીતું હતું. આ કમજોર દિલના લોકોએ વિચાર્યું કે, "આ કારાનગરીની કઠોર પરિસ્થિતિમાં તે ખતમ થઈ જશે" અને તેઓ ઈશ્વર દ્વારા શરૂઆત કરવામાં આવેલી આ યોજનાનો અંત લાવી દેશે.

અક્કામાં બહાઉલ્લાહે જે યાતનાઓ સહન કરી હતી તેનું વર્ણન કરવું અશક્ય છે. તે દરેક પ્રકારની સુખ-સુવિધાથી વંચિત હતા અને રાત-દિવસ દુશ્મનોથી ઘેરાયેલા હતા. પરંતું ધીરે ધીરે કારાવાસની

પરિસ્થિતિ બદલાઈ ગઈ. બહાઈઓનો આ નાનો સમુહ, જેમને આ શહેરમાં દેશવટો આપવામાં આવ્યો હતો, તેમના નિર્દોષપણાની અક્કાના નિવાસીઓ અને ત્યાંની સરકારને ખાતરી થવા લાગી. મોટા ભાગના લોકો હજુ તેના પરમ મહાન સ્થાનથી અજાણ હોવા છતાં, ફરી એકવાર, લોકો આ અસાધારણ વિભૂતિનો વિવેક અને પ્રેમથી આકર્ષાવા લાગ્યા. લગભગ નવ વર્ષ પછી, બહાઉલ્લાહ અને તેના અનુયાયી માટે કારાનગરીના દરવાજા ખુલી ગયા. તેના પુત્ર અબ્દુલબહાને શહેરના કોટની દિવાલોની બહાર તેના પિતા માટે એક ગૌરવશાળી જગ્યા સુનિશ્ચિત કરવામાં સફળતા મળી, અને અંતે બહાઉલ્લાહ માટે શહેરની બહાર એક ઘર ભાડે લેવા સફળ થયા જયાં બહાઉલ્લાહ તેના જીવનના બાકીના તેર વર્ષ શાંતિ અને પ્રશાંતિમાં પસાર કરી શક્યા હતા. આજે આપણે આ ઘરને બહજી ભવન તરીકે ઓળખીએ છીએ, અને ત્યાં પ્રતાપ અને મહિમાના શિખરે સને ૧૮૯૨માં તેનો સ્વર્ગવાસ થયો હતો.

બહાઉલ્લાહે સાર્વભૌમિક શાંતિ અને અને ભાઈચારાનો ઝંડો ફરકાવ્યો અને ઈશ્વરના વચનો પ્રગટ કર્યા. તેના દુશ્મનોએ તેમની તાકતોને બહાઉલ્લાહની વિરૂધ્ધમાં એકજૂટ કરી હોવા છતાં, તહેરાનની અંધારી કોટડીમાં જયારે તેઓ સાંકળોમાં બંધાયેલા હતા ત્યારે ઈશ્વરે તેને જે વચન આપ્યું હતું તે મુજબ, તે વિજયી થયા. તેના જીવન કાળ દરમિયાન, તેનો સંદેશ હજારો લોકોના હૃદયને પુનઃજીવિત કરવાનું કારણ બન્યો. અને આજે, આખી દુનિયામાં તેના શિક્ષણોનો સતત ફેલાવો થઈ રહ્યો છે. એક વિશ્વ ધર્મ, એક સમાન વિશ્વાસમાં માનવજાતની એકતાનો તેનો અંતિમ ઉદ્દેશ હાંસલ કરવાથી તેને કોઈ ચીજ રોકી શકશે નહી.

બહાઉલ્લાહના જીવનની ઉપરોક્ત વાર્તા પ્રમાણમાં લાંબી છે. નીચે આપેલા સ્વાધ્યાય તરફ આગળ જતાં પહેલાં, જયાં સુંધી આ વિષયને તમે સરળતાથી અને સારી રીતે પ્રસ્તુત કરી શકો નહી ત્યાં સુંધી તમારે તમારા જૂથમાં એક પછી એક ફકરો વાંચવો જોઈએ અને એકબીજાને પ્રશ્નો પૂછવા જોઈએ. બહાઉલ્લાહના દેશવટાના માર્ગને ધ્યાનમાં રાખવામાં અને આ માર્ગ દરમિયાન બનેલી ઘટનાઓને યાદ રાખવામાં નીચે આપેલો નકશો તમારી મદદ કરશે :



૧. ઉપરોક્ત વાર્તાને આધારે, નીચે આપેલી ખાલી જગ્યામાં બહાઉલ્લાહના જીવન સાથે સંકળાયેલી મુખ્ય ઘટનાઓનો ક્રમ લખવો તમારા માટે ઉપયોગી પુરવાર થશે.

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

૨. બહાઉલ્લાહના જીવનના વિષયની આજુબાજુ, ઘટનાઓના ક્રમ સિવાય, એવા અનેક ખ્યાલો છે જેને સમજવું જરૂરી છે. જેમાંથી માનવજાત પ્રત્યેના તેના પ્રેમને ખાતર તેણે સહન કરેલી યાતનાઓ, અને તેની સાથે એટલો વિરોધ થયો હોવા છતાં તેના ધર્મએ જે અસાધારણ વિજયો હાંસલ કર્યા હતા તેના ઉપર ચિંતન કરવું ખાસ મહત્વનું છે. ચાલો આ શબ્દોને આપણા મન અને હૃદયમાં અંકિત થઈ જવા દો :

**"પ્રાચિનતમ સૌદર્યએ સ્વયં સાંકળોથી બંધનયુક્ત થવાનું સ્વીકાર્યું કે જેથી માનવજાત તેના બંધનોમાંથી મુક્ત થઈ શકે, તેણે આ અતિ શક્તિશાળી કિલ્લામાં કેદી બનવાનું સ્વીકાર્યું કે જેથી સંપૂર્ણ વિશ્વ સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકે. તેણે દુ:ખનો પ્યાલો ગટગટાવ્યો કે જેથી દુનિયાના લોકો શાશ્વત પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે અને ખુશીથી તરબોળ થઈ જાય. આ સર્વદયાળુ, સર્વકૃપાળુ તમારા પ્રભુની કૃપા જ માત્ર છે. હે ઈશ્વરની એકતામાં વિશ્વાસ કરવાવાળા! અમે અપમાનિત થવાનું સ્વીકાર્યુ કે જેથી તમે ગૌરવ પ્રાપ્ત કરી શકો તથા અસંખ્ય યાતનાઓ સહન કરી કે જેથી તમે સુખ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકો. જુઓ, જેમણે ઈશ્વર સાથે ભાગીદારી કરી છે તેમણે, જેઓ વિશ્વના નવનિર્માણ માટે આવ્યા છે તેને કેવી રીતે સૌથી નિર્જન શહેરોમાં નિવાસ કરવાની ફરજ પાડી છે."**[૧૦]

૩. જયારે આપણે બહાઉલ્લાહની યાતનાઓ વિશે વાત કરતા હોઈએ ત્યારે, તેને તેના દુશ્મનો સામે એક લાચાર વ્યક્તિ તરીકે પ્રસ્તુત નહી કરી બેસીએ તેની આપણે કાળજી રાખવી જોઈએ. માનવજાતને મુક્ત કરવા માટે તેણે સ્વેચ્છાએ સાંકળોથી બંધાવાનું સ્વીકાર્યું હતું. તેની જીવન-ગાથા, સખત યાતનાઓથી ભરેલી હોવા છતાં, વાસ્તવમાં તે ભવ્ય વિજય છે. શું તમે તમારા ટ્યુટરની મદદથી, બહાઉલ્લાહનું જીવન વિશેના તમારા વર્તમાન જ્ઞાનને આધારે, તેની યાતનાઓ અને વિજયો વિશે એક ટૂંકું વકતવ્ય તૈયાર કરી શકો છો ? નીચે આપેલા પ્રશ્નો તમારી સહાયતા કરી શકે છે.

ક. શા માટે બહાઉલ્લાહે સાંકળોથી બંધાવાનું સ્વીકાર્યું હતું ? ____________________

____________________________________________________________

ખ. શા માટે બહાઉલ્લાહે એક કેદી બનવાનું સ્વીકાર્યું હતું ? ____________________

____________________________________________________________

ગ. શા માટે બહાઉલ્લાહે દુ:ખનો પ્યાલો પીધો હતો? ______________________

______________________________________________________________

ઘ. શા માટે બહાઉલ્લાહે અપમાનિત થવાનું સ્વીકાર્યું હતું? ____________________

______________________________________________________________

ચ. શા માટે બહાઉલ્લાહે એટલી બધી યાતનાઓ સહન કરી હતી? _______________

______________________________________________________________

છ. શું બહાઉલ્લાહે એટલા માટે યાતનાઓ સહન કરવાનું સ્વીકાર્યું કારણકે તેઓ તેનો સામનો કરવા માટે કમજોર હતા? ______________________________________

જ. જો બહાઉલ્લાહ તેના દુશ્મનો સામે કમજોર ન હતા તો પછી, તેણે શા માટે યાતના સહન કરવાનો સ્વીકાર કર્યો હતો? ____________________________________

______________________________________________________________

## વિભાગ ૭

એલજાન્ડ્રાની સાંચેઝના ઘરની બીજી મુલાકાત પહેલી મુલાકાત જેવી જ આનંદીત હોય છે. શ્રી અને શ્રીમતી સાંચેઝ કઈક અંશે પહેલાથી જ બહાઉલ્લાહના જીવનની વાર્તાથી પરિચિત હતા, પરંતું તેઓ એલજાન્ડ્રાની પ્રસ્તુતિમાંથી વધારે શીખવા માટે ખુશ હતા અને બહાઉલ્લાહની યાતનાઓ વિશેની વાતો તેમના હૃદયને સ્પષ્ટ રીતે સ્પર્શી ગઈ હતી. એક ક્ષણે શ્રીમતી સાંચેઝ વિચાર કરે છે, “એવું લાગે છે કે ઈશ્વરના અવતારો હંમેશા એવા લોકોના હાથે યાતના સહન કરે છે જેઓ નેતૃત્વ અને દુન્યવી સત્તાના તરસ્યા હોય છે.” એલજાન્ડ્રા નક્કી કરે છે કે, તેણે જે અવતરણ મોઢે કર્યું છે -જેના વિશે ગયા વિભાગના અભ્યાસમાંથી તમે પણ જાણો છે -તેની આપ-લે કરવાનો આ સુયોગ્ય સમય છે જેમાં બહાઉલ્લાહ કહે છે કે તેણે માનવજાત માટે યાતનાઓ સહન કરી છે, કે જેથી આપણે અત્યાચારમાંથી મુક્ત થઈ શકીએ અને કાયમી ખુશી પ્રાપ્ત કરી શકીએ. તે દિવસની ચર્ચાથી ત્રણે મિત્રો આનંદીત હોવાનો અનુભવ કરે છે.

તેની હવે પછીની મુલાકાત વિશે ચિંતન કરતાં, એલજાન્ડ્રા ઝડપથી નિષ્કર્ષ પર પહોંચે છે કે અબ્દુલબહાનું સ્થાન એ ચર્ચા માટેનો એક સહજ વિષય હશે. આ કેટલાક મુદ્દાઓ છે જેનો તેમાં સમાવેશ કરવાની કાળજી રાખશે:

> બહાઉલ્લાહના જયેષ્ઠ પૂત્ર, અબ્દુલબહા માનવ ઈતિહાસમાં એક સૌથી અતુલ્ય વિભૂતિ છે, અને અગાઉના કોઈપણ ધર્મમાં આપણે તેના જેવી કોઈ વ્યક્તિને શોધી શકતા નથી. હજુ તો બાળક હતા ત્યારે જ તે તેના પિતાનું દિવ્ય સ્થાન સમજી ગયા હતા અને તેના દેશનિકાલ અને યાતનાઓમાં સહભાગી થયા હતા. બહાઉલ્લાહના સ્વર્ગવાસ પછી અબ્દુલબહાની દેખરેખ અને સુરક્ષા હેઠળ તેઓ બહાઈ સમુદાયને છોડી ગયા હતા. આપણે કદી સંપૂર્ણ રીતે સમજી શકતા નથી કે, માત્ર તેમનું ઉત્કૃષ્ટ પ્રગટીકરણ જ નહી પરંતું તેનો પુત્ર પણ આપીને બહાઉલ્લાહે માનવજાત ઉપર કેટલી અપાર કૃપા વરસાવી છે, તેઓ કહે છે કે તેનું જ્ઞાન અને બુદ્ધિમત્તાથી આ દુનિયા માર્ગદર્શિત અને પ્રકાશિત થશે.

જયારે આપણે અબ્દુલબહાનું જીવન અને તેની વાણીનો અભ્યાસ કરીએ છીએ ત્યારે, આ ધર્મ-કાળમાં તેઓ જે અતુલ્ય સ્થાન ધરાવે છે તેના વિશે અંતઃદૃષ્ટિ પ્રાપ્ત કરીએ છીએ. આ સ્થાનના ત્રણ તત્વોને ધ્યાનમાં રાખવું આપણા માટે મહત્વનું છે.

પહેલું, અબ્દુલબહા બહાઉલ્લાહની સંવિદાનું કેન્દ્ર છે. બહાઉલ્લાહે તેના અનુયાયીઓ સાથે સંવિદા કરી હતી જેમાં તેઓ તેમના હૃદયને આ કેન્દ્ર તરફ કેન્દ્રિત કરવાનું અને તેના પ્રત્યે સંપૂર્ણ રીતે વફાદાર રહેવાનું આહ્વાન કરે છે. તેનું વસીયતનામું અને ઈચ્છાપત્રમાં, અબ્દુલબહાએ શોઘી એફેન્દીની પ્રભુધર્મના સંરક્ષક તરીકે, એવા કેન્દ્ર તરીકે નિમણૂંક કરી હતી કે જેના તરફ તેના સ્વર્ગવાસ પછી બધાએ વળવું જોઈએ. આજે આ કેન્દ્ર વિશ્વ ન્યાય મંદિર છે, જેની બહાઉલ્લાહના સ્પષ્ટ આદેશ તથા અબ્દુલબહા અને ધર્મસંરક્ષક દ્વારા આપવામાં આવેલી સ્પષ્ટ સુચનાઓ અનુસાર સ્થાપના કરવામાં આવી છે. સંવિદાની શક્તિ બહાઈ સમુદાયને એકસાથે જોડી રાખે છે તથા વિભાજન અને વિઘટનથી તેની સુરક્ષા કરે છે.

બીજું, અબ્દુલબહા બહાઉલ્લાહના શબ્દોના અચૂક અર્થઘટક છે. બહાઉલ્લાહનું પ્રગટીકરણ એટલું વિશાળ છે, તેની વાણીમાં નિહિત અર્થો એટલા ગહન છે કે બહાઉલ્લાહને તેની પાછળ એક અર્થ-ઘટક, એવી વ્યક્તિ જેને તે સ્વયં પ્રેરણા આપી શકે, તેને છોડી જવાની જરૂર લાગી. આમ, આવનારી પેઢીઓ સુંધી, અબ્દુલબહાની અનેક પાતીઓ અને તેના વક્તવ્યોના પ્રમાણિત અનુલેખમાંથી તેના અર્થઘટનોના અભ્યાસ દ્વારા માનવજાત બહાઉલ્લાહના શિક્ષણોને સમજી શકશે. અબ્દુલબહા પછી શોઘી એફેન્દી બહાઉલ્લાહના શિક્ષણોના અર્થઘટક હતા; તેની સાથે અર્થ-ઘટનનું કાર્ય પુરૂં થયું છે, અને બહાઉલ્લાહના શેષ ધર્મકાળમાં કોઈને પણ તેના શબ્દોનું અર્થ-ઘટન કરવાની સત્તા નથી.

ભૂતકાળમાં દરેક ધર્મ, તેના પવિત્ર ગ્રંથોમાંથી અવતરણોના અલગ અલગ અર્થઘટનોને કારણે વિભાજનનું કારણ બન્યો છે. પરંતું આ ધર્મકાળમાં, જયારે બહાઉલ્લાહના કોઈ વિધાનના અર્થ વિશે અનિશ્ચિતતા હોય છે ત્યારે, દરેક જણ અબ્દુલબહા અને શોઘી અફેન્દીના અર્થઘટનો તરફ વળે છે. જો અનિશ્ચિતતા બાકી રહે તો, એક વ્યક્તિ સ્પષ્ટતા માટે વિશ્વ ન્યાય મંદિર તરફ વળી શકે છે. તેથી, શિક્ષણોના અર્થ વિશે ટકરાવને કોઈ અવકાશ રહેતો નથી, અને પ્રભુધર્મની એકતા સુરક્ષિત રહે છે.

ત્રીજુ, અબ્દુલબહા તેના પિતાના શિક્ષણોના સંપૂર્ણ ઉદાહરણરૂપ છે. આપણે સંપૂર્ણતાના આ સ્તર સુંધી પહોંચવાની કદી આશા નહી રાખી શકતા હોવા છતાં, આપણે હંમેશા તેને આપણી આંખો સમક્ષ રાખવું જોઈએ અને તેના ઉદાહરણનું અનુસરણ કરવાનો પુરૂષાર્થ કરવો જોઈએ. જયારે આપણે પવિત્ર લખાણોંમાં પ્રેમ વિશે વાંચીએ છીએ ત્યારે, આપણે અબ્દુલબહા તરફ વળી શકીએ છીએ અને આપણને પ્રેમ અને દયાનો સાર જોવા મળશે. જયારે આપણે શુદ્ધતા, ન્યાય, સચ્ચાઈ, આનંદ અને ઉદારતા વિશે વાંચીએ છીએ ત્યારે, આપણે તેના તરફ વળી શકીએ છીએ અને તેના જીવન વિશે વિચાર કરી શકીએ છીએ, અને આપણેં જોઈશું કે કેવી રીતે તેણેં મહત્તમ સંપૂર્ણતામાં આ ગુણો પ્રગટ કર્યા છે.

નિઃશક, અબ્દુલબહાના જીવનનો સાર તેનું દાસત્વ હતું. અબ્દુલબહાનો અર્થ છે “બહાનો સેવક”, અને તેને સન્માનિત કરવામાં આવેલા બધા શિર્ષકોમાંથી તેણેં આ શિર્ષકની પસંદગી કરી હતી. અબ્દુલબહાના નીચેના શબ્દો સેવા કરવાની તેની તીવ્ર ઈચ્છાની અભિવ્યક્તિ છે :

**"મારૂં નામ અબ્દુલબહા. મારી લાયકાત અબ્દુલબહા. મારી વાસ્તવિકતા અબ્દુલબહા. મારી પશંસા અબ્દુલબહા. આશીર્વાદિત સંપૂર્ણતા પ્રત્યેની ગુલામી મારૂં યશસ્વી અને ચમકતું મુગટ, અને સમસ્ત માનવજાત પ્રત્યેનું દાસત્વ મારો શાશ્વત ધર્મ ... અબ્દુલબહા સિવાય બીજું કોઈ નામ, કોઈ શીર્ષક, કોઈ તારીફ, કોઈ પ્રશંસાનો મેં કદી સ્વીકાર કર્યો નથી કે નહી કરીશ. આ મારી મહાન ઈચ્છા છે. આ મારૂં શાશ્વત જીવન છે. આ મારી નિતાંત કિર્તી છે."**[૧૧]

સ્પષ્ટ છે કે, સાંચેઝ પરીવાર સાથેની તેની બીજી મુલાકાતમાં તે જે વિષયની ચર્ચા કરવાનું આયોજન કરે છે તે એક સૌથી અતુલનીય વિભૂતિનો એક પરિચય માત્ર હશે; અને આ ધર્મકાળમાં અબ્દુલબહાનું જે સ્થાન છે તે અંગેની તેમની સમજમાં આવનારા વર્ષોમાં સતત વધારો થતો રહેશે. તમારા પોતાના જીવનમાં પણ, જેમ જેમ તમે સેવાના માર્ગે ચાલશો તેમ તેમ, તેનું ઉદાહરણને યાદ કરવાના અને તેના શબ્દો પર ચિંતન કરવાના તમને અનેક અવસર મળશે. અગાઉના એકમમાં પહેલાંથી જ, તમે તેની થોડી વાણીથી તમારી જાતને પરિચિત કરી લીધી છે, અને તેઓ તેની પાતીઓ અને જાહેર વક્તવ્યોમાં જેવી રીતે વિચારોને પ્રસ્તુત કરે છે એવી રીતે તેની રજુઆત કરવાનું શીખવા માટે તમને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. હમણા, તેના સ્થાન વિશેની તમારી વર્તમાન સમજમાં વધારો કરવા, ઉપર ઉલ્લેખિત મુખ્ય મુદ્દાઓ વિશે તમારા જૂથના સભ્યો સાથે તમારે પરામર્શ કરવો જોઈએ અને તેની સારી રીતે રજુઆત કરવાનો મહાવરો કરવો જોઈએ. ઉપર સમાવેશ કરવામાં આવેલા અવતરણ પરનું ચિંતન સેવાના માર્ગ પર આગળ પ્રગતિ કરવાના તમારા પ્રયત્નોમાં તમને પ્રેરણા આપશે.

## વિભાગ ૮

શ્રી. અને શ્રીમતી. સાંચેઝ સાથેની એલજાન્ડ્રાની મુલાકાતની શરૂઆતથી જ એક પ્રશ્ન તેના મનમાં રહ્યો છે કે કયા વિષયોની ચર્ચા ચોક્કસ મહોલ્લામાં સમદાય-નિર્માણની પ્રક્રિયાના દૃઢ અને સક્રિય નાયક બનવામાં તેમની સૌથી વધારે મદદ કરશે. એક તરફ, પ્રાર્થના, આત્માનું અમરત્વ, ઈશ્વરના પ્રેમમાં દૃઢતા જેવા વિષયો છે જેના વિશે તે તેમની સાથે ચર્ચા કરવાની આશા રાખે છે, કારણકે તેમના આધ્યાત્મિક જીવનનો પાયો સતત મજબૂત થતો રહેવો જોઈએ. બીજી તરફ, તેમના માટે મહત્વનું હશે કે તેઓ એવા એક સમુદાયની દિર્ઘદૃષ્ટિ પ્રાપ્ત કરે જેનો ધીરે ધીરે વિકાસ થઈ રહ્યો છે અને તેઓ જાણે કે તેને સાકાર કરવામાં તેઓ મુલ્યવાન યોગદાન આપી શકે છે. શ્રી. અને શ્રીમતી. સાંચેઝ સાથેના અબ્દુલબહાના સ્થાન વિશેના વાર્તાલાપ દરમિયાન, એલજાન્ડ્રાને ધીરે ધીરે સમજમાં આવવા લાગે છે કે તેની બીજી મુલાકાતનો વિષય શું હોવો જોઈએ. "લોકોને એક કરવાના પ્રભુધર્મના ઉદ્દેશની તેમની પાસે મોટા પ્રમાણમાં સ્પષ્ટતા છે," તે વિચારે છે. "તેથી, શક્યતઃ જે વિષયનું આપણે વિશ્લેષણ કરવું જોઈએ તે છે, કેવી રીતે એક સંગઠિત સમુદાયનું નિર્માણ કરવું અને તેની જાળવણી કરવી."

ચોક્કસ મહોલ્લામાં મિત્રોના પ્રમાણમાં એક નાના જૂથ દ્વારા વર્તમાનમાં હાથ ધરવામાં આવી રહેલી પ્રવૃતિઓનું વર્ણનથી એલજાન્ડ્રા તેની ચોથી મુલાકાત શરૂ કરે છે. તે સમજાવે છે, "જેમ જેમ આપણી સંખ્યામાં વધારો થતો જાય તેમ તેમ, આપણે બધાએ જે સૌથી વધારે પડકારજનક જવાબદારી આપણા ખભે ઉપાડવી જોઈએ, તે આપણા શબ્દોમાં, આપણા વિચારોમાં, અને આપણા કાર્યોમાં વધારે ને વધારે સંગઠિત થવાની હશે. તેથી, જો તમે સહમત હોય તો, આજે આપણે સાથે મળીને એકતાના વિષયનું વિષ્લેષણ કરી શકીએ છીએ."

“હું જોઈ શકું છું કે આપણા સમુદાયના વિકાસ માટે એકતા કેટલી મહત્વની છે,” શ્રીમતી. સાંચેઝ પ્રતિભાવ આપે છે.

“અને આખરે તે બહાઉલ્લાહનો એકતાનો સંદેશ છે જેણે સૌથી પહેલાં તેના શિક્ષણો પ્રત્યે અમારા હૃદયને આકર્ષિત કર્યું હતું,” શ્રી. સાંચેઝ કહે છે.

“મેં થોડા વિચારો પસંદ કર્યા છે અને દરેક વિચાર માટે એક અવતરણ શોધી કાઢયું છે,” એલજાન્ડ્રા કહે છે. “જો તમને વાંધો નહી હોય તો, આપણે એક પછી એક અવતરણ વાંચીને તેની ચર્ચા કરી શકીએ છીએ.”

એલજાન્ડ્રાના વિચારોની સુચિ નીચે આપેલી છે :

- આપણો સમુદાય ખરેખર સંગઠિત રહે તે માટે, આપણાં પૈકી દરેકે ઝઘડા અને વિવાદથી દૂર રહેવું જોઈએ. બહાઉલ્લાહ કહે છે :

  **“આ‘દિવસ’માં કોઈ બાબત પ્રભુધર્મને એટલી હાની પહોંચાડી શકતી નથી જેટલી ઈશ્વરના પ્રિયજન વચ્ચેનો ઝઘડો અને કલહ, વિવાદ, અણમેળ અને ઉદાસિનતા હાનિ પહોંચાડી શકે છે. તેથી ઈશ્વરની શક્તિ અને તેની સર્વોપરી સહાયતાથી તેને મિટાવી દો તથા સર્વજ્ઞ, સર્વપ્રજ્ઞ, એક કરનારના નામ પર માનવ હૃદયોને એક સુત્રમાં બાંધવાનો પ્રયત્ન કરો.”**[૧૨]

- આપણને સમુદાયમાં દરેક વ્યક્તિ પ્રત્યે પ્રેમ હોવો જોઈએ, એવો પ્રેમ હોવો જોઈએ જે ઈશ્વર માટેના આપણાં પ્રેમનું પ્રતિબિંબ હોય.

  **“સંપૂર્ણ એકતામાં રહો. એકબીજા સાથે કદી ગુસ્સે નહી થાઓ.... ઈશ્વરને ખાતર જીવોને પ્રેમ કરો અને તેમની જાતને ખાતર નહી. જો તમે ઈશ્વરને ખાતર તેમને પ્રેમ કરો છો તો તમે કદી ગુસ્સે કે અધિરા બનશો નહી. માનવજાત સંપૂર્ણ નથી. દરેક માનવ અસ્તિત્વમાં અપૂર્ણતાઓ રહેલી છે, અને જો તમે લોકોની જાત તરફ નજર કરશો તો તમે હંમેશા નાખુશ થશો. પરંતું જો ઈશ્વર તરફ નજર કરો છો તો, તમે તેમને પ્રેમ કરશો અને તેમના પ્રત્યે દયાળુ બનશો, કારણકે ઈશ્વરનું સામ્રાજય સંપૂર્ણતા અને સંપૂર્ણ દયાનું સામ્રાજય છે.”**[૧૩]

- એકબીજા પ્રત્યે આપણે પ્રેમનો અનુભવ કરતા હોવા છતાં, જો આપણી વચ્ચે તંગદીલી ઊભી થાય તો, આપણે તરત જ અબ્દુલબહાના આ પરામર્શને યાદ કરવું જોઈએ:

  **“હું તમને બધાને આજ્ઞા આપું છું કે તમારા પૈકી દરેક જણ પ્રેમ અને એકતા પર તમારા હૃદયના બધા વિચારોને કેન્દ્રિત કરે. જયારે યુધ્ધનો વિચાર આવે ત્યારે, શાંતિના એક પ્રબળ વિચારથી તેનો વિરોધ કરો. ધિક્કારના વિચારનો પ્રેમના અધિક શક્તિશાળી વિચારથી નાશ કરવો જોઈએ. યુધ્ધના વિચારો સદ્ભાવ, કલ્યાણ, વિશ્રાંતિ અને સુખ-ચેનનો સર્વનાશ કરે છે.**

  **“પ્રેમના વિચારો ભાઈચારો, શાંતિ, મિત્રતા અને ખુશીનું નિર્માણ કરે છે.”**[૧૪]

- અને તેને અંકુશમાં રાખવાના બધા પ્રયત્નો કર્યા પછી પણ, જો આપણે જોઈએ કે આપણી કામનાઓ આપણને વશમાં કરી રહી છે અને આપણને બીજા સાથે વિવાદમાં નિહાળતા હોઈએ તો, આપણે આપણીજાતને બહાઉલ્લાહના આ શબ્દોની યાદ અપાવવી જોઈએ:

  **“જો તમારી વચ્ચે કોઈ મતભેદ ઉત્પન્ન થાય તો, તમારી સમક્ષ મને ઊભેલો જુઓ અને મારા નામને ખાતર, મારૂં પ્રગટકીરણ અને પાવન ધર્મ પ્રત્યેના તમારા પ્રેમને ખાતર એકબીજાના દોષોની ઉપેક્ષા કરો.”**[૧૫]

- બીજાના દોષોની અવગણના કરવાનું, તેમના પ્રશંસનીય ગુણો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું અને નિંદાથી સંપૂર્ણપણે દૂર રહેવાનું આધ્યાત્મિક શિસ્ત એ કુસંપનો સામનો કરવા માટેનું એક સૌથી પ્રભાવશાળી શસ્ત્ર છે. આપણે યાદ રાખવું જોઈએ કે જેમને આપણે પ્રેમ કરીએ છીએ તેમના દોષો જોવાની આપણે ટેવ પાડવી જોઈએ નહી અને તેમને દોષમૂક્ત આંખે જોવામાં આપણને કોઈ મુશ્કેલી પડવી જોઈએ નહી. અબ્દુલબહા કહે છે :

  **"અપૂર્ણ આંખ અપૂર્ણતાઓ જુએ છે. દોષ-મુક્ત આંખ આત્માઓના સર્જનહાર તરફ જુએ છે. તેણેં તેમનું સર્જન કર્યું છે, તેમને તાલીમ આપે છે અને તેમની જરૂરીયાતો પુરી પાડે છે, તેમને ક્ષમતા અને જીવન, દૃષ્ટિ અને શ્રવણશક્તિ પ્રદાન કરે છે ; તેથી, તેઓ તેની ભવ્યતાના ચિન્હો છે. તમારે દરેક જણને પ્રેમ કરવો જોઈએ અને તેમના પ્રત્યે દયાભાવ રાખવો જોઈએ, ગરીબોની કાળજી રાખવી જોઈએ, કમજોરનું રક્ષણ કરવું જોઈએ, બીમારનો ઈલાજ કરવો જોઈએ, અજ્ઞાનીને શિક્ષણ અને કેળવણી આપવી જોઈએ."**[૧૬]

  બહાઉલ્લાહ કહે છે :

  **"હે મારા સિંહાસનના સાથી! અનિષ્ટ ન સાંભળ, અને અનિષ્ટ ન જો. સ્વયંને પામર ન બનાવ, કે નહી અફસોસ અને વિલાપ કર. અનિષ્ટ ન બોલ જેથી તારા માટે બોલાયેલ અનિષ્ટ તને સાંભળવું ન પડે, અને બીજાનાં દોષોને મોટા કરી ન બતાવ, કે જેથી તારા પોતાનાં દોષો મોટા નહી દેખાય ; બીજાની પામરતાની અપેક્ષા ન રાખ, કે જેથી તારી પોતાની પામરતા ખુલ્લી ન પડે. તેથી તારા જીવનનાં દિવસો, જે ઝડપથી પસાર થઈ જતી પળ કરતાં પણ ઓછા છે, તેને તારું નિષ્કલંક મન, તારું નિર્મળ હૃદય, તારા વિશુદ્ધ વિચારો અને તારી પવિત્ર વર્તણુંકથી તું જીવી જા, કે જેથી મુક્ત અને સંતુષ્ટ, તું આ નશ્વર દેહનો ત્યાગ કરીને આધ્યાત્મિક લોકમાં પ્રયાણ કરે અને શાશ્વત સામ્રાજ્યમાં સદાકાળ નિવાસ કરે."**[૧૭]

  અને તે આપણને કહે છે :

  **"હે પરદેશમાં વસનારા! મારા સ્મરણ માટે મેં જીભની રચના કરી છે, તેને નિંદા વડે અપવિત્ર ન કર. જો અહંમ્‌ની જ્વાળા તને વશમાં કરી લે તો તારા પોતાનાં દોષો યાદ કર અને મારા લોકોનાં દોષોને નહીં, કારણકે તમારામાંથી દરેક વ્યક્તિ બીજા કરતાં પોતાની જાતને વધારે સારી રીતે ઓળખે છે."**[૧૮]

- એકતા એ માત્ર ઝઘડા અને વિવાદની ગેરહાજરી જ નથી, અને પ્રેમ માત્ર શબ્દોમાં જ વ્યક્ત કરવાનો નથી. જો એકબીજા માટેનો આપણો પ્રેમ સમુદાય પ્રત્યેની સેવામાં રૂપાંતરિત થાય છે, માત્ર ત્યારે જ આપણે દાવો કરી શકીએ છીએ કે આપણી વચ્ચે સાચી એકતા રહેલી છે અને આપણી પ્રવૃતિઓનું સહકાર અને પરસ્પર સહયોગની ભાવનાથી સંચાલન થાય છે. અબ્દુલબહા આપણને આહ્‌વાન કરે છે :

  **"એક પળ માટે પણ આરામ નહી કર, અને એક ક્ષણ માટે પણ રાહતની ઈચ્છા નહી રાખ ; પરંતું હૃદય અને આત્માથી પરિશ્રમ કર કે જેથી તું મિત્રોમાંથી એકની પણ સમર્પિત સેવા કરી શકે અને માત્ર એક તેજસ્વી હૃદયમાં પણ ખુશી અને આનંદ લાવી શકે. આ સાચી કૃપા છે, અને તેનાથી અબ્દુલબહાનું લલાટ ચમકે છે. તું મારો ભાગીદાર બન અને તેમાં સહયોગી બન."**[૧૯]

અને તેઓ કહે છે :

**"માનવજાતની સર્વોચ્ચ જરૂરીયાત સહકાર અને પારસ્પરિકતા છે. મનુષ્યો વચ્ચે ભાઈચારો અને એકતાના બંધનો જેટલા મજબૂત હશે, એટલી માનવીય પ્રવૃતિના બધા ક્ષેત્રોમાં રચનાત્મકતાની અને સિધ્ધિઓની શક્તિ વધારે હશે."**[૨૦]

- સફળ સામુદાયિક કાર્યોની સૌથી મહત્વની ચાવી છે બધી બાબતોમાં નિખાલસ અને પ્રેમાળ પરામર્શ. પરામર્શ દ્વારા, આપણે દરેક જણ અલગ અલગ રીતે સાથે મળીને એક મુદ્દાને જોઈએ છીએ, અને આપણા સામુહિક કાર્યોમાં આપણે કઈ દિશાનું અનુસરણ કરવું જોઈએ તેની આપણે શોધ કરીએ છીએ. પરામર્શ દ્વારા, આપણે વિચારોની એકતા પ્રાપ્ત કરીએ છીએ અને આપણા વિચારો અને દૃષ્ટિકોણની એકતા સાથે, આપણે આપણા સમુદાયોની પ્રગતિ માટે અસરકારક યોજના બનાવીએ છીએ. અબ્દુલબહા તેમના વિશે કહે છે જેઓ પરામર્શ કરે છે :

  **"જેઓ સાથે મળીને પરામર્શ કરે છે તેમના માટેની મુખ્ય જરૂરીયાતો છે, આશયની શુધ્ધતા, ચેતનાની તેજસ્વીતા, ઈશ્વર સિવાય બીજા બધાથી અનાસક્તિ, તેની દિવ્ય સુરભી પ્રત્યે આકર્ષણ, તેના પ્રિય જનો વચ્ચે વિનમ્રતા અને વિનયશીલતા, મુશ્કેલીઓ અને લાંબાગાળાની યાતનામાં ધીરજ તથા તેના પાવન ઊંબરે દાસત્વ. જો ઉદારપણે આ ગુણો પ્રાપ્ત કરવામાં તેમની સહાયતા કરવામાં આવે તો 'બહા' ના અદૃશ્ય સામ્રાજ્યમાંથી તેમના ઉપર વિજયરૂપી વર્ષા થશે."**[૨૧]

- જો વિચારોની એકતાનું કાર્યની એકતામાં રૂપાંતર થતું નથી તો તે અપૂર્ણ છે. એકતામાં કાર્ય કરવાનો એવો અર્થ નથી કે આપણે બધા એક સરખું કાર્ય કરીએ છીએ. તેનાથી વિપરિત, સંગઠિત કાર્યમાં, એક સમુદાયના સભ્યોની વિભિન્ન પ્રતિભાઓનો સંપૂર્ણતામાં ઉપયોગ કરવામાં આવે છે. આપણી શક્તિઓનો ગુણાકાર થાય છે, અને આપણી સંખ્યા નાની હોય છે ત્યારે પણ, આપણે એવી સિધ્ધિઓ હાંસલ કરી શકીએ છીએ જેને આ દુનિયામાં સૌથી વિશાળ અને શક્તિશાળી સંગઠનો હાંસલ કરવા માટે અક્ષમ હોય છે. અબ્દુલબહા કહે છે :

  **"સ્વર્ગીય શક્તિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને જ્યારે પણ, પવિત્ર આત્માઓ ચેતનાના ગુણો સાથે ઊભા થાય છે, અને એકરાગ, શ્રેણીબધ્ધ કુચ કરે છે તો તેમાંથી દરેક આત્મા એક હજાર આત્મા જેટલી તાકતવર બની જાય છે તથા તે શક્તિશાળી મહાસાગરની ઉછાળા મારતી લહેરો સર્વોચ્ચનું સૈન્ય-દળ બની જાય છે."**[૨૨]

ઉપરોક્ત વિચારોનું કાળજીપૂર્વક વાંચન કર્યા પછી અને તમારા જૂથના સહભાગી સાથે મુદ્દાસર વિષયની ચર્ચા કર્યા પછી, તમે અગાઉના ત્રણ વિષયોના સંદર્ભમા કરી ગયા છો તે મુજબ, આ વિષયની પ્રસ્તુતિ કરવાનો મહાવરો કરવામાં તમે એકબીજાની મદદ કરવા ઈચ્છશો. નીચેનો સવાધ્યાય તમારા પ્રયત્નોમાં તમારા માટે ઉપયોગી પુરવાર થશે.

૧. નીચેના વાક્યો પૂરા કરો :

ક. આ 'દિવસ'માં કોઈ બાબત પ્રભુધર્મને એટલી હાની પહોંચાડી શકતી નથી જેટલી ઈશ્વરના પ્રિયજન વચ્ચેનો __________ અને કલહ, વિવાદ, અણમેળ અને ઉદાસિનતા હાનિ પહોંચાડી શકે છે.

ખ. આ 'દિવસ'માં કોઈ બાબત પ્રભુધર્મને એટલી હાની પહોંચાડી શકતી નથી જેટલી ઈશ્વરના

પ્રિયજન વચ્ચેનો ઝઘડો અને _________ વિવાદ, અણમેળ અને ઉદાસિનતા હાનિ પહોંચાડી શકે છે.

ગ. આ'દિવસ'માં _________ પ્રભુધર્મને એટલી હાની પહોંચાડી શકતી નથી જેટલી ઈશ્વરના પ્રિયજન વચ્ચેનો ઝઘડો અને કલહ, વિવાદ, અણમેળ અને ઉદાસિનતા હાનિ પહોંચાડી શકે છે.

ઘ. આ'દિવસ'માં કોઈ બાબત પ્રભુધર્મને એટલી હાની પહોંચાડી શકતી નથી જેટલી ઈશ્વરના પ્રિયજન વચ્ચેનો ઝઘડો અને કલહ, વિવાદ, અણમેળ અને _________ હાનિ પહોંચાડી શકે છે.

ચ. આ'દિવસ'માં કોઈ બાબત પ્રભુધર્મને એટલી હાની પહોંચાડી શકતી નથી જેટલી ઈશ્વરના પ્રિયજન વચ્ચેનો ઝઘડો અને કલહ, વિવાદ_________ અને ઉદાસિનતા હાનિ પહોંચાડી શકે છે.

છ. આ'દિવસ'માં કોઈ બાબત પ્રભુધર્મને એટલી હાની પહોંચાડી શકતી નથી જેટલી ઈશ્વરના પ્રિયજન વચ્ચેનો ઝઘડો અને કલહ, _________, અણમેળ અને ઉદાસિનતા હાનિ પહોંચાડી શકે છે.

જ. આ'દિવસ'માં કોઈ બાબત _________ ને એટલી હાની પહોંચાડી શકતી નથી જેટલી ઈશ્વરના પ્રિયજન વચ્ચેનો ઝઘડો અને કલહ, વિવાદ, અણમેળ અને ઉદાસિનતા હાનિ પહોંચાડી શકે છે.

૨. બીજા અવતરણમાં અબ્દુલબહા આપણને કહે છે કે :

ક. આપણેં સંપૂર્ણ _________ માં રહેવું જોઈએ.

ખ. આપણે _________ સાથે કદી _________ થવું જોઈએ નહી.

ગ. આપણે લોકોને ઈશ્વરને ખાતર પ્રેમ કરવો જોઈએ અને _______________ ને ખાતર નહી.

ઘ. જો આપણે _________ ખાતર લોકોને પ્રેમ કરીશું તો આપણે કદી _________ કે _____________ બનીશું નહી.

ચ. માનવજાત ____________ નથી.

છ. જો આપણે ____________ નજર કરીશું તો આપણે હંમેશા ____________ થઈશું.

જ. જો આપણે ____________ તરફ નજર કરીશું તો, આપણે લોકોને _________ કરીશું અને તેમના પ્રત્યે ____________ બનીશું.

૩. ત્રીજા અવતરણમાં અબ્દુલબહા આપણને કહે છે કે :

ક. આપણે બધાએ આપણા વિચારોને _________ અને ___________ ઉપર કેન્દ્રિત કરવા જોઈએ.

ખ. જયારે યુધ્ધનો વિચાર આવે ત્યારે, આપણે ________________ ________________________________ થી તેનો વિરોધ કરવો જોઈએ.

ગ. ધિક્કારના વિચારનો ______________________ નાશ કરી શકાય છે.

ઘ. યુધ્ધનો વિચાર ____________________________ નો સર્વનાશ કરે છે.

ચ. પ્રેમનો વિચાર _________________________________ નું નિર્માણ કરે છે.

૪. જયારે તમને સમુદાયના બીજા લોકો અને તમારી વચ્ચે ભેદભાવ સર્જાયેલો જોવા મળે ત્યારે તમારે શું કરવું જોઈએ? ________________________________________________

________________________________________________________________

________________________________________________________________

૫. એવા આધ્યાત્મિક શિસ્તનું વર્ણન કરો જે તમારા સમુદાયમાં એકતામાં ફાળો આપવામાં તમારી મદદ કરે: ________________________________________________

________________________________________________________________

________________________________________________________________

૬. નીચેના પૈકી શું એકતામાં ફાળો આપે છે?

— બીજાના દોષોને જોવું

— બીજાના દોષોની અવગણના કરવી

— એક મિત્ર સમક્ષ બીજી વ્યક્તિના દોષોની ટીકા કરવી

— બીજી વ્યક્તિને ખરાબ દેખાડવા માટે એક વાર્તામાં અતિશયોક્તિ કરવી અથવા બદલાવ કરવો

— બીજાના દોષો વિશે વિચાર કરવો

૭. શા માટે કેટલાક લોકો જયારે ભૂલ કરે છે ત્યારે આપણે તેમની ટીકા કરીએ છીએ, જયારે બીજા લોકો બરાબર એવી જ ભૂલ કરે છે ત્યારે તેમની ટીકા કરતા નથી? __________________

________________________________________________________________

________________________________________________________________

૮. શું લોકો એકબીજાની નિંદા કરતા હોય એવી પરિસ્થિતિમાં એકતા લાવવી શક્ય છે? કેમ નહી?

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

૯. કોઈક વિશે જૂઠુ બોલવું સ્પષ્ટ રીતે ખોટું છે. પરંતું, જો કોઈએ ખરેખર ખોટું કર્યું હોય તો, તેના વિશે બીજાની સમક્ષ કટાક્ષમાં સંદર્ભ આપવો યોગ્ય છે ખરૂં? ______________________

________________________________________________________________

૧૦. કુથલી કરવી, નિંદા કરવી અને ટીકા કરવા વચ્ચે શું તફાવત છે? ______________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

૧૧. એક સમુદાય પર કુથલી, નિંદા અને અવિરત ટીકાની શું અસર થાય છે ? ________________

____________________________________________________________________

____________________________________________________________________

૧૨. કેવી રીતે આપણે આપણા જીવનમાંથી આ આદતોને દૂર કરી શકીએ છીએ ? ______________

____________________________________________________________________

____________________________________________________________________

૧૩. જો આપણે જે લોકો હાજર હોય તેમના વિશે જ વાત કરીશું તો શું થશે ? ____________

____________________________________________________________________

____________________________________________________________________

૧૪. જો આપણે બાળકો સમક્ષ નિંદા કરીશું તો, તેમના ઉપર તેની શું અસર પડશે ? ________

____________________________________________________________________

____________________________________________________________________

૧૫. કુથલી કરવાની અને નિંદામાં જોડાવાની વૃત્તિ કયાંથી આવે છે ? ________________

____________________________________________________________________

____________________________________________________________________

૧૬. બહાઉલ્લાહ આપણને પરામર્શ આપે છે કે : જો અહંમ્‌ની જ્વાળા તને વશમાં કરી લે તો _________ _________________________ અને ___________________ નહીં, કારણકે તમારામાંથી દરેક માનવી __________ કરતાં ________________ ને વધારે સારી રીતે ઓળખે છે.

૧૭. પ્રેમ માત્ર શબ્દોમાં જ વ્યક્ત કરી શકાતો નથી. તેના માટે બીજું શું જરૂરી છે ? _________

____________________________________________________________________

૧૮. એકતા અને પ્રેમના સંદર્ભમાં અબ્દુલબહા આપણને આહ્વાન કરે છે: એક પળ માટે પણ __________ નહી કરો, અને એક __________ માટે પણ __________ ની ઈચ્છા નહી રાખ; પરંતું ____________________ સાથે __________ કર કે જેથી તું મિત્રોમાંથી એકની પણ ________________ કરી શકે અને માત્ર એક તેજસ્વી હૃદયમાં પણ ________________ લાવી શકે.

૧૯. અને તેઓ આગળ કહે છે: “માનવજાતની સર્વોચ્ચ જરૂરીયાત ____________ અને ____________ છે. મનુષ્યો વચ્ચે __________ અને __________ ના બંધનો જેટલા મજબૂત હશે, એટલી માનવીય પ્રવૃતિના બધા ક્ષેત્રોમાં __________ ની અને __________ ની શક્તિ વધારે હશે.”

૨૦. સફળ સામુદાયિક કાર્યની સૌથી મહત્વની ચાવી શું છે ? ______________________

____________________________________________________________________

૨૧. જેઓ પરામર્શ કરે છે તેમને અબ્દુલબહા કહે છે: “જેઓ સાથે મળીને પરામર્શ કરે છે તેમના માટેની મુખ્ય જરૂરીયાતો છે, ________________, ______________, ______________, ________________, તેના પ્રિય-જનો વચ્ચે ___________________, મુશ્કેલીઓ અને __________________ તથા તેના પાવન ઊંબરે ______________ જો ઉદારપણે આ ગુણો

પ્રાપ્ત કરવામાં તેમની સહાયતા કરવામાં આવે તો 'બહા' ના અદ્દ્શ્ય સામ્રાજ્ય માંથી તેમના ઉપર ____________________ થશે.''

૨૨. એકતામાં કાર્ય કરવાની શક્તિના સંદર્ભમાં, અબ્દુલબહા આપણને કહે છે :

"_____________ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને જયારે પણ, પવિત્ર આત્માઓ ____________ સાથે ઊભા થાય છે, અને _____________, શ્રેણીબધ્ધ કુચ કરે છે તો તેમાંથી દરેક આત્મા ____________________ બની જાય છે તથા તે શક્તિશાળી મહાસાગરની ઉછાળા મારતી લહેરો ____________ નું ______________ બની જાય છે.''

## વિભાગ ૯

શ્રી અને શ્રીમતી સાંચેઝ સાથેની તેની ચોથી મુલાકાત દરમિયાન એલજાન્ડ્રાને બિટ્રાઈસને મળવાનો આનંદ મળે છે, સાંચેઝ દંપતિની એક પૌત્રી જે નજીકમાં આવેલી એક માધ્યમિક શાળામાં ભણવા જતી હોવાથી, હાલમાં તેમની સાથે રહેવા આવી છે. બિટ્રાઈસ એકતાના વિષય વિશે જાણવા ખૂબ આતુર છે અને ઉત્સાહપૂર્વક ચર્ચામાં ભાગ લે છે. વાર્તાલાપ પૂરો થવા આવે છે ત્યારે, શ્રીમતી સાંચેઝ બધા માટે કોફી અને કેક લાવે છે. તે એલજાન્ડ્રાને બિટ્રાઈસ સાથે થોડો સારો પરિચય મેળવવાની તક આપે છે, અને તેની સાથે બીજા દિવસે ચોક્કસ મહોલ્લામાં સમુદાય નિર્માણના પ્રયત્નો વિશે વાત કરવા માટે મળવાનું આયોજન કરે છે. "તેને કદાચ પાઠયક્રમોની મુખ્ય શ્રેણીના અભ્યાસમાં રસ પડશે,'' એલજાન્ડ્રા તેની જાતે વિચાર કરે છે. "હું લગાતાર શરૂઆતના થોડા પુસ્તકોનો અભ્યાસ કરવામાં તેની મદદ કરી શકું છું. તેના પછી તે કદાચ બાળ વર્ગ શરૂ કરવાની ઈચ્છા રાખી શકે છે અથવા મહોલ્લામાં કિશોર જૂથની સ્થાપના કરવામાં મારી સહાયતા કરી શકે છે. તે કિસ્સામાં, પુસ્તક ૫ નો અભ્યાસ કરે ત્યાં સુંધીમાં ધીરે ધીરે કિશોર જૂથની વધારે જવાબદારી ઉપાડી શકશે, જે તેને એક અનુપ્રેરક તરીકે સેવા કરવા માટે તૈયાર કરશે.'' એલજાન્ડ્રાએ યુવાનો માટે આયોજિત, ચર્ચાના ચોક્કસ વિષયો ઉપર કેન્દ્રિત એવા કેટલાક સંમેલનોમાં ભાગ લીધો છે, જેણેં ઘણાં સહભાગીઓને સંસ્થાન પ્રક્રિયામાં સહભાગી થવા માટે દોરવણી આપી છે. તે નક્કી કરે છે કે, બીજા દિવસે બિટ્રાઈસ સાથેના તેના વાર્તાલાપમાં તે વિચારોના સમાન ક્રમનું અનુસરણ કરશે. આવી રીતે વાર્તાલાપની શરૂ થાય છે :

> આપણે બધા જોવા માંગીએ છીએ કે આ દુનિયા એક બહેતર જગ્યા બને. આપણે એવું એક ભવિષ્ય જોવા ઈચ્છીએ છીએ જયારે વિશ્વ શાંતિની સ્થાપના થાય અને માનવ પરિવાર ભાઈચારામાં રહેતો હોય. એવું ભવિષ્ય માત્ર એક સપનું નથી અને જો આપણા પૈકી વધારે ને વધારે લોકો દુનિયાની પ્રગતિ માટે યોગદાન આપવાનો પ્રયત્ન કરે તો તેનું નિર્માણ કરી શકાય છે. આપણા હૃદયોની ગહેરાઈમાં આપણા પૈકી દરેકની આપણા સમુદાયોની સેવા કરવાની ઈચ્છા રહેલી છે. આપણને જનહિત માટેની સેવાના નિ:સ્વાર્થ કાર્યો કરવાની આપણી ક્ષમતાનો વિકાસ કરવાની જરૂર છે.
>
> આપણે સાથે મળીને ચાલતા હોઈએ એવા સેવાના માર્ગની કલ્પના દ્વારા માનવજાતની આપણી સેવા વિશે વિચાર કરી શકીએ છીએ. આ માર્ગ બધા માટે ખુલ્લો છે. આપણાં પૈકી દરેક વ્યક્તિ તેમાં પ્રવેશ કરવાની પસંદગી કરી શકે છે અને આપણે આપણી પોતાની ગતિ મુજબ તેના પર આગળ પ્રગતિ કરીએ છીએ. આ માર્ગ પર આપણેં એકલા જ ચાલતા નથી; આપણે આપણાં મિત્રોની સાથે સેવા કરીએ છીએ, સાથે મળીને શીખીએ છીએ અને એકબીજાને સંગાથ આપીએ

છીએ. આપણે દરેક પગલું લઈએ છીએ, તે આનંદ અને આત્મવિશ્વાસનું નિર્માણ કરે છે, અને આપણે જે દરેક પ્રયત્ન કરીએ છીએ તે દિવ્ય સંપૂષ્ટિ લાવે છે.

બિટ્રાઈસ જે સાંભળે છે તે, તેને ગમે છે, અને ટૂંકી પ્રસ્તુતિ પછી એક જીવંત વાર્તાલાપ શરૂ થાય છે. આગળ જતા પહેલાં, ચાલો આપણે અહિં થોડી વાર થોભીને બે નવા મિત્રો વચ્ચેની ચર્ચા ઉપર ચિંતન કરીએ. સંસ્થાન પ્રક્રિયામાં સહભાગી થવા માટે બિટ્રાઈસને આમંત્રણ આપવાના હેતુથી એલજાન્ડ્રાએ એક સાહિત્યના વાર્તાલાપમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. શા માટે તેણી માટે બિટ્રાઈસને એટલું જ કહેવું પર્યાપ્ત નથી કે, તાલીમ સંસ્થા દ્વારા પ્રેરિત પાઠયક્રમોની એક શ્રેણી છે અને તેમની સાથે જોડાવા માટે તેને આમંત્રણ છે ?

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## વિભાગ ૧૦

એલજાન્ડ્રા અને બિટ્રાઈસ વચ્ચેનો વાર્તાલાપ લગભગ બે કલાક સુંધી ચાલે છે. નીચે થોડા વધારાના વિચારો આપ્યા છે જેની એલજાન્ડ્રા તેના નવા મિત્ર સાથે આપ-લે કરે છે. નિ:શક, આપણે સમજીએ છીએ કે તે એક લાંબી અવિરત પ્રસ્તુતિ કરતી નથી, બે કલાકમાંથી મોટાભાગના સમયનો આ ફકરાઓ વિશે ચર્ચા કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે :

> આપણે યુવાન છીએ, આપણી પાસે ઉર્જા છે, અને આપણી પાસે વધારે ઉત્સાહ છે. લોકો માને છે કે આપણે બેફિકર છીએ. પરંતું આ તો તેનાથી વિપરિત છે ; આપણે માનવજાતની દુર્દશાથી ચિંતિંત છીએ અને સમાજમાં ખરેખર બદલાવ લાવવામાં આવે તે જોવા માંગીએ છીએ. અને આપણેં આપણું પોતાનું જીવન -શિક્ષણ, કામ, મિત્રો, પરિવાર વિશે પણ વિચાર કરવો જોઈએ. દર વર્ષે જેમ જેમ આપણે મોટા થતા જઈએ છીએ તેમ તેમ, આપણે આપણીજાતને વધારે જવાબદારીઓને ખભે ઉપાડતા જોઈએ છીએ; આપણા માતા-પિતા આપણી પાસેથી વધારે અપેક્ષા રાખે છે. ઘણીવાર, જયારે હું મારી બધી જવાબદારીઓ વિશે વિચાર કરૂં છું ત્યારે, હું અભિભૂત થઈ જાઉં છું. ત્યારે હું બહાઈ લખાણોમાંથી મેં મોઢે કરેલું બહાઉલ્લાહનું એક અવતરણ યાદ કરૂં છું : "માનવ જીવનની એક વસંતઋતુ છે અને તે અદ્‌ભૂત મહિમાથી વિભૂષિત છે. યુવાવસ્થા ઉર્જા અને જોષથી વિશિષ્ટ છે અને તે માનવ જીવનના સૌથી વધારે પસંદગીપૂર્ણ સમય તરીકે અલગ તરી આવે છે."
>
> હું તમારી સાથે વાત કરવા માંગું છું કે આખી દુનિયાના સમુદાયોમાં આપણા જેવા અનેક યુવાનો સમજી રહ્યા છે કે તેમની ઉર્જા એક બેવડો ઉદ્વેશથી દોરવાયેલી હોઈ શકે છે : તેમના પોતાના બૌધિક અને આધ્યાત્મિક વિકાસની જવાબદારી ઉપાડી લેવી અને સમાજના પરિવર્તનમાં યોગદાન આપવું. આપણાં ઉદ્વેશના આ બે ઘટકો આંતરસંબંધિત છે. જેમ જેમ આપણે આપણા પોતાના સામર્થ્યનો વિકાસ કરીએ છીએ તેમ તેમ, આપણે બીજાની બહેતર રીતે સેવા કરી શકીએ છીએ, અને એકબીજાને મદદ કરીને, આપણે એક વ્યક્તિ તરીકે વિકાસ કરીએ છીએ અને આપણે જે ગુણો ધરાવીએ છીએ તેને મજબૂત કરીએ છીએ. અહિં આવે છે સેવાના માર્ગની વિચારધારા જેનો મેં પહેલાં ઉલ્લેખ કર્યો છે. ચાલવું એ કંઈક એવું માત્ર નથી જેનો આપણાં જીવનમાં ઉમેરો કરીએ

છીએ; તે આપણે જે કંઈ કરીએ છીએ તેમાં અર્થ લાવે છે. સમુદાયની સેવા આપણા શિક્ષણના ઉદ્ધેશને બહેતર રીતે સમજવામાં, ભવિષ્ય વિશેના આપણા વિચારોને સ્પષ્ટ કરવામાં, આપણા પરિવારોના કલ્યાણમાં યોગદાન આપવા માટે જરૂરી એવા ગુણોનો વિકાસ કરવામાં આપણને મદદ કરે છે. તે આપણી મિત્રતાને મજબૂત કરે છે. તે તુચ્છ પ્રવૃતિઓ ઉપર આપણી ઉર્જાઓને વેડફવાથી આપણને દૂર રાખે છે.

આપણાં આધ્યાત્મિક અને બૌધિક વિકાસ વિશે વિચાર કરતાં, આપણે એવી તાકતો વિશે જાગૃત થવું જોઈએ જે આપણને પ્રભાવિત કરે છે. તેમાંથી કેટલીક છે, જ્ઞાનની, ન્યાયની, અને પ્રેમની તાકત જે આપણને સાચી દિશામાં આગળ લઈ જાય છે, અને આપણે આપણીજાતને તેની સાથે સુસંગત કરવાનું શીખવું જોઈએ. બીજી, જેમકે ભૌતિકવાદ અને સ્વકેન્દ્રિકરણની તાકતો, તેનાથી વિપરિત કાર્ય કરે છે, અને આપણે તેનો પ્રતિકાર કરવો જોઈએ. આપણે ઉત્કૃષ્ટતા હાંસલ કરવાનો પુરૂષાર્થ કરવો જોઈએ અને વિશ્વાસ રાખવો જોઈએ કે આપણાં પ્રયત્નો દિવ્ય સંપૂષ્ટિથી આશીર્વાદિત થશે.

અને સમાજનું પરિવર્તન -હિંસા, ગરીબી અને યાતનાઓની એક દુનિયાનું શાંતિ, સમૃદ્ધિ, અને સદ્ભાવની એક દુનિયામાં પરિવર્તન કરવામાં આપણું યોગદાન આપવા અંગે વિચાર કરતી વખતે આપણે ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિ બંન્નેનો વિચાર કરવો જોઈએ. જો આપણે આધ્યાત્મિક પ્રગતિ પણ નહી કરીએ તો, બધા લોકો માટે ભૌતિક પ્રગતિ પ્રાપ્ત કરી શકાશે નહી. જો આ બંન્ને હાથમાં હાથ મેળવીને આગળ જશે ત્યારે જ માત્ર આ દુનિયાની પ્રગતિ હાંસલ કરી શકાશે. એક બીજું અવતરણ છે જે મેં મોઢે કર્યું છે: "ભૌતિક સંસ્કૃતિ એ દીવો જેવી છે, જયારે આધ્યાત્મિક સંસ્કૃતિ તે દીવામાં પ્રકાશ છે. જો ભૌતિક અને આધ્યાત્મિક સંસ્કૃતિ એકીકૃત થઈ જાય છે, તો પછી આપણી પાસે દીવો અને પ્રકાશ એકસાથે હશે, અને તેનું પરિણામ સંપૂર્ણ હશે."

જયારે આપણે સેવાના માર્ગે ચાલીએ છીએ ત્યારે, આપણે વ્યક્તિઓના જૂથો, ખાસ કરીને બાળકો અને કિશોરો સાથે કામ કરીએ છીએ, તેમને જ્ઞાન, કૌશલ્યો અને આધ્યાત્મિક ગુણો પ્રાપ્ત કરવા માટે મદદ કરીએ છીએ. આપણે આપણા સમુદાયોની એકતા તરફ ધ્યાન આપવાનું પણ શીખીએ છીએ. જે વ્યક્તિઓ, પરિવારો અને સંગઠનો એક સમુદાયની પ્રગતિમાં યોગદાન આપવાની ઈચ્છા રાખે છે તેમણેં એકબીજાને સહયોગ કરવો જોઈએ. તેમણે એક સમાન દૃષ્ટિ અને ઉદ્ધેશનું નિર્માણ કરવું જોઈએ અને ટકરાવની રીતોનો ત્યાગ કરી દેવો જોઈએ.

તેથી, આ મહત્વનું છે કે યુવાનો તરીકે આપણે બીજા સાથે સુમેળથી વાતચિત કરવાની ટેવ પાડીએ. આપણને મિત્રો બનવાની જરૂર પડશે: આપણે જે કંઈ કરીએ છીએ તેમાં એકબીજાને સંગાથ આપીને, એકબીજાના યોગદાનનો સ્વીકાર કરીને, એકબીજાને પ્રોત્સાહન અને સહયોગ આપીને, એકબીજાની શક્તિઓને જોતાં, એકબીજાને ઉપયોગી સલાહ આપીને અને સલાહ લઈને, અને એકબીજાની ઉપલબ્ધિઓમાં આનંદ માણીને આપણને એકબીજાના મિત્રો બનવાની જરૂર છે. સેવાના માર્ગે ચાલતાં, આપણે સાથે મળીને ક્રિયા કરવી જોઈએ, આપણી ક્રિયા પર ચિંતન કરવું જોઈએ, પરામર્શ અને અભ્યાસ કરવો જોઈએ.

છેલ્લા થોડા દાયકાઓમાં, બહાઈ સમુદાયે વ્યવહારિકપણે દુનિયાના દરેક દેશમાં શીખવાની એક વિશેષ પ્રકારની સંસ્થાની સ્થાપના કરવામાં સફળતા મેળવી છે. તેનું આ સંદર્ભમાં વર્ણન કરી શકાય છે કે, આ સંસ્થાઓ એવા પાઠયક્રમો ચલાવે છે જે સમુદાયની સેવા કરવા માટેના આપણા સામર્થ્યનો વિકાસ કરે છે. આ પાઠયક્રમોનો અભ્યાસ કરીને, આપણે સેવાના માર્ગ પર એકસાથે મળીને આગળ વધવા માટે જરૂરી આધ્યાત્મિક અંત:દૃષ્ટિઓ અને કૌશલ્યો પ્રાપ્ત કરીએ છીએ.

જેમ જેમ આપણે તેના ઉપર આગળ જઈએ છીએ તેમ તેમ, ક્રમસઃ વધતા જતા જટિલ કાર્યો કરવાની આપણી ક્ષમતામાં વધારો થતો જાય છે. તેની સાથે જેઓ આપણા કરતાં વધારે અનુભવી છે તેમનો આપણને સંગાથ મળે છે અને, સમય આવતાં, આપણે ઓછા અનુભવી મિત્રોને સંગાથ આપવા લાગીએ છીએ. શરૂઆતથી જ, આપણેં બધા વ્યક્તિગત અને સામાજિક પરિવર્તના નાયકો છીએ, જેઓ આપણી પોતાની શીખ અને સમાજની સેવાની જવાબદારીનો ઉત્સુકતાથી સ્વીકાર કરે છે.

“એક નાયક બનવું” એટલે વિચારપૂર્વક કાર્ય કરવાની ઈચ્છા રાખવી, આપણા પ્રયત્નોમાં અડગ રહેવું, અને દરેક પગલે જ્ઞાન પ્રાપ્ત કરવું અને તેનો અમલ કરવો. એક નાયક એ લાભોનો એક નિષ્ક્રિય પ્રાપ્તકર્તા માત્ર નથી પરંતું પ્રગતિમાં એક સક્રિય યોગદાન આપનાર હોય છે. એક નાયક બનવા માટે એક વ્યક્તિએ સર્જનાત્મક અને શિસ્તબધ્ધ કદમ ઉઠાવવાનું શીખવું જોઈએ. સંસ્થાન પાઠયક્રમો સમુદાય -નિર્માણની પ્રક્રિયાના નાયકો બનવાની આપણી ક્ષમતામાં વધારો કરવામાં આપણી મદદ કરે છે.

ઉપરોક્ત વિચારો ઉપર ચિંતન કરવા માટે આપણે થોડી ક્ષણ લેવી જોઈએ. આ વિભાગની શરૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મુજબ, એલજાન્ડ્રા સરળ રીતે એક પછી એક વિચારોને માત્ર પ્રસ્તુત કરશે એટલું જ નહી પરંતું સુનિશ્ચિત કરશે કે બિટ્રાઈસને તેના વિશે વિચાર કરવાની પૂરતી તક મળે અને ચર્ચામાં યોગદાન આપે. તમારા જૂથમાં દરેક ફકરાની ચર્ચા કરવાની તમને તક મળે અને તમે પોતે સારી રીતે વિચારોને પ્રસ્તુત કરવાનું શીખી લો પછી તે અંગે વિચાર કરવાની આશા રાખી શકો છો કે- વાર્તાલાપ એક એવા બિંદુએ પહોંચ્યો છે કે નહી, જયારે એલજાન્ડ્રા રૂહિ સંસ્થાના કેટલાક પાઠયક્રમો વિશે થોડા શબ્દોમાં વાત કરવામાં અને બિટ્રાઈસને પુસ્તક ૧ ના અભ્યાસ માટે આમંત્રણ આપવામાં આત્મવિશ્વાસનો અનુભવ કરી શકે. શું તમે નીચે આપેલી ખાલી જગ્યામાં લખી શકો છો કે, જો તમે તેની જગ્યાઓ હોય તો શું વાત કરશો ? તમે કેવી રીતે પુસ્તક ૧ અને ૨ તથા તે જે સેવાના કાર્યો માટે આહ્વવાન કરે છે તેનું વર્ણન કરશો ? આગળના પુસ્તકોમાં આપવામાં આવેલા સેવાના કાર્યોનો ટૂંકો સંદર્ભ - ખાસ કરીને બાળકોની આધ્યાત્મિક કેળવણી માટેના વર્ગોનું આયોજન કરવું અને એક અનુપ્રેરક તરીકે કિશોર જૂથને માર્ગદર્શન આપવું- બિટ્રાઈસને એવી દિર્ઘદૃષ્ટિ મેળવવામાં મદદ કરશે કે ભવિષ્યમાં તે કઈ સેવા કરી શકે છે. બિટ્રાઈસને પુસ્તક ૧ ના અભ્યાસમાં આમંત્રણ આપવા માટે એલજાન્ડ્રા જે પ્રકારના વાક્યોનો ઉમેરો કરશે તેના જેવા, સેવાના આ બે કાર્યો વિશેના થોડા વાક્યો લખવામાં, તમારા જૂથના ટયુટર તમારી સહાયતા કરી શકે છે.

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

## વિભાગ ૧૧

એલજાન્ડ્રા સાંચેઝના ઘરની બીજી મુલાકાત કરે છે ત્યાં સુંધીમાં બે અઠવાડિયા પસાર થઈ જાય છે. આ સમય દરમિયાન, બિટ્રાઈસ એક સઘન અભિયાનમાં સહભાગી થઈ શકી હતી અને તેણેં પુસ્તક ૧ ના બે એકમોનો અભ્યાસ પૂરો કર્યો છે. તે પાંચ મિત્રોના એક જૂથ સાથે હવે ત્રીજા એકમનો અભ્યાસ કરી રહી છે, તે જૂથ એક મહોલ્લામાં અઠવાડિયામાં બે વાર મળે છે. એલજાન્ડ્રા વિચારે છે કે, સાંચેઝ પરિવાર સાથે પ્રાર્થનાના વિષય વિશે વાર્તાલાપ કરવાનો ઉચિત અવસર છે અને બિટ્રાઈસને પૂછે છે કે શું તે તેની મદદ કરવા ઈચ્છે છે. તમે પોતે પણ પુસ્તક ૧ ના બીજા એકમનો અભ્યાસ કર્યો હોવાથી, મુલાકાત દરમિયાન એલજાન્ડ્રા અને બિટ્રાઈસે જે વિષયનો સમાવેશ કર્યો છે તેના વિશે તમારા માટે ટૂંકસાર આપવાની કોઈ જરૂર નથી. એકમનું પુનરાવર્તન કર્યા પછી, આ વિષયની ચર્ચામાં, જેનો તમે પરિચય આપવાનો પ્રયત્ન કરશો તેના મુખ્ય મુદ્દાઓ તૈયાર કરી શકો છો. તમારા વિચારો લખવા માટે નીચે ખાલી જગ્યા આપવામાં આવેલી છે.

## વિભાગ ૧૨

સાંચેઝ પરિવાર સાથેની એલજાન્ડ્રાની મુલાકાતો આવનાર થોડા અઠવાડિયા સુંધી ચાલુ રહે છે, અને તેમને પ્રાર્થનાનું મહત્વ વિશેની તેમની ચર્ચામાંથી સહજ રીતે ઉત્પન્ન થયેલા વિભિન્ન વિષયો -જેમકે આત્માનું જીવન, આધ્યાત્મિક ગુણોનો વિકાસ, ઈશ્વરના નિયમો અને આદેશોનું પાલન અને તેના પ્રેમમાં દૃઢતા વિશે ચર્ચા કરવાનો અવસર પૂરો પાડે છે. એક અવસરે તેઓ વહિવટી વ્યવસ્થાની સંસ્થાઓ, ખાસ કરીને સ્થાનિક અને રાષ્ટ્રિય આધ્યાત્મિક સભાઓ વિશે થોડી ચર્ચા પણ કરે છે. આ અનુગામી મુલાકાતો દરમિયાન સામેલ કરવામાં આવેલા વિષયોની વિષયવસ્તુઓ વિશે આપણને વિચાર કરવાની જરૂર નથી. આમછતાં, એવા બે પ્રશ્નો છે જે વાર્તાલાપોની શ્રેણીમાં ઘણીવાર સહભાગીઓ વચ્ચે ઊભા થાય છે, જેની આપણે કલ્પના કરી રહ્યા છીએ. પહેલા પ્રશ્નનો સબંધ બહાઈ સમુદાય દ્વારા આયોજિત બેઠકોના સ્વરૂપ સાથે છે અને બીજાનો નાણાકીય સંસાધનો સાથે છે. આ વિભાગમાં આપણેં બેઠકો, ખાસ કરીને ઓગણીસ દિવસીય સહભોજ વિશે ચર્ચા કરીશું અને આગળના વિભાગમાં નાણાકીય બાબતો વિશે જોઈશું.

તદ્નુસાર, નીચેના વિચારો સહભોજ સભાના વિષય પરના એક વાર્તાલાપના આધારની રચના કરી શકે છે :

- બહાઈ સમુદાયમાં, વિભિન્ન ઉદ્દેશો -જેમકે પ્રાર્થના કરવા, અભ્યાસ કરવા, ખાસ પ્રસંગોની ઉજવણી કરવા, સમુદાયના કાર્યો અને સમાજની સેવા વિશે પરામર્શ કરવા, કાર્ય કરવા માટેની યોજનાઓની ચર્ચા કરવા -માટે સભાઓનું આયોજન કરવામાં આવે છે. બહાઉલ્લાહ નીચેનું વચન આપે છે :

  **"મારૂં જીવન અને મારા ધર્મની સોગંદ ! દરેક નિવાસસ્થાન જેમાં ઈશ્વરના મિત્રો ભેગા થાય છે, અને તેઓ પ્રભુની સ્તુતિ અને ગુણગાન કરે છે તો તેમાંથી તેમનો નાદ ગુંજી ઉઠશે, સાચા શ્રધ્ધાળુઓ અને બધા આશીર્વાદિત દેવદૂતો તેની આજુબાજુ પરિભ્રમણ કરશે."**[૨૩]

- મિત્રો વચ્ચેની સભામાં ઈશ્વરના શબ્દો સાંભળવા એ હૃદયને આનંદ આપે છે અને એકતાના બંધનોને મજબૂત કરે છે. બહાઉલ્લાહ આપણને પરામર્શ આપે છે :

  **"કોઈપણ ભૂભાગમાં રહેતા મિત્રો માટે, બેઠકોમાં એકસાથે ભેગા થવું, અને તેમાં ડહાપણ અને વાકપટુતાથી વાત કરવી, તથા ઈશ્વરના શ્લોકનું વાંચન કરવું આવશ્યક છે; કારણકે તે ઈશ્વરના શબ્દો છે જે પ્રેમની અગ્નિ પ્રગટાવે છે અને તેને જવાળાનું રૂપ આપે છે."**[૨૪]

  અબ્દુલબહા લખે છે :

  **"બેઠકોનું આયોજન કરો અને સ્વર્ગીય શિક્ષણોનું પઠન અને ગાન કરો, કે જેથી તે રાષ્ટ્ર સત્યના પ્રકાશથી ઝળહળી ઉઠે અને તે ભૂભાગ, પવિત્ર ચેતનાની સંપૂષ્ટિથી, એક આહ્લાદક સ્વર્ગ જેવું બની જાય, કારણકે આ યુગ સર્વમહિમામય પ્રભુની શતાબ્દી છે, અને માનવ જગતના એકત્વનું મધૂર સંગીત પૂર્વ અને પશ્ચિમના લોકોના કાને પહોંચી રહ્યો છે."**[૨૫]

- બધી બહાઈ બેઠકોમાંથી, ઓગણીસ દિવસીય સહભોજ ખાસ ઉલ્લેખને પાત્ર છે. બહાઈ પંચાગમાં ઓગણીસ દિવસનો એક મહિનો એવા ઓગણીસ મહિનાનો સમાવેશ થાય છે, અને દરેક વિસ્તારમાં, સ્વયં બહાઉલ્લાહે આદેશ આપ્યો છે તે મુજબ, બહાઈઓ મહિનામાં એક વાર આ બેઠકમાં એકસાથે ભેગા થાય છે.

  **"ખરેખર, દર મહિને એકવાર, એક સહભોજનું આયોજન કરવાનો તમને આદેશ આપવામાં આવ્યો છે, પછી ભલે તેમાં પાણી જ પીરસવામાં આવે; કારણકે ઈશ્વરનો ઉદ્દેશ દુન્યવી અને સ્વર્ગીય -બંન્ને માધ્યમો દ્વારા હૃદયોને એકતાના સૂત્રમાં બાંધવાનો છે."**[૨૬]

- ઓગણીસ દિવસીય સહભોજના ત્રણ ભાગ હોય છે. પહેલો ભાગ આધ્યાત્મિક હોય છે, જેમાં પ્રાર્થનાઓનું ગાન કરવામાં આવે છે અને પવિત્ર ગ્રંથોમાંથી અવતરણોનું વાંચન કરવામાં આવે છે. બીજો ભાગ વહીવટીય હોય છે જેમાં સમુદાયની કાર્યપ્રવૃતિઓ વિશે પરામર્શ કરવામાં આવે છે. ત્રીજો ભાગ સામાજિક હોય છે.

- આપણે અબ્દુલબહાના નીચેના શબ્દોમાંથી ઓગણીસ દિવસીય સહભોજના આધ્યાત્મિક ભાગનું મહત્વની એક ઝલક પ્રાપ્ત કરીએ છીએ :

**"હે તમે પ્રાચિનત્તમ સૌંદર્યના વફાદાર સેવકો! દરેક યુગચક્ર અને ધર્મકાળમાં, સહભોજને પસંદગી અને આવકાર મળ્યો છે, તથા પ્રભુ પ્રેમીઓ માટે સહભોજનું આયોજન કરવાના કાર્યને એક પ્રશંસનીય કાર્ય ગણવામાં આવ્યું છે. આજે આ અતુલનીય અને બધા યુગોમાં સૌથી ઉદાર એવા યુગમાં, તેનું વિશેષ મહત્વ છે, કારણકે આજે ઈશ્વરની આરાધના અને યશોગાન માટે આયોજિત સભાઓમાં તેની ગણના થાય છે. તેમાં પવિત્ર શ્લોક, સ્વર્ગીય કાવ્યો અને સ્તુતિગાન ગવાય છે, તથા હૃદયો સજીવંત થાય છે અને ખુદ પોતાનું ભાન ભૂલી જાય છે."[૨૭]**

- વહીવટી ભાગ દરમિયાન, મિત્રો નજીક અને દૂરના બહાઈ સમુદાયોની પ્રવૃતિઓના અહેવાલો પ્રાપ્ત કરે છે, તેમના પોતાના સમુદાયની કાર્યપ્રવૃતિઓ અને સમાજના કલ્યાણમાં તેમના યોગદાન વિશે પરામર્શ કરે છે, વિશ્વ ન્યાય મંદિર તરફથી પ્રાપ્ત માર્ગદર્શનથી પરિચિત થાય છે, તેમની યોજનાઓની પ્રગતિ વિશે ચિંતન કરે છે, અને પ્રભુધર્મની સંસ્થાઓને સુચનો અર્પણ કરે છે. ઓગણીસ દિવસીય સહભોજમાં પરામર્શોનું સૌથી વધારે મહત્વ છે, કારણકે, તેના દ્વારા, દરેક વ્યક્તિ વિશ્વવ્યાપી બહાઈ સમુદાયની કાર્યપ્રવૃતિઓમાં સહભાગી બની શકે છે.
- સહભોજના સામાજિક ભાગની વાત કરીએ તો, તે ભાઈચારો અને આતિથ્યસત્કારનો સમય છે. તેમાં સંગીત વગાડી શકાય છે, પ્રેરણાત્મક વક્તવ્યો આપી શકાય છે, અને બાળકો દ્વારા કાર્યક્રમો રજુ કરી શકાય છે. ટૂંકમાં, સહભોજના આ ભાગને સમૃધ્ધ બનાવવા માટે કાળજીપૂર્વક પસંદ કરેલા એવા સાંસ્કૃતિક કાર્યક્રમો પસંદ કરવામાં આવે છે જે તેની શાન વધારતા હોય અને આનંદી હોય.
- ઓગણીસ દિવસીય સહભોજ પ્રભુધર્મની વહીવટી વ્યવસ્થાનું એક નોંધપાત્ર લક્ષણ છે. તે સામુદાયિક જીવનના આધ્યાત્મિક, વહીવટી અને સામાજિક ઘટકોને એકસાથે જોડે છે. આ બધા ઘટકોને સરખું મહત્વ આપવું જોઈએ, કારણકે સહભોજની સફળતા આ ત્રણે ઘટકો વચ્ચેના સંતુલન ઉપર નિર્ભર છે. ઓગષ્ટ ૧૯૮૯ માં લેખિત એક સંદેશમાં, વિશ્વ ન્યાય મંદિર કહે છે :

**"બહાઉલ્લાહની વિશ્વ વ્યવસ્થા પ્રણાલી માનવ સમાજના બધા એકમોને આવરી લે છે; તે જીવનની આધ્યાત્મિક, વહીવટી અને સામાજિક પ્રક્રિયાઓને એકિકૃત કરે છે, તથા માનવીય પ્રવૃતિઓને તેની વૈવિધ્યસભર સ્વરૂપોમાં એક નવી સંસ્કૃતિના નિર્માણ તરફ દોરવણી આપે છે. ઓગણીસ દિવસીય સહભોજ સમાજના મૂળભૂત સ્તરે આ બધા ઘટકોને સમાવી લે છે. ગામ, નગર, શહેરમાં કાર્ય કરતી આ એક એવી સંસ્થા છે જેમાં બહાના લોકો તેના સભ્યો છે. તેનો ઉદ્દેશ એકતામાં અભિવૃદ્ધિ કરવાનો, પ્રગતિ સુનિશ્ચિત કરવાનો અને આનંદમાં વધારો કરવાનો છે."[૨૮]**

- ઓગણીસ દિવસીય સહભોજ જેવા એટલા મહત્વપૂર્ણ પ્રસંગનું ઉતાવળે આયોજન કરી શકાય નહી. પ્રાર્થના અને ચિંતન દ્વારા, દરેક વ્યક્તિએ સહભોજ માટે તેની જાતને આધ્યાત્મિક રીતે તૈયાર કરવી જોઇએ, અને સ્વયં પ્રસંગ દરમિયાન દરેકે હૃદય અને મનથી ભાગ લેવો જોઈએ, પછી તે આધ્યાત્મિક ભાગમાં વાંચન કરતા હોય કે વાંચવામાં આવતા ફકરાઓ માત્ર સાંભળતા હોય; ચાહે અહેવાલ આપતા હોય, માર્ગદર્શન મેળવતા હોય, કે સૂચન આપતા હોય; યજમાન તરીકે સેવા આપતા હોય કે આનંદ અને ઉલ્લાસથી આતિથ્યસત્કારમાંથી હિસ્સો મેળવતા હોય. ઓગણીસ દિવસીય સહભોજને લગતા એજ પત્રમાં,વિશ્વ ન્યાય મંદિર કહે છે :

**“સહભોજની તૈયારીના મહત્વના તત્વોમાં વાંચન સાહિત્ય, કાર્યસોંપણી, અગાઉથી સારા વાચકોની સુયોગ્ય પસંદગી તથા ભક્તિમય કાર્યક્રમની પ્રસ્તુતિ અને આવકાર -બંન્નેમાં શિષ્ટાચારની તૈયારીનો સમાવેશ થાય છે. જે વાતાવરણમાં સહભોજનું આયોજન કરવામાં આવે છે તેનો તેના અનુભવ ઉપર સૌથી વધારે પ્રભાવ પડે છે, પછી તે ઘરની અંદર હોય કે ઘરની બહાર. સ્વચ્છતા, જગ્યાની વ્યવહારિક અને શુશોભિત રીતે કરવામાં આવતી ગોઠવણી - બધું મહત્વની ભૂમિકા ભજવે છે. સમયબધ્ધતા પણ તેની તૈયારીનું એક માપદંડ છે.**

**“મોટે પાયે, સહભોજની સફળતા તૈયારીની ગુણવત્તા અને વ્યક્તિઓની સહભાગીતા ઉપર નિર્ભર છે. પરમ પ્રિય માસ્ટર નીચે મુજબ સલાહ આપે છે: ‘તમે ઓગણીસ દિવસીય સભાઓને ખૂબ મહત્વ આપો, કે જેથી આ પ્રસંગોએ પ્રભુના પ્રિયજનો અને સર્વદયામયની સેવિકાઓ દિવ્ય સામ્રાજય તરફ ઉન્મુખ થઈ શકે, સ્તુતિગાન કરી શકે, પ્રભુની સહાયતા માટે આજીજી કરી શકે, એકબીજાના આનંદથી મોહિત થઈ શકે, તથા શુદ્ધતા અને પવિત્રતામાં અને ઈશ્વરના ડરમાં તથા કામના અને અહંકારનો પ્રતિકાર કરવામાં વિકાસ પામી શકે. આવી રીતે તેઓ તેમની જાતને આ ભૌતિક દુનિયાથી અલગ કરી દેશે, અને ચેતનાના ઉમંગમાં તેમની જાતને ડુબાડી દેશે.”**[૩૧]

હંમેશની જેમ, તમારે ઉપરોક્ત વિચારોનું કેટલીક વાર વાંચન કરવું જોઈએ અને તમારા જૂથમાં તેની ચર્ચા કરવી જોઈએ કે જેથી તમે સરળતાથી તેના વિશે વાત કરવાનું શીખી શકો. નીચેનો સ્વાધ્યાય ઓગણીસ દિવસીય સહભોજનું મહત્વ વિશે વધારે અંત:દૃષ્ટિ પ્રાપ્ત કરવામાં તમારી મદદ કરશે:

૧. દરેક નિવાસસ્થાન જેમાં આપણે પ્રભુની સ્તુતિ અને ગુણગાન કરવા માટે ભેગા થઇશું તો બહાઉલ્લાહની ખાતરી મુજબ તેની શું વિશેષતા હશે ? ____________________________

____________________________________________________________

૨. ઉપરોક્ત બીજા અવતરણમાં, બહાઉલ્લાહ આપણને કહે છે કે, જયારે આપણે બેઠકોમાં ભેગા થઈએ છીએ ત્યારે, આપણે __________ અને __________ થી વાત કરવી જોઇએ, તથા ________________ નું વાંચન કરવું જોઈએ; કારણકે તે ઈશ્વરના શબ્દો છે જે ______________________ અને તેને ______________________

૩. ઉપરોક્ત ત્રીજા અવતરણમાં, અબ્દુલબહા આપણને બેઠકોનું આયોજન કરવાની અને સ્વર્ગીય શિક્ષણોનું પઠન અને ગાન કરવાની સલાહ આપે છે, કે જેથી તે રાષ્ટ્ર જેમાં આપણે નિવાસ કરીએ છીએ તે ________________________________ અને તે ભૂભાગ જેમાં આપણે રહીએ છીએ તે ________________________________________________

૪. બહાઈ પંચાગમાં કેટલા મહિના હોય છે ? ____________________________________

૫. દરેક મહિનામાં કેટલા દિવસ હોય છે ? ______________________________________

૬. દર મહિને એકવાર બહાઈઓ વચ્ચે કઈ વિશેષ સભાનું આયોજન કરવામાં આવે છે ? ______

____________________________________________________________

૭. ઓગણીસ દિવસીય સહભોજના ત્રણ ભાગ કયા કયા છે ? _______________________

____________________________________________________________

૮. શું સહભોજના ભાગોનું કોઇ એક ક્રમમાં આયોજન કરવામાં આવે છે ? ______________

૯. સહભોજના આધ્યાત્મિક ભાગનો ઉદ્દેશ શું છે ? ______________________________

__________________________________________________________________

__________________________________________________________________

૧૦. સહભોજના વહીવટી ભાગનો ઉદ્દેશ શું છે ? ____________________________

__________________________________________________________________

__________________________________________________________________

૧૧. સહભોજના સામાજિક ભાગનો ઉદ્દેશ શું છે ? ______________________________

__________________________________________________________________

__________________________________________________________________

૧૨. નીચેના પૈકી કયા વિષયોની સહભોજના વહીવટી ભાગમાં ચર્ચા કરવી ઉચિત હશે ?

— સામુદાયિક ઉપક્રમોની નાણાકીય જરૂરીયાતો

— રાષ્ટ્રિય ફૂટબોલ ટીમનો સ્કોર

— સમુદાયના બે સભ્યો વચ્ચેના મતભેદનો કેવી રીતે ઉકેલ લાવવો

— સમુદાયમાં બહાઈ બાળ વર્ગોની પ્રગતિ

— અઠવાડિયાની શરૂઆતમાં સમુદાયનો એક સભ્ય પવિત્ર લખાણોમાંથી એક અવતરણનો અભ્યાસ કરી રહ્યો હતો તે અવતરણના અર્થ વિશે

— સમુદાયમાં કિશોર કાર્યક્રમની સઘનતા વિશે

— યુવાનો માટે ઊભી થતી સ્થાનિક નોકરીની તકો વિશે

— એક સમુદાય કિશોર જૂથોને કેવી રીતે મદદ કરી શકે છે જેમની સેવા-પરિયોજનાઓ જટિલ બની ગઇ છે તેના વિશે

— તાલીમ સંસ્થા દ્વારા પ્રેરત શૈક્ષણિક પ્રક્રિયાના બાળકો અને કિશોરોના માતા-પિતાની મુલાકાતો વિશે

— સમુદાયના ભક્તિમય ચરિત્રને મજબૂત કરવા અંગે

— ટેલિવિઝન પર પ્રસારિત કાર્યક્રમોના સમયપત્રક વિશે

— અભ્યાસ વર્તુળમાં આનંદપૂર્ણ અને શિસ્તપૂર્ણ વાતાવરણનું નિર્માણ કરવાના સંદર્ભમાં પ્રાપ્ત કરેલી અંત:દૃષ્ટિઓ વિશે

— આગામી પવિત્ર દિવસની ઉજવણી વિશે

— સમુદાય નિર્માણની પ્રક્રિયામાંથી ઉદ્‌ભવતી સામાજિક ક્રિયાની પહેલ વિશે

૧૩. નીચેના પ્રશ્નની તમારા જૂથમાં ચર્ચા કરો :સહભોજમાં ત્રણ ભાગો વચ્ચે સંતુલન શા માટે ખૂબ મહત્વનું છે ?

૧૪. હવે નીચેના બે પ્રશ્નોની ચર્ચા કરો.

અ. જો તમે સહભોજના યજમાન છો તો, તમે કેવી રીતે તેની તૈયારી કરશો ?

બ. જો તમે સહભોજમાં માત્ર ભાગ લઇ રહ્યા હોય તો, તમે કેવી રીતે તૈયારી કરશો ?

## વિભાગ ૧૩

પ્રભુધર્મ વિશેના વાર્તાલાપમાં ઘણીવાર, કેવી રીતે બહાઈ સમુદાય તેની નાણાકીય જરૂરીયાતો પૂરી કરે છે, તેને લગતો બીજો પ્રશ્ન ઊભો થાય છે. અહિં થોડા મુદ્દા આપવામાં આવ્યા છે જે તેનો પ્રતિભાવ આપવામાં તમારી મદદ કરી શકે છે :

- બહાઈ સમુદાય તેની ભૌતિક જરૂરીયાતોની સંભાળ રાખવા માટે જે સાધનનો ઉપયોગ કરે છે તે બહાઈ કોષ છે. વિભિન્ન સ્તરેઃ સ્થાનિક, રાષ્ટ્રિય, ભૂખંડિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે પ્રભુધર્મની સંસ્થાઓ દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે. બહાઈઓ માને છે કે તેમણેં જાતે જ તેમના ધર્મના પ્રવર્તનના ખર્ચા ઉપાડી લેવા જોઈએ, અને તેથી બહાઈ કોષમાં સમુદાયના સભ્યો પાસેથી જ ફાળો પ્રાપ્ત કરવામાં આવે છે.
- કોષમાં ફાળો આપવો આ એક સ્વેચ્છિક કાર્ય છે. તે ગુપ્ત છે, એટલે કે તે વ્યક્તિ અને પ્રભુધર્મની સંસ્થાઓ વચ્ચેની બાબત છે ; દાતાઓના નામ અને તેમના દ્વારા આપવામાં આવતી રકમની જાહેરાત કરવામાં આવતી નથી. ફાળો આપવા માટે કોઈપણ પ્રકારનું દબાણ કરવામાં આવતું નથી. સંસ્થાઓ સમુદાય સમક્ષ જાહેર અપીલ કરે છે, તેમને કોષનું મહત્વની યાદ અપાવે છે અને તેની જરૂરીયાત વિશે તેમની સાથે ચર્ચા કરે છે. ઘણીવાર એક સમુદાય તેના પોતાના માટે કોષનું લક્ષ્ય નિર્ધારિત કરશે. પરંતું વ્યક્તિઓ માટે કદી રકમ નિર્ધારિત કરવામાં આવતી નથી, અને પૈસા માટે આગ્રહ કરવામાં આવતો નથી. કોષના સિધ્ધાંતોની સમજ અનુસાર કેટલો ફાળો આપવો, તેનો નિર્ણય કરવાનું દરેક શ્રધ્ધાળુ પર છોડી દેવામાં આવે છે.
- આપણે જે સંસ્કૃતિનું નિર્માણ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ તે, આધ્યાત્મિક અને ભૌતિક - બંન્ને રીતે સમૃધ્ધ હશે. જો ચોક્ક્સ શરતોનું પાલન થતું હોય તો જ ધન સ્વીકાર્ય છે. આપણે પ્રમાણિક કાર્ય દ્વારા તેને પ્રાપ્ત કરવું જોઈએ. આપણે માનવજાતની ભલાઇ માટે તેનો ખર્ચ કરવો જોઈએ. અને સમસ્ત સમુદાયનું ઉત્થાન થવું જોઈએ; જુજ લોકો અતિશય ધનવાન હોય જયારે મોટાભાગના લોકો પાયાની જરૂરીયાતોથી વંચિત હોય તે સ્વીકાર્ય નથી. બહાઉલ્લાહ આપણને કહે છે :

  **"માનવીઓમાં ઉત્તમ તેઓ છે જેઓ પોતાની વિશિષ્ટ અભિરૂચિ અનુસાર વ્યવસાય કરીને આજીવિકા કમાય છે, અને સમસ્ત લોકના સ્વામી એવા ઈશ્વરના પ્રેમને ખાતર આ કમાણી પોતાના માટે અને તેમના સ્વજનો માટે ખર્ચે છે."**[૩૦]

  **"તમારે સુંદર અને અદ્‌ભૂત ફળ આપવા જોઇએ, જેનાથી તમને અને બીજા લોકોને લાભ મળી શકે. એટલે તમારા બધા માટે ફરજિયાત છે, કે તમે કોઇ કળા કે વ્યવસાયમાં પ્રવૃત્ત થાઓ, કારણકે આમાં જ સમૃદ્ધિનું રહસ્ય રહેલું છે, હે સમજદાર લોકો !"**[૩૧]

  અને અબ્દુલબહા સમજાવે છે :

  **"ધનસંપતિ સૌથી વધારે પ્રશંસનીય છે, જો આખી જનસંખ્યા સમૃધ્ધ હોય. આમછતાં, જો જુજ લોકો પાસે અમર્યાદ ધનસંપતિ હોય જયારે બાકીના લોકો ગરીબ હોય, અને તે ધનસંપતિમાંથી કોઇ ફળ કે લાભ ઉપજતો નહી હોય તો, તે તેના ધારક માટે એક બોજ માત્ર છે."**[૩૨]

- એક એવા સમાજનું નિર્માણ કરવા માટે જે અન્યાય અને પીડાથી મુક્ત હોય તેના માટે, આપણે બધાએ ઉદાર અને દાનશીલ બનવું જોઈએ. જો આપણા નાણાકીય સંસાધન અપૂરતા હોય

ત્યારે પણ, આપણે માનવજાતની પ્રગતિ માટે કંઇક તો ફાળો આપવો જોઈએ, કારણકે માત્ર આપવાથી જ સાચી સમૃદ્ધિ હાંસલ કરી શકાય છે. ઉદારતા એ મનુષ્ય આત્માનો એક ગુણ છે; તેને આપણી ભૌતિક પરિસ્થિતિઓ સાથે કોઈ લેવાદેવા નથી.

ગૂઢ વચનોમાં, બહાઉલ્લાહ કહે છે :

**"આપવું અને ઉદાર બનવું એ મારાં ગુણો છે; જે મારાં સદ્‌ગુણોથી સ્વયંને શણગારે છે તેનું શુભ થાય છે."**[૩૩]

- આપણે યાદ રાખવું જોઇએ કે આપણી પાસે જે કોઈ ધનસંપતિ છે તેનો સાચો સ્ત્રોત ઈશ્વર છે, તે સર્વઉદાર છે. તે આપણને આપણા અસ્તિત્વના સાધનો પૂરા પાડે છે; તે આપણા માટે પ્રગતિ કરવાનું શક્ય બનાવે છે. અને જયારે આપણે કોષમાં ફાળો આપીએ છીએ ત્યારે, તેણે આપણને જે કંઈ આપ્યું છે તેમાંથી એક હિસ્સો તેના ધર્મ માટે ખર્ચ કરીએ છીએ. તેથી, બહાઈઓ માટે આપવું એ માત્ર ઉદારતાનો એક વિષય જ નથી; પરંતું તે આધ્યાત્મિક કૃપા અને એક મહાન આધ્યાત્મિક જવાબદારી પણ છે.

  ધર્મસંરક્ષક આપણને સલાહ આપે છે :

  **"આપણે ફુવારો અને ઝરણું જેવા બનવું જોઇએ, તે પોતાની પાસે જે બધુ છે તેને અવિરતપણે સ્વયં ખાલી કરતું રહે છે અને અવિરતપણે અદ્રશ્ય સ્ત્રોત દ્વારા પુન:સભર બનતું જાય છે. ગરીબીના ડરથી વિચલિત થયા વિના આપણા સાથી મિત્રોના ભલા માટે સતત આપતા રહેવું તથા સમસ્ત સંપતિ અને આશીષોના સ્ત્રોતના અચૂક આશીર્વાદ ઉપર ભરોસો રાખવો - આ ખરેખર જીવનનું રહસ્ય છે."**[૩૪]

આ શ્રેણીના આગળના પાઠયક્રમમાં અહિ પ્રસ્તુત કેટલાક વિચારો વિશે તમને વધારે ગહનપણે વિચાર કરવાનો અવસર મળશે, જે ભૌતિક સાધનોના વિષયની ચર્ચા કરે છે. હાલમાં, હંમેશની જેમ, ઉપરોક્ત વિષયની મુદ્દાસર ચર્ચા કરવા અને નીચેનો સ્વાધ્યાય પૂરો કરવા માટે, તમને પ્રોત્સાહન આપવામાં આવે છે કે જેથી તમે આ વિચારોની સહજ રીતે અને સરળતાથી રજુઆત કરવાનું શીખી શકો :

૧. અવતરણોને આધારે, નીચેના વાક્યોમાં ખાલી જગ્યા પૂરો.

   ક. બહાઉલ્લાહ આપણને કહે છે કે આપણે પ્રમાણિક કાર્ય દ્વારા __________ કમાવવું જોઈએ અને તેનો ______________________ ખર્ચ કરવો જોઇએ.

   ખ. આપણે __________ અને __________ ફળ આપવા જોઇએ, જેનાથી આપણને અને બીજા લોકોને _____________________

   ગ. આપણા પૈકી દરેકે કોઇક __________ કે __________ માં ____________ થવું જોઈએ, કારણકે તેમાં જ ____________ નું ___________ રહેલું છે.

   ઘ. અબ્દુલબહા સમજાવે છે કે સંપતિ ______________________ છે, જો ____________ સમૃધ્ધ હોય.

ચ. જો ____________ પાસે ____________ ધનસંપતિ હોય જયારે ____________ ____________ ગરીબ હોય, અને તે ____________ માંથી કોઈ ____________ કે ____________ ઉપજતો નહી હોય તો, તે તેના ________ માટે એક બોજ ________ માત્ર છે.

છ. બહાઉલ્લાહ કહે છે કે, __________ અને __________ બનવું એ મારાં ગુણો છે; જે મારાં સદ્ગુણોથી સ્વયંને __________ છે તેનું __________ થાય છે.

જ. અને ધર્મસંરક્ષક આપણને ___________અને ___________ જેવા બનવાનું પ્રોત્સાહન આપે છે જે તેની પાસે જે બધું છે તેને અવિરતપણે _______________ રહે છે અને અવિરતપણે ________________________________________

ઝ. આપણા સાથી __________ ના __________ માટે સતત ___________ તથા સમસ્ત __________ અને __________ ના __________________ ઉપર ભરોસો રાખવો - આ ખરેખર જીવનનું રહસ્ય છે.

૨. ઉપરોક્ત પ્રસ્તુતિમાં જે વિચારોની રજુઆત કરવામાં આવી છે તે વિચારોને ક્રમમાં લખો:

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

____________________________________________________________________

## વિભાગ ૧૪

એવા પ્રકારના વાર્તાલાપ વિશે અંત:દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે જે પ્રવૃતિઓથી ઉભરાઈ રહેલા એક ગામ કે મહોલ્લામાં અનાવૃત થઈ શકે છે, તેના માટે આપણે મહાવિદ્યાલયના એક યુવા વિદ્યાર્થી, એલજાન્ડ્રાના પ્રયત્નોનું અનુસરણ કર્યું છે. કેટલાક અઠવાડિયાઓની અવધિમાં, મુલાકાતોની એક શ્રેણી દરમિયાન, તેણે શ્રી. અને શ્રીમતી. સાંચેઝ સાથે એવા વિષયોની ચર્ચા કરી છે જે, પ્રભુધર્મના તેમના જ્ઞાનને ગહન બનાવશે અને તેમણેં સ્વીકારેલા શિક્ષણો પ્રત્યેની તેમની વચનબધ્ધતાને દૃઢ કરશે. અંતે, સાંચેઝ દંપતિની પૌત્રી, બિટ્રાઈસના આગમનનું દૃષ્ય, આપણને બીજા એક પ્રકારના વાર્તાલાપની, બે યુવાનો વચ્ચેના વાર્તાલાપની જેઓ બંન્ને શીખવા માટે આતુર છે કે કેવી રીતે તેઓ તેમના સમુદાયોની સેવા કરી શકે છે, તેની સમીક્ષા કરવા સક્ષમ બનાવે છે. ફકરાઓના અભ્યાસ દરમિયાન અને સ્વાધ્યાયો પૂરા કરતાં, આપણેં જોઈ ગયા છીએ કે, સબંધિત વિષયોના વધતા જતા જ્ઞાનની સાથે, અહિ આપણેં જે વાર્તાલાપોનો

વિચાર કરી રહ્યા છીએ તેને જાળવી રાખવા માટે ચોક્કસ આધ્યાત્મિક ગુણો, વલણો અને કૌશલ્યો જરૂરી છે.

આ એકમના આ અને આગામી વિભાગમાં આપણે વિભિન્ન પ્રકારના વિષયો - એટલે કે, સામાન્ય રીતે તાલીમ સંસ્થા દ્વારા પ્રેરિત શૈક્ષણિક કાર્યક્રમોમાં ભાગ લઇ રહેલા બાળકો અને યુવાનોના માતા-પિતાની મુલાકાતો દરમિયાન ચર્ચા કરવામાં આવતા વિષયોનું વિશ્લેષણ કરીશું. પહેલાં સંકેત આપવામાં આવ્યો છે તે મુજબ, બાળકોના વર્ગોમાં શીખવવું અને એક અનુપ્રેરક તરીકે એક કિશોર જૂથને માર્ગદર્શન આપવું, આ એવા સેવાના કાર્યો છે જેની અનુગામી પાઠયક્રમોમાં અનુક્રમે પુસ્તક ૩ અને પુસ્તક ૫ માં ચર્ચા કરવામાં આવી છે. પ્રારંભિક વયે તમે પોતે તેમાં ભાગ લીધો છે કે નહી તેને આધારે, આ અનુગામી બે કાર્યક્રમોથી તમે પરિચિત હોઇ શકો છો અથવા પરિચિત નહી હોઈ શકો છો.

સૌથી પહેલાં, ચાલો આપણે એવા વિષયની ચર્ચા કરીએ જે ઘણીવાર કિશોરોના પરિવારો સાથે નિયમિત વાર્તાલાપના આધારની રચના કરે છે. આપણે કલ્પના કરીશું કે આપણેં આપણી વાર્તા છોડી આવ્યા છીએ તેના પછી થોડો સમય પસાર થઈ ગયો છે અને બિટ્રાઈસ હવે પુસ્તક ૨ નો અભ્યાસ કરી રહી છે. એલજાન્ડ્રા તેના મિત્રને પૂછે છે કે, જો તેની ઈચ્છા હોય તો, જયારે તે કેટલાક કિશોરો જેઓ તેની મદદથી એક જૂથની સ્થાપના કરવા જઈ રહ્યા છે તેમના પરિવારોની મુલાકાતે જાય છે ત્યારે તેનો મિત્ર તેની સંગાથે જઈ શકે છે. તે ઉત્સુકતાથી સ્વીકાર કરે છે.

એલજાન્ડ્રા શેની કલ્પના કરી રહી છે તેના વિશે બિટ્રાઈસને સમજાવે છે. તે તેને જણાવે છે, "આપણે માતા-પિતાને તેમના બાળકોએ જે કાર્યક્રમમાં જોડાવાનો રસ દાખવ્યો છે તેનો પરિચય આપીને અને એવો ઉલ્લેખ કરીને કે તે મહોલ્લામાં આગળ વધી રહેલી સમુદાય નિર્માણની પ્રક્રિયાનો એક ભાગ છે, તેની સાથે દરેક મુલાકાતની શરૂઆત કરીશું. તેના પછી આપણે તેમની સાથે આ કાર્યક્રમના કેન્દ્રમાં રહેલા કેટલાક ખ્યાલો અને વિચારોનું વિશ્લેષણ કરીશું. આ મુલાકાતોની એક શ્રેણીની પહેલી મુલાકાત હશે, અને આપણને આશા છે કે, સમયની સાથે, જેમ જેમ આ વાર્તાલાપ આગળ વધશે તેમ તેમ, આ પરિવાર વિભિન્ન રીતે આ જૂથની સક્રિયપણે મદદ કરશે એટલું નહી પરંતું તે સમુદાયમાં કિશોરોના આધ્યાત્મિક સશક્તિકરણના પ્રવર્તક બની જશે."

એલજાન્ડ્રા અને બિટ્રાઈસ કેટલાક વિષયો વિશે ચર્ચા કરે છે જેના વિશે તેઓ દરેક પરિવાર સાથે ચર્ચા કરવાનું આયોજન કરે છે. એવું જાણતાં કે તેઓ પહેલી મુલાકાતમાં માત્ર થોડાક જ વિષયોનો સમાવેશ કરી શકશે અને બાકીના વિષયોની અનુગામી વાર્તાલાપોમાં ચર્ચા કરશે, તેઓ તેમના મતે મહત્વના એવા બધા વિષયોની નોંધ કરવાનો નિર્ણય કરે છે. કિશોરોની શક્તિઓ વિશે તેમણેં તૈયાર કરેલા મુદ્દાઓ અહિં આપવામાં આવ્યા છે :

- એક વ્યક્તિના જીવનમાં, ૧૨ થી ૧૫ વર્ષની વચ્ચેના ત્રણ વર્ષો એક કટોકટીપૂર્ણ સમયગાળો - બાળપણથી પરિપકવતા તરફનો સંક્રાંતિનો તબક્કો હોય છે.
- આ વય જૂથમાં ઘણીવાર આપણેં યુવા લોકોને "કિશોર" તરીકે ઓળખીએ છીએ. તેઓ હવે બાળકો નથી રહ્યા પરંતું તેઓ યુવાનીની પૂર્ણતાએ પણ પહોંચ્યા નથી.
- દુર્ભાગ્યવશ, કિશોરોની આવેગજન્ય, બળવાખોર, પોતાનામાં જ મશગૂલ, સતત કટોકટીથી ભરેલા તરીકે એક ભૂલભરેલી છતાં વ્યાપકપણે પ્રચારિત એવી એક છબી છે. પરંતું, આપણેં તેમને અલગ પ્રકાશમાં જોઈએ છીએ. આ સાચું છે કે, જીવનના આ ટૂંકા સમયગાળા દરમિયાન, આપણે બધા શારીરિક, ભાવનાત્મક, અને માનસિક રીતે ઝડપી પરિવર્તનોનો અનુભવ કરીએ છીએ. અને એ પણ સાચુ છે કે, તેના પરિણામે, આપણેં કદાચ અમુક પ્રમાણમાં

બળવાવૃતિ બતાવી શકીએ છીએ. પરંતું, વાસ્તવમાં, આ મહાન શુષુપ્ત શક્તિઓ અને મહાન વચનની વય છે.

- ખૂબ જ થોડા સમય પહેલાં આપણે પોતે પણ કિશોર હતા અને આ બદલાવોથી આપણેં કેટલા પ્રભાવિત હતા તેને આપણે યાદ કરીએ છીએ. કયારેક આપણે નીડર હતા અને કયારેક ડરપોક હતા. કયારેક આપણે મળતાવડા હતા અને બીજી વખતે ખૂબ શરમાળ હતા. આપણે ઘણીવાર ઈચ્છા વ્યક્ત કરતા હતા કે આપણને એકલા છોડી દેવામાં આવે, તેની સાથે ધ્યાન પ્રાપ્ત કરવાની પણ આશા રાખતા હતા. આપણે સમજવા ઈચ્છતા હતા કે કઈ ચીજોમાં આપણે સારા હતા અને આપણી પાસે કઈ પ્રતિભાઓ અને ક્ષમતાઓ હતી. અને બીજા લોકો આપણને કેવી રીતે જોતા હતા અને તેઓ આપણી વિચારધારાઓ વિશે શું વિચારતા હતા તે ખૂબ મહત્વનું હતું.
- જે સમજવાનું છે તે આ છે કે, આ પ્રકારનું વર્તન હંગામી છે. મનુષ્યના જીવનમાં આ જ વર્ષો છે જે દરમિયાન ચોક્કસ શક્તિઓ અને મગજનો ઝડપી વિકાસ થાય છે. આપણે અસ્તિત્વના મૂળભૂત પ્રશ્નોના જવાબ શોધવા લાગીએ છીએ. આપણી ચારેબાજુ શું થઈ રહ્યું છે તેનું વિશ્લેષણ કરીએ છીએ અને આપણને જે કંઈ શીખવવામાં આવે છે તેના વિશે વધારે પ્રશ્ન કરવા લાગીએ છીએ. અને પુખ્ત વયના લોકો આપણને જે કંઈ કરવાનું કહે છે તેને આપમેળે અનુસરવા માટે આપણે એક વખતે તૈયાર હતા તેવી રીતે હવે, ખાસ કરીને જયારે આપણે તેમના શબ્દો અને કાર્યો વચ્ચે વિરોધાભાષ જોઈએ છીએ ત્યારે આપણને તેનું અનુસરણ કરવાની ઈચ્છા થતી નથી.
- જો યુવાનોને તેમની ઉભરતી શક્તિઓને ફળદાયી રીતે લાગુ કરવામાં સહાયતા કરવી હોય તો, તેમની સાથે બાળકોની જેમ વર્તન કરવાનું ટાળવું જરૂરી છે. અબ્દુલબહા આ સમયગાળાનું કેવી રીતે વર્ણાન કરે છે તે અહિં પ્રસ્તુત છે :

  **"થોડા સમય પછી તે યુવાવસ્થામાં પ્રવેશ કરે છે જેમાં નવી જરૂરીયાતો તેની પહેલાંની પરિસ્થિતીઓ અને આવશ્યકતાઓનું સ્થાન લેવા માંડે છે જે તેના વિકસિત સ્તર માટે યોગ્ય (ઉપયોગી) છે. અવલોકન કરવાની ક્ષમતાઓ બહોળી અને ગહન થતી જાય છે, તેની બૌધિક ક્ષમતાઓ પ્રશિક્ષિત અને જાગ્રત થાય છે, બાલ્યાવસ્થાની મર્યાદાઓ અને પર્યાવરણ હવે તેની શક્તિઓ અને સિધ્ધિઓને નિયંત્રણ (અંકુશ)માં રાખી શકતી નથી."**[૩૫]
- વિશ્વ ન્યાય મંદિર, બહાઈ ધર્મની સંચાલકીય સંસ્થા, કિશોરો સાથે કામ કરવામાં આપણે જે અભિગમ અપનાવીએ છીએ તેના વિશે આ પ્રમાણે કહે છે :

  **"જ્યારે વિશ્વનુ વલણ આ વય-જૂથની છાપ સમસ્યારૂપ, બેકાબુ એવી શારીરીક અને ભાવનાત્મક બદલાવની વેદનામાં ખોવાઈ ગયેલા, કોઈ પ્રતિક્રિયા નહી આપનાર અને પોતાની જાતમાં જ ખોવાઈ ગયેલા તરીકેની ઉભી કરે છે ત્યારે, બહાઈ સમુદાય- જે ભાષાનો તે પ્રયોગ કરે છે અને તે જે રસ્તો અપનાવે છે - તે ચોક્કસપણે વિરૂધ્ધ દિશામાં જઈ રહયો છે, અને તે કિશોરોમાં પરોપકાર વૃત્તિ, ન્યાયની તીવ્ર ભાવના, બ્રહ્માંડ વિશે જાણવાની આતુરતા અને વિશ્વની પ્રગતિમાં પોતાનો ફાળો આપવાની ઈચ્છા જોઈ રહ્યો છે."**[૩૬]

તેના પછી એલજાન્ડ્રા અને બિટ્રાઈસ આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમ તરફ તેમનું ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેના કેટલાક લક્ષણો શોધી કાઢવાનો પ્રયત્ન કરે છે :

- જેઓ ૧૨ થી ૧૫ ની વચ્ચેની ઉંમરના છે તેઓ મિત્રોના એક એવા જૂથ સાથે જોડાવાની તીવ્ર ઈચ્છા રાખે છે જેની સાથે તેઓ તેમના વિચારોની આપ-લે કરી શકે, પરિયોજનાઓ પર કામ કરી શકે, ખેલકુદ રમી શકે, વગેરે. આ કારણથી, એક "કિશોર જૂથ"ની આસપાસ આ કાર્યક્રમની રચના કરવામાં આવી છે. દરેક જૂથ એક "અનુપ્રેરક" દ્વારા માગદર્શિત હોય છે, તે ઘણીવાર તેમનાથી મોટો યુવાન હોય છે જે, સભ્યોના એક સાચા મિત્ર તરીકે, તેમની ક્ષમતાઓનો વિકાસ કરવામાં તેમની સહાયતા કરે છે.
- જૂથો નિયમિત મળે છે. તેમની બેઠકોમાં, કિશોરો ખ્યાલોનું વિશ્લેષણ કરવાનું શીખે છે અને ટીકા કે ઉપહાસના કોઈપણ પ્રકારના ડર વિના વિચારોને પ્રસ્તુત કરે છે. તેમને સાંભળવાનું, બોલવાનું, ચિંતન કરવાનું, વિશ્લેષણ કરવાનું, નિર્ણયો લેવાનું, અને તેના પર કાર્ય કરવાનું પ્રોત્સાહન આપવામાં આવે છે.
- આપણે એવા સમયમાં જીવીએ છીએ જયારે કિશોરો જેવી રીતે વિચારે છે અને વર્તન કરે છે તેના પર અનેક નકારાત્મક શક્તિઓ અસર કરે છે. અનુપ્રેરકો તેમને આ તાકતોનો સામનો કરવામાં -માત્ર સમાજના નૈતિક અધ:પતનથી તેમની જાતનું રક્ષણ કરવા માટે જ નહી પરંતું દુનિયાની પ્રગતિ માટે કામ કરવામાં પણ -મદદ કરે છે.
- આ કાર્યક્રમ માનવ આત્મામાં વિદ્યમાન શક્તિઓનો વિકાસ કરવાનો પ્રયત્ન કરે છે, એવી શક્તિઓ જે પ્રારંભિક કિશોરાવસ્થા દરમિયાન વધારે ને વધારે પ્રમાણમાં પ્રગટ થવા લાગે છે. તેમાંથી ખાસ કરીને વિચાર અને અભિવ્યક્તિની શક્તિ મહત્વપૂર્ણ છે. યુવા લોકોએ વિશ્વને લગતા ગહન વિચારોને અભિવ્યક્ત કરવાની અને તેઓ કેવી રીતે તેમાં બદલાવ જોવાની ઈચ્છા રાખે છે -બંન્ને માટે જરૂરી ભાષાનો વિકાસ કરવો જોઈએ.
- કિશોરો એક ઉદ્દેશપૂર્ણ જીવનના મૂળભૂત ખ્યાલોના અર્થ ઉપર ચિંતન કરવા ઉત્સુક હોય છે. ખુશી, આશા અને ઉત્કૃષ્ટતા તેના થોડા ઉદાહરણ છે. દુ:ખની વાત છે કે લોકો ઉપરછલ્લી રીતે આ વિચારો વિશે વાત કરે છે. આ વિચારોની ગહન સમજ પ્રાપ્ત કરવાથી, દરરોજના જીવનમાં આ વિચારો જેવી રીતે અભિવ્યક્તિ મેળવે છે તેના વિશે સમજવાથી, તે એક સંગીન નૈતિક માળખાનું નિર્માણ કરવામાં અને સમાજની નકારાત્મક તાકતોનો સામનો કરવામાં યુવા માનસની સહાયતા કરી શકે છે.
- ખ્યાલો વિશે સમજવું એ બૌધિક વિકાસ માટે આવશ્યક છે. કિશોરો ઘણીવાર શાળામાં મુશ્કેલીનો સામનો કરી શકે છે કારણકે તેના મૂળભૂત ખ્યાલો સમજવામાં પૂરતી મદદ કર્યા વગર, તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ અલગ અલગ વિષયો વિશેની મોટા પ્રમાણમાં માહિતી શીખે. આ કાર્યક્રમ વિચારધારાઓ -જેમકે નૈતિક, ગાણિતિક, વૈજ્ઞાનિક, વગેરે વિશે ગહન રીતે વિચાર કરવાની પ્રેરણા આપે છે અને આ નિરપવાદરૂપે શાળામાં તેમની કામગીરીમાં સુધારો કરે છે.
- કિશોરો ચીજોની સમજ પ્રાપ્ત કરવાની મહાન ઈચ્છા ધરાવે છે. તેઓ તેમની આસપાસ જે કંઈ થઈ રહ્યું છે તેના કારણો સમજવા માંગે છે. તેમાં સફળ થવા માટે, તેઓ તેમની શારીરિક આંખોથી જ નહી પરંતું ચેતનાની આંખથી પણ જોઈ શકતા હોવા જોઈએ. તેથી, આ કાર્યક્રમનો એક મહત્વનો ઉદ્દેશ આધ્યાત્મિક દૃષ્ટિ : આધ્યાત્મિક શક્તિઓ વિશે સમજવાની અને સામનો કરવામાં આવતી પરિસ્થિતિઓમાં આધ્યાત્મિક સિધ્ધાંતો શોધવાની ક્ષમતાનો વિકાસ કરવાનો છે.

- પાઠયપુસ્તકોની એક શ્રેણીની મદદથી આ કાર્યક્રમ તેના વિભિન્ન ઉદ્દેશો -નૈતિકતા, આધ્યાત્મિક બોધ, અને અભિવ્યક્તિની શક્તિઓનો વિકાસ કરવાના ઉદ્દેશો હાંસલ કરે છે. આ પાઠયપુસ્તકોમાં દુનિયાના અલગ અલગ ભાગોમાં યુવા લોકોના જીવન વિશેની સરળ વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાથે મળીને આ પાઠયપુસ્તકોનો અભ્યાસ કરવો, તેના વિષયોની ચર્ચા કરવી અને જરૂરી સ્વાધ્યાયો પૂરા કરવાની સાથે, કિશોરો ખેલકુદમાં ભાગ લે છે તથા હુન્નર અને હસ્તકલાઓ શીખે છે.
- અનુપ્રેરકોની મદદથી, જૂથો સેવા પરિયોજનાઓની એક શ્રેણીનું આયોજન અને અમલ પણ કરે છે, જે આ કાર્યક્રમનું એક મુખ્ય ઘટક છે. આ પરિયોજનાઓ દ્વારા, કિશોરો સમુદાય અને તેની જરૂરીયાતો વિશે વિચાર કરવાનું, પરામર્શ કરવાનું તથા તેમની વચ્ચે અને સમુદાયમાં બીજા સાથે સહયોગ કરવાનું શીખે છે.
- આ પાઠયપુસ્તકોમાં વિભિન્ન વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે; તેમાંથી દરેક વિષય કિશોરોના આધ્યાત્મિક સશક્તિકરણ માટે આવશ્યક એવી એક વિષયવસ્તુ ઉપર કેન્દ્રિત છે. ઉદાહરણ તરીકે, પહેલું પાઠયપુસ્તક "સંપૂષ્ટિ"ના વિષયની -એટલે કે કુલિન ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે આપણે જે પ્રયત્નો કરીએ છીએ તેમાં ઈશ્વર આપણને સંપૂષ્ટિ આપે છે તેની ચર્ચા કરે છે. બીજું પાઠયપુસ્તક "આશા" - એટલે કે સૌથી કઠીન સમયમાં પણ ભવિષ્ય તરફ કેવી રીતે આપણે આશાની નજરે જોવું જોઈએ, તેના વિશે વાત કરે છે. બીજું એક પાઠયપુસ્તક "ઉત્કૃષ્ટતા"ના ખ્યાલનું વિશ્લેષણ કરે છે. એક વાર્તાનો વિષય "આનંદ" છે, જયારે "શબ્દની શક્તિ" એ બીજા એક પાઠયપુસ્તકમાં ચિંતનનો વિષય છે. ગાણિતિક ખ્યાલોની ચર્ચા કરતા પાઠયપુસ્તકોમાં, એક પાઠયપુસ્તક સુવ્યવસ્થિત મનની આદતોનું વિશ્લેષણ કરે છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં, એક એવું પુસ્તક છે જે પોતાના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યની સંભાળ રાખવા ઉપર કેન્દ્રિત છે. અને એવા ડઝન કે તેનાથી વધારે પુસ્તકો છે જેનો કિશોરો ત્રણ વર્ષ દરમિયાન અભ્યાસ કરે છે.

એલજાન્ડ્રા અને બિટ્રાઈસ થોડા પાઠયપુસ્તકો તેમની સાથે લાઈ જવાનું વિચારે છે, જેથી માતા-પિતા તેના પર નજર કરવા માંગતા હોય તો નજર કરી શકે. જો તમે આ પાઠયપુસ્તકોથી સુપરિચિત નહી હોય તો, શક્ય એટલી વધારે વાર્તાઓ વાંચી જવા માટે થોડો સમય ફાળવવો તમારા માટે ઉપયોગી પુરવાર થઈ શકે છે -આ સમુદાયમાં અનાવરિત થતા વિભિન્ન વાર્તાલાપોનું સારી રીતે અનુસરણ કરવામાં તમને સક્ષમ બનાવશે. ત્યાં સુંધીમાં, તમારા જૂથમાં બીજા સહભાગીઓ સાથે ઉપર પ્રસ્તુત વિચારો વિશે સંપૂર્ણપણે ચર્ચા કરવા માટે તમને પ્રોત્સાહન આપવામાં આવે છે, જેની પુસ્તક ૫ માં વધારે ગહન રીતે ચર્ચા કરવામાં આવી છે. આ પુસ્તકનો અભ્યાસ કર્યા પછી, જો તમે એક કિશોર જૂથના અનુપ્રેરક તરીકે સેવા કરવાનો નિર્ણય કરો છો તો, તમે પધ્ધતિસર રીતે તેના સભ્યોના પરિવારોની મુલાકાત કરી શકશો તથા તેમની સાથે આ અને તેના જેવા બીજા વિષયોની ચર્ચા કરી શકશો. પરંતું હાલમાં પણ, બિટ્રાઈસની જેમ, તમે તમારા સમુદાયમાં કિશારોના પરિવારોની કેટલીક મુલાકાતો દરમિયાન કોઈક અનુભવી વ્યક્તિની સંગાથે જવાની ઈચ્છા રાખી શકો છો.

## વિભાગ ૧૫

બીજા દિવસે, એલજાન્ડ્રા અને બિટ્રાઈસ ત્રણ કિશોરોના ઘરોની મુલાકાતે જાય છે જેઓ મહોલ્લામાં સ્થાપના કરવામાં આવેલા નવા કિશોર જૂથમાં જોડાશે. જે ઉત્સાહથી માતા-પિતા આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમ વિશેના વાર્તાલાપમાં સામેલ થાય છે તે જોઈને બિટ્રાઈસ ખુશ છે. બપોર સુંધીમાં, બિટ્રાઈસ સહમત થઈ જાય છે કે તે કિશોર જૂથ સાથે એલજાન્ડ્રાની મદદ કરવા અને સંભવત: વર્ષના અંત સુંધીમાં, તે પોતે એક નવા જૂથના અનુપ્રેરક તરીકે સેવા કરવાનું શીખવા ઈચ્છે છે. નિ:શક, તે સમજી જાય છે કે આ સમયગાળા દરમિયાન તેણેં તાલીમ સંસ્થાના કેટલાક પુસ્તકોનો અભ્યાસ પૂરો કરવાનો છે. પરંતું હમણાં સુંધીમાં તેણે જે ગતિએ પુસ્તકોના અભ્યાસમાં પ્રગતિ કરી છે એ જ ગતિએ આગળ વધવા માટે તે કટીબધ્ધ છે.

એવી રીતે, એલજાન્ડ્રાની સતત સહાયતા અને પ્રોત્સાહનથી, બિટ્રાઈસ સેવાના માર્ગ પર આગળ વધે છે. થોડા મહિના પછી જયારે તે પુસ્તક ૩ નો અભ્યાસ લગભગ પૂરો કરી રહી છે ત્યાંથી, ચાલો આપણે તેની વાર્તા ફરીથી શરૂ કરીએ. તેના અભ્યાસ વર્તુળના ટયુટરે, બાળ વર્ગના એક શિક્ષક મેરીબેલને બિટ્રાઈસ અને તેના સાથી સહભાગીઓને, વારાફરથી ધોરણ ૧ માટે સ્થાપિત એક નવા વર્ગમાં બાળકોના માતા-પિતાની મુલાકાતો દરમિયાન તેની સંગાથે આવવાનું આમંત્રણ આપવાનું કહ્યું છે. બિટ્રાઈસને લાગે છે કે પુસ્તક ૩ ના અભ્યાસમાંથી તે ઘણું શીખી છે. અને તે એલજાન્ડ્રા પાસેથી જાણે છે, જેણે ઘણીવાર ઉલ્લેખ કર્યો છે કે, તેણે પુસ્તકના અભ્યાસમાંથી જે અંત:દ્દષ્ટિઓ પ્રાપ્ત કરી છે તે એક અનુપ્રેરક તરીકે સેવા કરવાની તેની ક્ષમતામાં વધારો કરશે.

જયારે તેઓ ભેગા થાય છે ત્યારે, મેરીબેલ બિટ્રાઈસને કહે છે કે તેઓ એમ્માની માતાની મુલાકાત લેશે. "તે એક આનંદી નાની છોકરી છે જેને શીખવાનું ગમે છે," મેરીબેલ કહે છે. "મેં પહેલાંથી જ એકવાર તેના માતા-પિતાની મુલાકાત લીધી છે અને તેમને બહાઈ બાળ વર્ગની પ્રકૃતિ વિશે સમજાવ્યું છે. એમ્માને સહભાગી થવાની મંજૂરી આપીને તેઓ ખુશ છે. તેની માતાએ વર્ગ વિશે વધારે સાંભળવાની રૂચિ દર્શાવી છે, અને મેં ફરીથી તેમના ઘરે જવાનું અને આપણેં જે સાહિત્ય શીખવીએ છીએ તેના આધારભૂત વિચારો વિશે થોડી વાત કરવાનું વચન આપ્યું છે. મેં મારા માટે થોડી નોંધ તૈયાર કરી છે. જો તારી ઈચ્છા હોય તો, આપણે સાથે મળીને તે જોઈ શકીએ છીએ અને તેના વિશે વાત કરી શકીએ છીએ." બિટ્રાઈસ સહમત થાય છે. તેમણે જે નોંધની ચર્ચા કરી હતી તે અહિ પ્રસ્તુત છે :

- સૌથી પહેલાં તો, હું શ્રીમતી માર્ટીનેઝને કહીશ કે એમ્માને વર્ગમાં જોઈને હું કેટલી ખુશ છું અને તેના પછી તેના કેટલાક અદ્‌ભૂત ગુણોનો ઉલ્લેખ કરીશ.
- એવું લાગે છે કે બહાઉલ્લાહના લખાણોમાંથી લેવામાં આવેલું નીચેનું અવતરણ તેની સાથે વાંચીને ચર્ચાની શરૂઆત કરવી ઉત્તમ હશે.

  **"મનુષ્યને અમુલ્ય રત્નોથી સમૃધ્ધ એક ખાણ સમાન સમજો. માત્ર કેળવણી જ તેનો ખજાનો પ્રગટ કરવાનું અને તેમાંથી લાભ પ્રાપ્ત કરવા માનવજાતને સમર્થ બનાવવાનું કારણ બની શકે છે."**[૩૭]
- તેના પછી હું તેની સાથે ચર્ચા કરીશ કે, એક શિક્ષક તરીકે આ વિધાને મારા ઉપર કેટલો પ્રભાવ પાડયો છે. હું કહીશ કે, જયારે પણ વર્ગમાં હું બાળકો તરફ નજર કરૂં છું અને તેમનો અમુલ્ય રત્નોથી ભરેલી ખાણ તરીકે વિચાર કરૂં છું ત્યારે મારૂં હૃદય આનંદથી ઉભરાઈ જાય છે. તેમાંથી દરેક પાસે સ્વર્ગીય ગુણો પ્રગટ કરવાની સુષુપ્ત શક્તિ છે. તેમાંથી દરેક પાસે પ્રતિભાઓ છે

જેને શોધી શકાય છે અને તેનો વિકાસ કરી શકાય છે. તેમાંથી દરેક જણ વિકાસ કરી શકે છે જેથી તેઓ સમાજના એક મૂલ્યવાન સભ્ય બની શકે અને દુનિયાની પ્રગતિમાં ફાળો આપી શકે.

- તેના પછી મારે રત્નોના કદાચ થોડા એવા ઉદાહરણો આપવા જોઈએ જેને કેળવણીએ દરેક બાળકમાં પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. હું મગજની કેટલીક શક્તિઓ, ધારો કે, કુદરતના નિયમોની શોધ કરવાની, કલાના સુંદર કાર્યોનું સર્જન કરવાનું, અને કુલિન વિચારોને વ્યક્ત કરવાની -શક્તિઓનો ઉલ્લેખ કરી શકું છું. હું સમજાવીશ કે, જયારે તેઓ ઉચિત કેળવણી પ્રાપ્ત કરે છે ત્યારે, તેઓ આ શક્તિઓનો વિકાસ કરવાની શરૂઆત કરે છે. પરંતું એવું થાય તેના માટે, તેમણેં પ્રારંભિક વયે કેટલાક ગુણો પ્રાપ્ત કરવા જોઈએ. ઉદાહરણ તરીકે, તેમણેં ધ્યાન આપવાનું, આવશ્યક હોય ત્યારે સખત કામ કરવાનું, અને તેઓ જે કામ કરે છે તેના ઉપર ધ્યાન કેન્દ્રત કરવાનું શીખવું જોઈએ. તેમણે એવી વ્યક્તિ તરીકે વિકાસ કરવો જોઈએ જેમને બીજાના કલ્યાણ વિશે ચિંતા છે અને જેઓ સમુદાયની સેવા કરવા માંગે છે. તેથી નાની વયે તેમના ચરિત્રના વિકાસ ઉપર ધ્યાન આપવું મહત્વનું છે.
- તેથી, શ્રીમતી માર્ટિનેઝને, તે તેની પુત્રીને કેવી વ્યક્તિ બનાવવા ઈચ્છે છે તેને લગતા તેમના થોડા વિચારોની આપ-લે કરવાનું કહેવાનો આ સારો અવસર હશે. ચરિત્રના એવા કેટલાક લક્ષણો કયા છે જે તેમના મતે એમ્માામાં હોવું મહત્વનું છે ?
- તે જે ગુણોનો ઉલ્લેખ કરે છે તેમાંથી, નિશ્ચિતપણે કેટલાક, આધ્યાત્મિક ગુણોની શ્રેણીમાં આવશે, જે બીજો વિષય હશે જેનો હું પરિચય આપીશ. હું કહીશ કે, એવા કેટલાક ગુણો છે જે એક વ્યક્તિએ ધારણ કરવા જોઈએ, તે માનવ અસ્તિત્વ માટે પાયાના ગુણો છે. તેની માલિકી મનુષ્યના આત્માની છે. જયારે આપણે આપણા હૃદયના અરિસાને ચકચક્તિ કરીએ છીએ ત્યારે આપણે તેનો વિકાસ કરીએ છીએ, કે જેથી તે ઈશ્વરના ગુણોને પ્રતિબિંબિત કરી શકે. આપણે તેને આધ્યાત્મિક ગુણો તરીકે ઓળખીએ છીએ, અને ધોરણ ૧ ના આપણા વર્ગોમાં આપણે જે પાઠો શીખવીએ છીએ તે મોટેભાગે આ ગુણો ઉપર કેન્દ્રિત છે.
- હું વિચારૂં છું કે હું એવી જ રીતે આગળ વધીશ અને પુસ્તક ૩ માં ધોરણ ૧ ના પાઠોમાં પ્રસ્તુત કેટલાક આધ્યાત્મિક ગુણોનો ઉલ્લેખ કરીશ અને તેને લગતા અવતરણોની આપ-લે કરીશ. હું સમજાવીશ કે એમ્મા આ અવતરણો મોઢે કરશે અને તે તેની પુત્રીને આ અવતરણોની સાથે સાથે તે જે પ્રાર્થનાઓ શીખશે, તેના વિશે તેની સમક્ષ પુનરાવર્તન કરવાનું કહી શકે છે :

- પ્રેમ

  **"હે મિત્ર ! તારી હદય વાટિકામાં પ્રેમના ગુલાબ સિવાય બીજું કંઈ ન રોપ..."**[૩૮]

- ન્યાય

  **"તમે ન્યાયના માર્ગે ચાલો, કારણકે,ખરેખર, આ સીધો માર્ગ છે."**[૩૯]

- સત્યવાદીતા

  **"સત્યવાદિતા બધાજ માનવીય સદગુણોનો પાયો છે."**[૪૦]

- આનંદ

  **"હે માનવ પુત્ર ! તારા હૃદયની પ્રસન્નતામાં આનંદિત થા જેથી તું મારા મિલન અને મારા સૌંદર્યને પ્રતિબિંબિંત કરવા યોગ્ય બની શકે."**[૪૧]

મેરીબેલ અને બિટ્રાઈસ નક્કી કરે છે કે એક મુલાકાત માટે ઉપરના વિચારો પૂરતા હશે. થોડા સમયમાં તમે પોતે પુસ્તક ૩ ના અભ્યાસમાં આગળ વધશો અને તમને એવા કેટલાક સિધ્ધાંતો પર ચિંતન કરવાનો અવસર મળશે કે જે બાળકોની આધ્યાત્મિક કેળવણી માટેના રૂહિ સંસ્થાનના છ વર્ષીય કાર્યક્રમને આકાર આપે છે. તેના પહેલાં, જો બાળ વર્ગના કોઈ એક શિક્ષક સાથે કેટલાક માતા-પિતાની મુલાકાત લેવાનો અવસર ઉભો થશે તો, ઉપર આપેલા વિચારો તમારા માટે ઉપયોગી પુરવાર થશે, અને હમણાં તમારા અભ્યાસ જૂથમાં એક પછી એક મુદ્દા વિશે તેની ચર્ચા કરવી જોઈએ.

## વિભાગ ૧૬

પહેલાં આપણે અબ્દુલબહાના આ શબ્દો વાંચી ગયા છીએઃ "મનુષ્યો વચ્ચે ભાઈચારો અને એકતાના બંધનો જેટલા મજબૂત હશે, એટલી માનવીય પ્રવૃતિના બધા ક્ષેત્રોમાં રચનાત્મકતાની અને સિધ્ધિઓની શક્તિ વધારે હશે." વિશ્વ ન્યાય મંદિર આપણને કહે છે કે, ઘરોની મુલાકાત લઈને અને આપણને આપવામાં આવેલા આમંત્રણનો પ્રતિભાવ આપીને, આપણે "આધ્યાત્મિક સગપણના એવા સબંધોનો વિકાસ કરીએ છીએ જે સમુદાયની ભાવનામાં અભિવૃદ્ધિ કરે છે." તેથી, આપણે આપણા વિકસતા સમુદાયની સંસ્કૃતિ પર આ પ્રથાના પ્રભાવનું ઓછું મહત્વ આંકવું જોઈએ નહી.

પાછલા વિભાગોમાં આપણે વિભિન્ન પ્રકારના એવા કેટલાક વાર્તાલાપોની ચર્ચા કરી છે કે જે, આપણે જયારે બીજાના ઘરોની મુલાકાત લઈએ છીએ ત્યારે ઘટિત થઈ શકે છે. જયારે આપણે સેવાના માર્ગ પર ચાલીએ છીએ ત્યારે, આપણે બધા આપણા વ્યક્તિગત અને સામુહિક જીવનના સંદર્ભમાં બહાઉલ્લાહના શિક્ષણોના અમલીકરણ વિશે આપણા ગામ, નગર કે મહોલ્લામાં વિસ્તરિત થઈ રહેલા વાર્તાલાપમાં ભાગ લઈશું. ઘણીવાર તે વધતી જતી સંખ્યામાં લોકોને આ શિક્ષણો વિશેના તેમના જ્ઞાનમાં દૃઢ કરવા માટે આયોજિત ઔપચારિક મુલાકાતોની એક શ્રેણીમાં અનાવૃત થશે. બીજા અનેક અવસરે, તાલીમ સંસ્થાનો શૈક્ષણિક કાર્યક્રમ, તેના ઉદ્દેશો અને વિષય ચર્ચાનો વિષય હશે. સમુદાય-નિર્માણની પ્રક્રિયામાં ભાગ લેવા માટે વધારે ને વધારે પડોશીઓ અને મિત્રોને આમંત્રણ આપવામાં આવશે. તેથી, જયારે તમે ભવિષ્ય તરફ અને તમારી સમક્ષ જે સેવાનો માર્ગ ખુલ્લો છે તેના તરફ નજર કરો છો ત્યારે, તમારે આ એકમમાં પ્રસ્તુત વિષય શીખવાનો, દરેક વિષયવસ્તુ વિશે વાર્તાલાપ કરવાનો અનુભવ પ્રાપ્ત કરવાનો, અને નિ:શક, બહાઉલ્લાહના શિક્ષણો વિશેના તમારા પોતાના જ્ઞાનને દૃઢ કરવાનો શક્ય એવો દરેક પ્રયત્ન કરવો જોઈએ. આવી રીતે બીજા સાથે ઈશ્વરના શબ્દોની આપ-લે કરવાનો અનંત આનંદ તમારો હશે.

## સંદર્ભસુચિ :


૧. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. ૪
૨. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થનાઓ
૩. બહાઉલ્લાહ,ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૪
૪. બહાઉલ્લાહ,ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૫
૫. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓ
૬. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓ
૭. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓ
૮. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ : અબ્દુલબહાના વક્તવ્યોમાંથી
૯. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થનાઓ
૧૦. બહાઉલ્લાહ,ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૪૫
૧૧. અબ્દુલબહા, વોર્લ્ડ ઓર્ડર ઓફ બહાઉલ્લાહમાં શોઘી એફેન્દી દ્વારા આપેલ સંદર્ભમાંથી
૧૨. બહાઉલ્લાહ,ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૫
૧૩. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ : અબ્દુલબહાના વક્તવ્યોમાંથી
૧૪. અબ્દુલબહા દ્વારા આપવામાં આવેલ ૨૧ ઓકટોબર ૧૯૧૧ ના રોજનું એક વક્તવ્ય, પેરિસ ટોક્સમાંથી
૧૫. બહાઉલ્લાહ,ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૪૬
૧૬. અબ્દુલબહા દ્વારા આપવામાં આવેલ ૫ મે ૧૯૧૨ ના રોજનું એક વક્તવ્ય, પેરિસ ટોક્સમાંથી
૧૭. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી, નં. ૪૪
૧૮. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી, નં. ૬૬
૧૯. અબ્દુલબહા, ટેબ્લેટ્સ ઓફ અબ્દુલબહા
૨૦. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ : અબ્દુલબહાના વક્તવ્યોમાંથી
૨૧. અબ્દુલબહા, સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા
૨૨. અબ્દુલબહા, સિલેકસન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા
૨૩. બહાઉલ્લાહ, બહાઈ મિટિંગ્સમાંથી
૨૪. બહાઉલ્લાહ, બહાઈ મિટિંગ્સમાંથી
૨૫. અબ્દુલબહા, ટબ્લેટ્સ ઓફ અબ્દુબહા અબ્બાસ, વો. ૩ પા.ન. ૬૩૧
૨૬. બહાઉલ્લાહ, કિતાબ એ અકદસ
૨૭. અબ્દુલબહા, સિલેકશન્સ ઓફ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૪૮.૧, પા.નં. ૧૩૦
૨૮. વિશ્વ ન્યાય મંદિર તા. ૧૭ ઓગષ્ટ ૧૯૮૯ના રોજ લિખીત એક સંદેશમાંથી
૨૯. વિશ્વ ન્યાય મંદિર તા. ૧૭ ઓગષ્ટ ૧૯૮૯ના રોજ લિખીત એક સંદેશમાંથી
૩૦. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી, નં. ૮૨
૩૧. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી, નં.૮૦
૩૨. અબ્દુલબહા, સિક્રેટ ઓફ ડિવાઈન સિવિલાઈઝેશન
૩૩. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, નં. ૪૯
૩૪. શોઘી એફેન્દી, બહાઈ ન્યુઝમાંથી
૩૫. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ : અબ્દુલબહાના વક્તવ્યોમાંથી
૩૬. વિશ્વ ન્યાય મંદિરના ૨૧ એપ્રિલ ૨૦૧૦ના એક સંદેશમાંથી
૩૭. બહાઉલ્લાહ, ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૨૨
૩૮. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી, નં. ૩
૩૯. બહાઉલ્લાહ, ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૧૮
૪૦. અબ્દુલબહા, શોઘી એફેન્દી દ્વારા એડવેન્ટ ઓફ ડિવાઈન જસ્ટીસમાં આપેલ સંદર્ભમાંથી
૪૧. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. ૩૬